

પેજ-08
દીકરીને સેક્સ ટોય આપવાની વાત પર ગૌતમી કપૂર ટ્રોલ થઈ

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
અમિત શાહે 9,000 એકરમાં પુનઃવનીકરણ પહેલ લોન્ચ કરી, ટકાઉ વિકાસ પર મૂક્યો ભાર



| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 29.00 | 17.00 |
| વડોદરા | 29.00 | 17.00 |
| સુરત | 31.00 | 19.00 |

પેજ 5



ઈન્ફોસિસના શેરમાં 40%નો ઉછાળો, અમેરિકામાં મચ્યો હડકંપ

21 DECEMBER-2025 SUNDAY

રશિયન સેના યુક્રેનમાં લક્ષ્યાંકો હાંસલ કરશે પુતીન મક્કમ...



પેજ 10

.....સુવિચાર.....
દરેક દિવસે જીત તો નથી થતી, પણ દરેક દિવસે કરેલી મહેનત જીત તરફ જરૂર લઇ જાય છે

વર્ષ-15 । અંક-040 । વિક્રમ સંવત-2082 । પોષ સુદ - 02 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# કોંગ્રેસની ભૂલો સુધારી રહ્યો છું

## કોંગ્રેસે વોટ બેંક માટે ઘૂસણખોરોને છૂટ આપી, અમે તેમને ઓળખી દેશનિકાલ કરી રહ્યા છીએ






(એજન્સી) નવી દિલ્હી | તા.20

PM નરેન્દ્ર મોદીએ શનિવારે ગુવાહાટીમાં કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી હંમેશા આસામ વિરુદ્ધ કામ કરે છે. વોટ બેંકના ફાયદા માટે, તેણે ઘુસણખોરોને છૂટ આપી અને પ્રદેશની વસ્તી વિષયક સ્થિતિ બદલી નાખી. આનાથી આસામની સુરક્ષા અને ઓળખ દાવ પર લાગી ગઈ છે.તેમણે કહ્યું, 'મોદી કોંગ્રેસ પાર્ટીની ભૂલો સુધારી રહ્યા છે. આજે, હિમંતાની સરકાર આસામના સંસાધનોને રાષ્ટ્રવિરોધી તત્વોથી મુક્ત કરવા માટે સખત મહેનત કરી રહી છે. ગેરકાયદેસર ઘુસણખોરોને ઓળખી કાઢવામાં આવી રહ્યા છે અને તેમને બહાર કાઢવામાં આવી રહ્યા છે.'મોદી આસામની બે દિવસીય મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે ગુવાહાટીમાં લોકપ્રિય ગોપીનાથ બોરદોલોઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ દેશનું પ્રથમ પ્રકૃતિ-થીમ આધારિત એરપોર્ટ ટર્મિનલ છે, જે વાંસના બગીચાની થીમ પર આધારિત છે.

### પૂર્વોત્તરમાં અગાઉ હિંસા થતી, હવે ટેકનોલોજી ત્યાં પહોંચી રહી છે

પૂર્વોત્તર એક સમયે હિંસાનો શિકાર હતું, પરંતુ 4G અને 5G દ્વારા ટેકનોલોજી ત્યાં પહોંચી ગઈ છે. મિત્રો, આપણે પૂર્વોત્તરની સંસ્કૃતિ અને ઓળખનું રક્ષણ કરી રહ્યા છીએ. કોંગ્રેસના મૂળ આઝાદી પહેલાના છે. ગુવાહાટીથી જલપાઈગુડી સુધી દોડતી વંદે ભારત એક્સપ્રેસે મુસાફરીનો સમય ઘટાડ્યો છે. કાર્ગો ટ્રાફિકમાં 140 ટકાનો વધારો થયો છે. વારાણસીથી દિબ્રુગઢ સુધી ગંગા વિકાસ માટે ઉત્સાહ છે.

### "આસામ ભારતના પૂર્વીય પ્રવેશદ્વાર તરીકે ઉભરી રહ્યું છે"

ભારત હવે વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા માટે તૈયાર છે. 11 વર્ષમાં આ કેવી રીતે બન્યું? આમાં માળખાગત સુવિધાઓ મોટી ભૂમિકા ભજવે છે. દેશનો દરેક ક્ષેત્ર આ વિશાળ વિકાસ અભિયાનમાં ભાગ લઈ રહ્યો છે. અમે પછાત લોકોને તકો આપી રહ્યા છીએ. આજે, આસામ અને પૂર્વોત્તર અમારા મિશનનું નેતૃત્વ કરી રહ્યા છે. અમે ઉત્તરપૂર્વને પ્રાથમિકતા આપી છે. અમે આસામને ભારતના પૂર્વીય પ્રવેશદ્વાર તરીકે ઉભરતું જોઈ રહ્યા છીએ.

### "નવી ટર્મિનલ ઈમારત કુદરતી ડિઝાઇન ધરાવતી હશે."

PMએ કહ્યું, 'આ નવી ટર્મિનલ ઈમારત ગુવાહાટીની ક્ષમતામાં વધારો કરશે. હવે, સવા કરોડથી વધુ પ્રવાસીઓ મુલાકાત લઈ શકશે. મા કામાખ્યાના દર્શન કરવાનું સરળ બનશે. આ એરપોર્ટ વિકાસ અને વારસાનો અર્થ દર્શાવે છે. ટર્મિનલ હરિયાળીથી ભરેલું છે. ડિઝાઈન પ્રકૃતિમાં મૂળ ધરાવે છે. ટેકનોલોજી હાજર છે. તેના બાંધકામમાં વાંસનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે તેની સુંદરતા અને શક્તિ દર્શાવે છે.'

## જમ્મુમાં ગંભીર અકસ્માત, વિદ્યાર્થીઓ ભરેલી બસ ડિવાઈડર સાથે અથડાતા પલટી, 35ને ઈજા



(એજન્સી) નવી દિલ્હી | તા.20

જમ્મુના રિંગ રોડ સ્થિત બિશનાહ વિસ્તારમાં સ્કૂલ પિકનિકથી પરત ફરી રહેલી એક બસ પલટી જતાં ગંભીર અકસ્માત સર્જાયો છે. આ દુર્ઘટનામાં 25 બાળકો અને 6 શિક્ષકો સહિત કુલ ૩૫ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે.પરગવાલ ઈન્ટરનેશનલ બોર્ડર વિસ્તારની એક ખાનગી શાળાના વિદ્યાર્થીઓ અખનૂર ખાતે પિકનિક મનાવવા ગયા હતા. સાંજના સમયે પરત ફરતી વખતે બિશનાહ રિંગ રોડ પર ચાલકે બસ પરથી કાબૂ ગુમાવ્યો હતો. અનિયંત્રિત બસ રોડ પરના ડિવાઈડર પર ચઢી ગઈ હતી અને રસ્તાની બીજી બાજુ જઈને પલટી ગઈ હતી.રાહત અને બચાવ કામગીરી અકસ્માતની જાણ થતા જ સ્થાનિક લોકો અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. તમામ ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

### શક્તિશાળી દેશોને એસ.જયશંકરનો સંદેશ

## 'દુનિયા બદલાઈ, હવે કોઈની પણ મનમાની નહીં ચાલે'



(એજન્સી) નવી દિલ્હી | તા.20

વિદેશમંત્રી એસ. જયશંકરે પુણેની યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં વૈશ્વિક રાજનીતિ અને બદલાતા આર્થિક સમીકરણો પર મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ કહ્યું છે કે, 'હવે કોઈ પણ દેશ, ગમે તેટલો શક્તિશાળી કેમ ન હોય, તે પોતાની મરજી અન્ય દેશો પર થોપી શકશે નહીં.'

### સત્તા કોઈ એક દેશના હાથમાં મર્યાદિત રહી નથી

વિદેશ મંત્રીએ કહ્યું કે, 'વિશ્વભરનું આર્થિક અને રાજકીય સંતુલન મોટા ફેરફારમાંથી પસાર થઈ રહ્યું છે. હવે શક્તિ અને પ્રભાવના અનેક કેન્દ્રો ઉભરી આવ્યા છે, જેના કારણે સત્તા હવે કોઈ એક દેશના હાથમાં મર્યાદિત રહી નથી. વૈશ્વિક શક્તિઓ હવે સાર્વત્રિક રહી નથી. દેશો વચ્ચે એક સ્વાભાવિક સ્પર્ધા જોવા મળી રહી છે જે પોતાનું સંતુલન જાતે બનાવી રહી છે.

### આઝાદી બાદ ચીને ફાયદો ઉઠાવ્યો

તેમણે વધુમાં કહ્યું કે, 'આઝાદી પછી ઘણા દેશોએ પોતાની કિસ્મત પોતે નક્કી કરી છે. આ સમયગાળામાં ચીને સૌથી વધુ ફાયદો ઉઠાવ્યો છે, જ્યારે ભારતે પણ શાનદાર પ્રગતિ કરી છે. તેની સરખામણીએ, પશ્ચિમી દેશો હવે એક જગ્યાએ થંભી ગયા હોય તેવું અનુભવે છે. પશ્ચિમી દેશોએ વધુ નફો કમાવવા માટે પોતાની ઉત્પાદન કંપનીઓ અન્ય દેશોમાં ખસેડી, જેના કારણે તેમની સ્પર્ધાત્મક ક્ષમતા ઘટી છે.

### 'આધુનિક મેન્યુફેક્ચરિંગ વિકસાવવું જરૂરી'

જયશંકરે કહ્યું કે, 'વૈશ્વિકીકરણ અને આધુનિક ઉત્પાદન શક્તિની વ્યાખ્યા હવે માત્ર સૈન્ય પૂરતી મર્યાદિત નથી, પરંતુ તેમાં વેપાર, ઉર્જા, સંસાધનો, ટેક્નોલોજી અને ટેલેન્ટનો પણ સમાવેશ થાય છે. જો ભારત જેવી મોટી અર્થવ્યવસ્થાએ ટેક્નોલોજી સાથે તાલ મિલાવવો હશે, તો આધુનિક મેન્યુફેક્ચરિંગ વિકસાવવું અનિવાર્ય છે.' તેમણે નવી પેઢીને આહવાન કર્યું હતું કે હવે વિકસિત ભારત બનાવવાની જવાબદારી યુવાઓ પર છે.

એક બચ્ચું ઘાયલ, આસામમાં 5 ડબ્બા પાટા પરથી ખડી પડ્યાં

## રાજધાની એક્સપ્રેસની અડફેટે 7 હાથી કપાયા



(એજન્સી) નવી દિલ્હી | તા.20

આસામના હોજાઈ જિલ્લામાં શનિવારે સવારે હાથીઓનું એક ટોળું સૈરંગ-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસની અડફેટે આવી ગયું. આ અકસ્માતમાં સાત હાથીનાં મોત થયાં અને એક બચ્ચું ઘાયલ થયું. અધિકારીઓએ જણાવ્યું કે અકસ્માતમાં ટ્રેનનું એન્જિન અને પાંચ કોચ પણ પાટા પરથી ઊતરી ગયાં. આ અકસ્માત મોડીરાતે 2:17 વાગ્યે ચાંગજુરાઈ ગામ પાસે થયો હતો. શરૂઆતમાં આઠ હાથીનાં મોત થયાં હોવાના અહેવાલ હતા.

### રેલવેટ્રેક પર વિખરાયેલા હાથીઓના મૃતદેહ

ટ્રેન અકસ્માત પૂર્વોત્તર સીમાંત રેલવેના લુમડિંગ ડિવિઝનમાં થયો હતો. રેસ્ક્યૂ ટ્રેન અધિકારીઓ સાથે ઘટનાસ્થળ તરફ રવાના થઈ ચૂકી છે. સૂત્રો અનુસાર, પાટા પરથી ઊતરી જવા અને પાટા પર હાથીઓના મૃતદેહ મળવાને કારણે ઉપલા આસામ અને પૂર્વોત્તરના અન્ય ભાગો માટે રેલ સેવાઓ હાલ પૂરતી બંધ છે.

### ઇમર્જન્સી બ્રેક લગાવવા છતાં હાથી ટ્રેન સાથે અથડાયા

નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલવે (NFR)ના મુખ્ય જનસંપર્ક અધિકારી કપિંજલ કિશોર શર્માએ જણાવ્યું કે આ દુર્ઘટના ગુવાહાટીથી લગભગ 126 કિલોમીટર દૂર લુમડિંગ ડિવિઝન હેઠળના જમુનામુખ-કાંપુર સેક્શનમાં થઈ હતી. દુર્ઘટના સ્થળ અધિકૃત હાથી કોરિડોર નથી.અધિકારીના જણાવ્યા અનુસાર, હાથીઓનું ટોળું અચા નક ટ્રેન સામે આવી ગયું.

## દિલ્હી એરપોર્ટ પર પાઇલટની ગુંડાગીરી : 7 વર્ષની પુત્રી સામે પાઇલટે પેસેન્જર સાથે મારામારી કરી

(એજન્સી) નવી દિલ્હી | તા.20

દિલ્હી એરપોર્ટના ટર્મિનલ-1 પર શુક્રવારે ઓફ-ડ્યૂટી પાઈલટે એક મુસાફર સાથે મારપીટ કરી. આ ઘટના બાદ મુસાફરે સોશિયલ મીડિયા પર પોતાની સાથે બનેલી ઘટનાની જાણકારી શેર કરી, સાથે જ પાઈલટનાં કપડાં અને પોતાના ઈજાગ્રસ્ત ચહેરાની તસવીર પણ પોસ્ટ કરી.ઘટના સામે આવતાં જ એરલાઈને પાઈલટ કેપ્ટન વીરેન્દ્ર સેજવાલને સસ્પેન્ડ કરી દીધો છે. એરલાઈને એક નિવેદનમાં કહ્યું છે કે પાઈલટ ડ્યૂટી પર નહોતો.

# RSS માટે સત્ય નહીં, શક્તિ જરૂરી

## તેમના પ્રમુખ આ ખુલ્લેઆમ કહી રહ્યા છે, આ જ તેમનામાં અને કોંગ્રેસ વચ્ચેનો તફાવત



રાહુલ ગાંધીએ શુક્રવારે બર્લિનમાં ત્રણ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો

(એજન્સી) નવી દિલ્હી | તા.20

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે બર્લિનમાં કહ્યું કે RSS પ્રમુખ ખુલ્લેઆમ કહી રહ્યા છે કે સત્યનું કોઈ મહત્વ નથી, શક્તિ મહત્વપૂર્ણ છે. આ જ તેમના અને અમારા વચ્ચે તફાવત છે.તેમણે કહ્યું કે આપણી આખી સંસ્કૃતિ સત્ય પર આધારિત છે. તમે કોઈપણ ધર્મને જોઈ લો, મૂળભૂત રીતે તેઓ એમ જ કહે છે કે સત્યનું પાલન કરો. કોંગ્રેસ, મહાત્મા ગાંધી અને આપ સૌ, આપણે ભારતના સત્યનું રક્ષણ કરીએ છીએ. RSS આવું નથી કરતી.રાહુલ ગાંધી 5 દિવસના જર્મની પ્રવાસે છે. આજે તેમણે ઓવરસીઝ ઈન્ડિયન કોંગ્રેસના કાર્યક્રમ કનેક્ટિંગ કલ્ચર્સમાં ભારતીય સમુદાયને સંબોધન કર્યું.આ ઉપરાંત તેમણે જર્મન થિંક-ટેન્કમાં સામેલ નેતાઓ સાથે વાતચીત કરી અને હર્ટી સ્કૂલમાં પણ સ્પીચ આપી. અહીં તેમણે ઝડપથી બદલાતા વૈશ્વિક માહોલ વચ્ચે ભારતની દિશા પર પોતાની વાત રજૂ કરી હતી.

### લોકશાહી માત્ર સરકારની વ્યવસ્થા નથી પણ જવાબદારી છે

હર્ટી સ્કૂલમાં રાહુલ ગાંધીએ કહ્યું કે લોકશાહી માત્ર સરકારની એક વ્યવસ્થા નથી, પરંતુ તે જવાબદારી છે. માળખાકીય અસમાનતાઓને દૂર કરવા માટે મજબૂત વૈશ્વિક સહયોગની જરૂર છે.કનેક્ટિંગ કલ્ચર્સ કાર્યક્રમમાં કહ્યું કે કોંગ્રેસ સત્યની સાથે ઊભી છે. ભારતની સચ્ચાઈનો બચાવ કરે છે. ભારતની સંસ્કૃતિ સત્ય પર આધારિત છે અને આ જ વિવિધ ધર્મોનો પણ મૂળ સંદેશ છે.રાહુલ ગાંધીએ જર્મનીના પૂર્વ ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ સાથે મુલાકાત કરી અને સાથે લંચ કર્યું. ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસ અનુસાર, બંને નેતાઓ વચ્ચે વૈશ્વિક મુદ્દાઓ, વેપાર અને ભારત-જર્મની સંબંધો પર ચર્ચા થઈ.

## જમ્મુ-કાશ્મીરનો રતલે હાઈડ્રો પ્રોજેક્ટ જોખમમાં:29 મજૂરોના ટેરર લિંક મળ્યા

આતંકીના સંબંધીઓ છે; કંપનીએ કહ્યું- હટાવવા મુશ્કેલ પણ નજર રાખીશું

(એજન્સી) નવી દિલ્હી | તા.20

જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં ચિનાબ નદી પર બની રહેલા રતલે હાઈડ્રો પ્રોજેક્ટ પર જોખમ તોળાઈ રહ્યું છે. જમ્મુ-કાશ્મીર પોલીસના જણાવ્યા અનુસાર, પ્રોજેક્ટમાં કામ કરી રહેલા 29 મજૂરોના ટેરર લિંક મળ્યા છે. આ કર્મચારીઓ દેશ વિરોધી અને ક્રિમિનલ એક્ટિવિટીમાં સામેલ હતા.પોલીસે કંપનીને આ કર્મચારીઓને કામ પર રાખવાના નિર્ણય પર ફરીથી વિચાર કરવા જણાવ્યું છે. આવા લોકો પ્રોજેક્ટની સુરક્ષા માટે ગંભીર જોખમ ઉભુ કરી શકે છે. કંપનીએ આવા મજૂરોની હિલચાલ પર કડક નજર રાખવી જોઈએ.

## પ્રિયંકા ગાંધીએ બાંગ્લાદેશમાં હિન્દુ યુવકની હત્યાનો મુદ્દો ઉઠાવ્યો, કહ્યું- ભારત સરકારે નોંધ લેવી જોઇએ

(એજન્સી) નવી દિલ્હી | તા.20

બાંગ્લાદેશમાં 'ઈન્કલાબ મંચ'ના પ્રવક્તા શરીફ ઉસ્માન હાદીના મોત બાદ સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની ગઈ છે. સિંગાપોરમાં સારવાર દરમિયાન હાદીના નિધન બાદ બાંગ્લાદેશમાં ફાટી નીકળેલી હિંસામાં લઘુમતીઓને નિશાન બનાવવામાં આવ્યા છે. મૈમનસિંગ શહેરમાં 25 વર્ષીય હિન્દુ યુવક દીપુ ચંદ્ર દાસની ટોળાએ નિર્મમ હત્યા કરી દેતાં હાહાકાર મચી ગયો છે. આ ઘટના અત્યારે ભારે ચર્ચામાં છે અને પ્રિયંકા ગાંધીએ પણ આ અંગે પોતાની ચિંતા વ્યક્ત કરી છે. એક વર્ષ બાદ બાંગ્લાદેશમાં ફરીથી લઘુમતી સમુદાયોને નિશાન બનાવવામાં આવતા ત્યાં રહેતા હિન્દુ પરિવારોમાં ભારે ડરનો માહોલ છે.



### શું છે સમગ્ર ઘટના?

18 ડિસેમ્બરની રાત્રે મૈમનસિંગ શહેરમાં એક ફેક્ટરીની બહાર ભીડે દીપુ ચંદ્ર દાસ પર ઈશનિંદા(ઈશનિંદા એટલે કોઈ પણ ધર્મ, પવિત્ર ગ્રંથો, દેવી-દેવતાઓ કે પયગંબરનું અપમાન કરીને ધાર્મિક લાગણી દુભાવવાનો આરોપનો) આરોપ લગાવી તેને ઢોર માર માર્યો હતો.

### પ્રિયંકા ગાંધીએ ભારત સરકાર સમક્ષ ઉઠાવ્યો મુદ્દો

આ ઘટના પર ચિંતા વ્યક્ત કરતાં કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરી હતી. તેમણે લખ્યું કે, 'બાંગ્લાદેશમાં હિન્દુ યુવકની બર્બર હત્યાના સમાચાર અત્યંત ચિંતાજનક છે. ભારત સરકારે પડોશી દેશમાં હિન્દુ, ખ્રિસ્તી અને બૌદ્ધ લઘુમતીઓ વિરુદ્ધ વધતી હિંસાની ગંભીર નોંધ લેવી જોઈએ અને બાંગ્લાદેશ સરકાર સમક્ષ તેમની સુરક્ષાનો મુદ્દો મજબૂતીથી ઉઠાવવો જોઈએ.' આ જઘન્ય અપરાધ બાદ બાંગ્લાદેશની વચગાળાની સરકારે 19 ડિસેમ્બર, 2025ના રોજ એક સત્તાવાર નિવેદન બહાર પાડ્યું છે.

## ટ્રેનમાં જનરલ ટિકિટની પ્રિન્ટ રાખવી જરૂરી નથી

### રેલવેએ કહ્યું- મોબાઈલ પર ડિજિટલ ટિકિટ બતાવી શકશો

(એજન્સી) નવી દિલ્હી | તા.20

ટ્રેનમાં મુસાફરી માટે જનરલ ટિકિટની પ્રિન્ટ રાખવી જરૂરી નથી. ભારતીય રેલવેએ જનરલ એટલે કે અનરિઝર્વ્ડ ટિકિટનેલઈનેફેલાયેલીએકગેરસમજને દૂર કરી છે. રેલવેએ કહ્યું કે UTS (અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ) મોબાઈલ એપથી બુક કરાયેલી ટિકિટનું પ્રિન્ટઆઉટ લેવું જરૂરી નથી.મુસાફરો મુસાફરી દરમિયાન પોતાના મોબાઈલ પર એપમાં 'શો ટિકિટ' વિકલ્પનો ઉપયોગ કરીને ટિકિટ ચેકિંગ સ્ટાફ ને બતાવી શકે છે અને આ સંપૂર્ણપણે માન્ય છે.આ સ્પષ્ટતા એક વાયરલ વીડિયો પછી આવી છે, જેમાં TTE એક મુસાફર પાસેથી UTS એપથી બુક કરાયેલી ટિકિટની પ્રિન્ટેડ કોપી માંગતો દેખાઈ રહ્યો હતો.

### આરોપ-ભારત વિરોધી તાકાતોને મળે છે

# રાહુલ ગાંધી વિદેશોમાં ભારતને બદનામ કરી રહ્યા છે - ભાજપ

### રાષ્ટ્રીય હિતો વિરુદ્ધ પ્રવૃત્તિઓમાં સામેલ રહે છે



(એજન્સી) નવી દિલ્હી | તા.20

ભાજપે શનિવારે કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પર વિદેશોમાં ભારતને બદનામ કરવાનો આરોપ લગાવ્યો. ભાજપનો દાવો છે કે રાહુલ ગાંધી વિદેશ પ્રવાસો દરમિયાન ભારત-વિરોધી તાકાતોને મળે છે. સાથે જ રાષ્ટ્રીય હિતો વિરુદ્ધની પ્રવૃત્તિઓમાં સામેલ રહે છે.દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સને સંબોધન કરતા ભાજપ નેતા ગૌરવ ભાટિયાએ કહ્યું કે, રાહુલ ગાંધી અવારનવાર સંસદ સત્ર દરમિયાન વિદેશ યાત્રાઓ પર જતા રહે છે. ઉદાહરણ તરીકે રાહુલના હાલના જર્મની પ્રવાસનો ઉલ્લેખ કર્યો.ભાટિયાએ કહ્યું કે, વિરોધ પક્ષના નેતાની પ્રાથમિક જવાબદારી છે કે જ્યારે સંસદ સત્ર ચાલે ત્યારે તેઓ ગૃહમાં હાજર રહે, પરંતુ રાહુલ વિદેશ ચાલ્યા ગયા.

### રાહુલ ગાંધી અને જ્યોર્જ સોરોસ વચ્ચે સંબંધ

ભાટિયાએ રાહુલ ગાંધી અને રોકાણકાર જ્યોર્જ સોરોસ વચ્ચેના કથિત સંબંધોનો પણ દાવો કર્યો. તેમણે ઓપન સોસાયટી ફાઉન્ડેશન અને સેન્ટ્રલ યુરોપિયન યુનિવર્સિટીનો ઉલ્લેખ કરતા કહ્યું કે આ સંસ્થાઓ ભારત વિરોધી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી છે.ભાટિયાએ કહ્યું કે, રાહુલ ગાંધી અને જ્યોર્જ સોરોસ બે શરીર, એક જીવ સમાન છે અને હવે તેનો વધુ એક પુરાવો સામે આવ્યો છે. આ પહેલીવાર નથી જ્યારે રાહુલ ગાંધી આવી ભારત વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ જોવા મળ્યા હોય.રાહુલ ગાંધી વિદેશ જઈને એવા લોકો સાથે મળે છે અને વાતચીત કરે છે જેઓ ભારતના દુશ્મન છે, જેઓ ભારત વિરોધી છે અને આપણી અખંડિતતા પર હુમલો કરે છે.

## મહારાષ્ટ્રમાં તૂટ્યું મહાવિકાસ અઘાડી ગઠબંધન? એકલા હાથે BMC ચૂંટણી લડશે કોંગ્રેસ

(એજન્સી) નવી દિલ્હી | તા.20

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન(BMC)ની ચૂંટણીને લઈને કોંગ્રેસે મોટી જાહેરાત કરી છે. મહારાષ્ટ્રના કોંગ્રેસના પ્રભારી રમેશ ચેન્નિથલાએ કહ્યું કે, 'પાર્ટી BMCમાં એકલી ચૂંટણી લડશે. સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પાયાના સ્તરે થાય છે અને કોંગ્રેસ જાહેર મુદ્દાઓ પર સંપૂર્ણ તાકાત સાથે ચૂંટણી લડશે. આનાથી મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડી ગઠબંધન તૂટી ગયું છે કે કેમ તે અંગે સવાલો ઉભા થાય છે.'BMC ચૂંટણીને લઈને કોંગ્રેસના પ્રભારી રમેશ ચેન્નિથલાએ કહ્યું કે, 'લોકસભા અને વિધાનસભા ચૂંટણી અમે મહાવિકાસ અઘાડી સાથે મળીને લડ્યા હતા. જોકે, આ સ્થાનિક ચૂંટણી છે એટલે અમે એકલાં લડીશું. આજની બેઠકમાં આગામી BMC ચૂંટણીને લઈને વિસ્તૃત ચર્ચા થશે. એટલાં માટે અમે તમામ 227 બેઠક પર વિસ્તારથી વિચાર-વિમર્શ કર્યો છે. હવે અમારી સ્ક્રિનિંગ કમિટી તૈયાર કરાશે, જેના દ્વારા ઉમેદવારોની પસંદગી કરાશે.'મુંબઈ કોંગ્રેસના પ્રમુખ વર્ષા ગાયકવાડે જણાવ્યું હતું કે, 'તેમની પાર્ટી આગામી મહિને યોજાનારી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC)ની ચૂંટણી સ્થાનિક મુદ્દાઓ પર લડશે.

## 'સરકારે મનરેગા પર બુલડોઝર ફેરવ્યું, અમે લડીશું', જી રામ જી બિલ મુદ્દે સોનિયા ગાંધીના પ્રહાર



(એજન્સી) નવી દિલ્હી | તા.20

કેન્દ્ર સરકારે દેશની સૌથી મોટી ગ્રામીણ રોજગાર યોજના MNREGAનું નામ બદલીને 'વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર ઍન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) 2025' એટલે કે 'VB-G RAM G' કરી નાખતા વિપક્ષને વાંધો પડ્યો છે. કોંગ્રેસે કહ્યું છે કે, આ માત્ર નામ બદલવાનો મામલો નથી, પરંતુ કામનો હક્ક આપતી રોજગાર ગેરંટી યોજનાની આયોજનપૂર્વક હત્યા કરવામાં આવી રહી છે.

### મનરેગાથી ગરીબોનું પલાયન અટક્યું હતું

સોનિયા ગાંધીએ વીડિયો સંદેશમાં કહ્યું છે કે, 'મને આજે પણ યાદ છે કે, 20 વર્ષ પહેલા ડૉ. મનમોહન સિંહજી વડાપ્રધાન હતા, ત્યારે સંસદમાં સર્વસંમત્તિથી મનરેગા બિલ પાસ કરવામાં આવ્યું હતું. આ એક ક્રાંતિકારી પગલું હતું અને આ યોજનાથી કરોડો ગ્રામીણોને ફાયદો મળ્યો. વંચિત, શોષિત, ગરીબ અને અતિગરીબ લોકો યોજના હેઠળ રોજી-રોટી મેળવતા હતા.

### મનરેગા દેશ અને જાહેર હિત યોજના

તેમણે વધુમાં કહ્યું કે, 'હવે સ્થાનિક જરૂરિયાતોને સમજ્યા વગર દૂર બેઠેલી કેન્દ્ર સરકાર નક્કી કરશે કે, યોજના હેઠળ કોને, કેટલો, ક્યાં, કેવી રીતે રોજગાર મળશે. મનરેગા યોજના લાવવામાં આને તેને લાગુ કરવામાં કોંગ્રેસનું મોટું યાગદાન છે. આ યોજના ક્યારે પાર્ટી સાથે જોડાયેલ મામલો નથી. આ યોજના દેશ અને જાહેર હિત સાથે જોડાયેલી યોજના છે.

## પુત્રીએ ભોજનમાં ઊંઘની ગોળી નાખી, પ્રેમીએ મિત્ર સાથે મળી છરીના ત્રણ ઘા મારી પતાવી દીધા...

# વડોદરામાં સગીર દીકરીએ પ્રેમી સાથે મળી પિતાની હત્યા કરી નાખી

(એજન્સી) વડોદરા | તા.20

વડોદરા જિલ્લામાં થોડા સમય પહેલા બહેને પ્રેમી સાથે મળી બહેનની હત્યા નિપજાવવાના બનાવ બાદ હવે પુત્રી દ્વારા પ્રેમી સાથે મળી પિતાની હત્યા નિપજાવવાનો ચકચારી બનાવ સામે આવ્યો છે. પાદરા તાલુકામાં રહેતા એક યુવકની તેના જ ઘરમાં છરીના ઘા મારી હત્યા નિપજાવવામાં આવી હતી.

જેની તપાસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. આ હત્યા મૃતકની સગીરવયની દીકરીએ તેના પ્રેમી અને પ્રેમીના મિત્ર સાથે મળી કરી હોવાની સનસનીખેજ વિગતો સામે આવી છે.

બનાવના દિવસે પુત્રીએ પિતાને જે ભોજન આપ્યું હતું તેમાં ઊંઘની ગોળી નાખી દીધી હતી. ત્યારબાદ દીકરીના પ્રેમી અને તેના મિત્રએ રાત્રિના સમયે છરીના ત્રણ ઘા મારી હત્યા નિપજાવી હતી. પોલીસે હાલ સગીરા, તેના પ્રેમી સહિત ત્રણેયની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં રહેતા એક વ્યકિતની તેના જ ઘર પાસેથી બે દિવસ પહેલા લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવી હતી. જેનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. આ હત્યામાં મૃતક યુવકની સગીર વયની દીકરી, તેનો પ્રેમી રણજીત વાઘેલા અને પ્રેમીનો મિત્ર ભવ્ય મહેશ વસાવા હોવાનું ખૂલ્યું છે.

ફિલ્મી સ્ટોરીને ટક્કર મારે એવા આ બનાવમાં સગીર વયની દીકરીનો પ્રેમસંબંધ કારણભૂત હોવાનું સામે આવ્યું છે. પ્રેમસંબંધમાં આડે આવતા પિતાનો કાયમ માટે કાંટો કાઢી નાખવા માટે દીકરીએ પ્રેમી



સાથે મળી હત્યાનો અંજામ આપ્યો હતો. સગીર પુત્રીએ પોતાના પિતાના ભોજનમાં ઊંઘની ગોળી નાખી દીધી હતી અને ત્યારબાદ રાત્રિના અઢી વાગ્યાના અરસામાં પ્રેમી રણજીત વાઘેલા અને તેના મિત્ર ભવ્યએ છરીના ત્રણ ઘા મારી હત્યા નિપજાવી ફરાર થઈ ગયા હતા.

દીકરીએ પોતાના માતા પિતાને અગાઉ પાણીમાં અને બાદમાં ભોજનમાં ઊંઘની ગોળીઓ આપી હતી પરંતુ તેઓને સફળતા મળી ન હતી. અંતે બનાવના દિવસે ત્રીજી વાર ભોજનમાં ગોળીઓ ભેળવી ઉંઘમાં પિતાની હત્યા કરાવી હતી.

દીકરીના પ્રેમપ્રકરણને લઈ પિતા નારાજ હતા. તેઓ પોતાની પત્ની અને દીકરીને ઓરડીમાં બંધ કરીને બહારથી તાળું મારીને ચાવી પાસે રાખતા હતા. આ હત્યાના સમયમાં આ દીકરી બારીમાંથી જોતી હતી કે, આ કામ પૂર્ણ થયું છે કે કેમ. પ્લાનિંગ આખું સગીર વયની દીકરી અને તેના પ્રેમી રણજીતનું હતું અને તે હત્યા કરી પ્રેમી સાથે ભાગી જવાની હતી.

મૃતકે ભૂતકાળમાં આરોપી પ્રેમી સામે ફરિયાદ નોંધાવી હતી

પોલીસનું માનીએ તો, સગીરાને ભૂતકાળમાં રણજીત વાઘેલા ભગાડી ગયો હતો. જે બાબતે પિતા (મૃતકે) ફરિયાદ નોંધાવતા રણજીતની પોક્સો એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. જે ગુનામાં જામીન પર બહાર આવતા જ ફરી સગીરા પ્રેમિકા સાથે મળી પિતાની હત્યા કરી ભાગી જવાનો પ્લાન ઘડ્યો હતો. આ ઊંઘની ગોળીઓ અને હથિયાર ક્યાંથી લાવ્યા તે અંગે પૂછપરછ ચાલી રહી છે.

## વાપી GIDCમાં પ્રતિબંધિત સામગ્રી ઝડપાઈ

# ગોગો સ્મોકિંગ કોન-રોલિંગ પેપર સાથે એક ઝડપાયો...

વલસાડ | વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચ (LCB) એ વાપી જી.આઈ.ડી.સી. વિસ્તારમાં કાર્યવાહી કરીને પ્રતિબંધિત ગોગો સ્મોકિંગ કોન અને રોલિંગ પેપરનો મોટો જથ્થો જપ્ત કર્યો છે. એક દુકાનમાંથી કુલ 17,088નંગ પ્રતિબંધિત સામગ્રી મળી આવી હતી, જેની અંદાજિત કિંમત રૂ. 2,05,310/- છે. આ કેસમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.



ગુજરાત સરકારના જાહેરનામા મુજબ, રાજ્યભરમાં પાન પાર્લર, ચાની દુકાનો અને કરિયાણાની દુકાનોમાં રોલિંગ પેપર, ગોગો સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલ જેવી વસ્તુઓનો સંગ્રહ, વેચાણ અને વિતરણ પ્રતિબંધિત છે. આ વસ્તુઓમાં રહેલા ઝેરી રસાયણો માનવ સ્વાસ્થ્ય માટે હાનિકારક હોવાથી આ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના હેઠળ, LCB દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ચેકિંગ દરમિયાન વાપી GIDCમાં આવેલી ટી.એન.એસ. સોલ્યુશન નામની દુકાનમાંથી આ પ્રતિબંધિત જથ્થો મળી આવ્યો હતો. પોલીસે આરોપી નેહલ વિજય કનૈયાલાલ શર્મા (ઉંમર 30)ની ધરપકડ કરી છે. તેના વિરુદ્ધ વાપી GIDC પોલીસ સ્ટેશનમાં BNSની કલમ 223 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

## ભરૂચમાં 2.8ની તીવ્રતાનો ભુકંપનો આંચકો આવ્યો

ભરૂચ | ભરૂચ જિલ્લાના જંબુસર નજીક આજે વહેલી સવારે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. સવારે 4.56 કલાકે નોંધાયેલા આ આંચકાની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 2.8 માપવામાં આવી હતી. જોકે, ઓછી તીવ્રતાને કારણે કોઈ જાનમાલના નુકસાનના અહેવાલ નથી. સિસ્મોલોજીકલ વિભાગ દ્વારા જારી કરાયેલી માહિતી મુજબ, ભૂકંપનું કેન્દ્રબિંદુ ભરૂચથી આશરે 45 કિલોમીટર દૂર જંબુસર નજીક નોંધાયું હતું. આ આંચકા અનુભવાતા થોડા સમય માટે ભયનો માહોલ સર્જાયો હતો. ભૂકંપની તીવ્રતા ઓછી હોવા છતાં, વહેલી સવારે આંચકો અનુભવાતા કેટલાક નાગરિકો ઊંઘમાંથી જાગી ગયા હતા. જોકે, કોઈ મોટી ઘટના કે નુકસાનના સમાચાર નથી. જિલ્લા તંત્રના અધિકારીઓએ જણાવ્યું હતું કે હાલ પરિસ્થિતિ સંપૂર્ણપણે સામાન્ય છે અને કોઈપણ પ્રકારની કટોકટીની સ્થિતિ ઊભી થઈ નથી. પ્રશાસન દ્વારા સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અપીલ કરવામાં આવી

# આયુષ્માન ભારત યોજના હેઠળ સારવાર : અઢી વર્ષમાં 1,66,130 ક્લેમ દ્વારા 382.39 કરોડ ચૂકવાયા

બનાસકાંઠા (પાલનપુર) | પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મદિવસ, 25 ડિસેમ્બર, જેને સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવે છે, તે નિમિત્તે આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY) ના લાભો પ્રકાશિત કરવામાં આવ્યા છે. બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા અઢી વર્ષમાં આ યોજના હેઠળ 1,66,130 ક્લેમ દ્વારા 382.39 કરોડ ચૂકવવામાં આવ્યા છે.

કેન્દ્ર સરકાર દ્વારા 2018 માં શરૂ કરાયેલી આ યોજના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે વરદાનરૂપ સાબિત થઈ છે. તે છેવાડાના નાગરિકો સુધી સાર્વત્રિક આરોગ્ય સંભાળ પહોંચાડવાના લક્ષ્ય સાથે શરૂ કરવામાં આવી હતી. વડગામ તાલુકાના થુર ગામના મોંઘાજી ઠાકોરે જણાવ્યું કે, તેમને સાત-આઠ વર્ષથી પગની એડીમાં તકલીફ હતી. ખાનગી હોસ્પિટલમાં લાખો રૂપિયાના



ખર્ચની વાત કરાતા તેઓ અસમર્થ હતા. પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે આયુષ્માન કાર્ડ દ્વારા તેમને મફત સારવાર મળી, જેનાથી તેમણે સરકારનો આભાર વ્યક્ત કર્યો.

પાલનપુરના પરમેશ્વરીબેન ગેહાનીએ તેમના અકસ્માતનો અનુભવ વર્ણવ્યો. અકસ્માતમાં તેમને શોલ્ડર અને હિપ બોલમાં ગંભીર ઈજાઓ થઈ હતી. પાલનપુર સિવિલ હોસ્પિટલમાં આયુષ્માન કાર્ડ હેઠળ તેમને મફત સારવાર મળી અને ડોકટરો તથા નર્સિંગ સ્ટાફની સેવાઓની તેમણે પ્રશંસા કરી.

સામાન્ય ગરીબ પરિવારોને મોટી અને ગંભીર બીમારીઓમાં આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના - આયુષ્માન કાર્ડ આવા પરિવારો માટે આશીર્વાદરૂપ બન્યું છે. ગુજરાતમાં આ યોજના અંતર્ગત 10 લાખ સુધીની મફત આરોગ્ય સારવાર પૂરી પાડવામાં આવે છે, જેનાથી વંચિત પરિવારોને આરોગ્ય કવચ મળ્યું છે.

## આજે TETના 30 હજાર ઉમેદવારોની શિક્ષક બનવા માટેની કસોટી

વડોદરા | વડોદરા જિલ્લામાં આવતીકાલે એટલે કે 21 ડિસેમ્બરે TETની પરીક્ષા આખા રાજ્યમાં યોજાવા જઈ રહી છે. ત્યારે વડોદરામાં યોજાનાર પરીક્ષાને લઈ વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ કરી લેવામાં આવી છે. આ પરીક્ષા શિક્ષક બનવા માટે જરૂરી લાયકાત મેળવવા માટે અનિવાર્ય છે. જિલ્લામાં કુલ 147 પરીક્ષા કેન્દ્રો પર 30,475 ઉમેદવારો પરીક્ષા આપશે.



આ અંગે જિલ્લા શિક્ષણાધિકારી મુકેશ પાંડેએ જણાવ્યું હતું કે, ઉમેદવારોની સુવિધા માટે વડોદરા શહેર અને જિલ્લામાં કુલ 147 પરીક્ષા કેન્દ્રો ઊભા કરવામાં આવ્યા છે. પરીક્ષા માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે અને શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા યોજાય તે માટે દરેક કેન્દ્ર પર પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા કરવામાં આવી છે. પરીક્ષાનો સમય બપોરે 12થી 2 વાગ્યા સુધીનો રાખવામાં આવ્યો છે. તમામ પરીક્ષાર્થીઓએ પરીક્ષા શરૂ થવાના અડધા કલાક પહેલાં એટલે કે 11:30 વાગ્યા સુધીમાં પોતાના કેન્દ્ર પર હાજર રહેવું ફરજિયાત છે. વધુમાં કહ્યું કે, પરીક્ષા કેન્દ્રમાં કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા પર સખત પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જિલ્લા શિક્ષણાધિકારીએ વધુમાં જણાવ્યું કે, આ પરીક્ષા પાસ કરનાર ઉમેદવારો શિક્ષક પદ માટે યોગ્યતા ધરાવશે. તંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે અને પરીક્ષા વ્યવસ્થિત રીતે પૂર્ણ થાય તે માટે તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે.

# ડીઝલ-કેમિકલ ચોરીનો આરોપી દારૂની બોટલ સાથે ઝડપાયો:સાયલા નેશનલ હાઈવે પરથી સાયલા પોલીસે ઝડપી પાડ્યો



(એજન્સી) સુરેન્દ્રનગર | તા.20

સુરેન્દ્રનગર જિલ્લામાં ડીઝલ અને કેમિકલ ચોરીના મોટા રેકેટનો મુખ્ય સૂત્રધાર ઝડપાયો છે. સાયલા પોલીસે તેને નેશનલ હાઈવે પર આવેલી રવિરાજ હોટલ પાસેથી વિદેશી દારૂ સાથે પકડી પાડ્યો હતો.

સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ (IPS) દ્વારા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા નેશનલ હાઈવે તેમજ જિલ્લાની હદમાં ચાલતી ગેરકાયદેસર પ્રોહિબિશન, જુગાર, ડીઝલ, કેમિકલ, સળિયા, સિમેન્ટ અને ગેસ ચોરી જેવી પ્રવૃત્તિઓ ડામવા સૂચનાઓ આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે લીંબડી ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક વી.એમ. રબારીએ સાયલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિઓ પર વોચ રાખવા અને કાર્યવાહી કરવા માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યવાહીના ભાગરૂપે, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, નાયબ પોલીસ અધિક્ષક વી.એમ. રબારી અને સાયલા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. ચુડાસમા તથા સ્ટાફના માણસોએ સંયુક્ત ઓપરેશન હાથ ધર્યું હતું.

# દુષ્કર્મના આરોપી પર ફાયરિંગ, મહિલા PIએ પગમાં ગોળી મારી

## ગાંધીનગરમાં પોલીસ ઝિંદાબાદના નારા લાગ્યા, 4 મહિનામાં 7 આરોપીઓ ગુજરાત પોલીસની ગોળીના નિશાન બન્યા

ગાંધીનગર

ગાંધીનગરના સેકટર-24ના ઈન્દિરાનગર છાપરા વિસ્તારમાં 5 વર્ષની બાળકી પર 5 દિવસ પહેલા થયેલા દુષ્કર્મ કેસમાં ઝડપાયેલા એક આરોપીએ આજે પોલીસ જાપ્તામાંથી ભાગવાનો પ્રયાસ કરતા મહિલા પીઆઈ દ્વારા ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરાયું હતું. એક ગોળી આરોપીના પગમાં વાગતા સારવાર માટે ખસેડાયો છે. ઘટનાના પગલે એકઠા થયેલા લોકોએ ગાંધીનગર અને ગુજરાત પોલીસ ઝિંદાબાદના નારા લગાવ્યા હતા.

ગુજરાતની વાત કરીએ તો છેલ્લા ચાર મહિનામાં જ પોલીસ દ્વારા આરોપીઓ પર કરાયેલા ફાયરિંગની આ સાતમી ઘટના છે. જેમાં એક આરોપીનું મોત નિપજ્યું હતું. જ્યારે 5 આરોપી ઘાયલ થયા હતા. છેલ્લા 3 મહિના દ્વારા પોલીસ દ્વારા કરાયેલા ફાયરિંગમાં જે આરોપીઓ ઈજાગ્રસ્ત થયા છે તેમાં ત્રણ આરોપીઓ દુષ્કર્મ કેસના છે.

### દુષ્કર્મ કેસમાં ઝડપાયેલો આરોપી મૂળ બિહારનો રહેવાસી

આ અંગે આધારભૂત સૂત્રોએ જણાવ્યું કે, આરોપી રામસિંગ બિહારનો વતની છે. જે સેક્ટર 25 જીઆઈડીસીની અમુલ ડેરીમાં નોકરી કરે છે. બનાવની રાતે રામસિંહ શિકારની શોધમાં સેક્ટર 24 ઈન્દિરા નગર છાપરા વિસ્તારમાં આવ્યો હતો. આ દરમિયાન બાળકી લઘુશંકા કરવા માટે બહાર નીકળી હતી. ત્યારે તકનો લાભ લઈને આરોપીએ બાળકીને ઉઠાવી લીધી હતી અને પોતાની હવસ સંતોષી હતી. આ મામલે અલગ અલગ ટીમોએ તપાસ હાથ ધરી હતી. જેના પગલે ટેકનિકલ સર્વેન્સ અને સીસીટીવી ફૂટેજ ના આધારે આરોપીની ઓળખ થઈ હતી. જેના પગલે આરોપીને ઝડપી લેવાયો હતો.



### તપાસ દરમિયાન ભાગવાની કોશિશ કરતા મહિલા PIએ ફાયરિંગ કર્યું

આજે પુરાવા એકત્ર કરવા માટે સેક્ટર 24 ઈન્દિરા નગર છાપરા ખાતે આરોપીને લઈ જવાયો હતો. આ દરમિયાન તકનો લાભ લઈને આરોપીએ ભાગવાની કોશિશ કરી હતી. જેથી કરીને સેક્ટર 21 પીઆઈ લતા દેસાઈએ ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જે પૈકી એક ગોળી આરોપીને પગમાં વાગી છે.

## જૂનાગઢમાં ખેલ મહોત્સવનો ભવ્ય જંગ જામશે

નરેન્દ્ર દવે | જૂનાગઢ

સૌરાષ્ટ્રની પવિત્ર ગિરનારની તળેટીમાં રમતગમતનો અનોખો કુંભ ભરાવા જઈ રહ્યો છે. પોરબંદર લોકસભા વિસ્તારના યુવા રમતવીરોની શક્તિ અને ખેલદિલીને પ્રોત્સાહન આપવા માટે આયોજિત 'સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫' હવે તેના અંતિમ અને સૌથી રોમાંચક પડાવ પર પહોંચી ગયો છે. આગામી ૨૫મી ડિસેમ્બરના રોજ જૂનાગઢના ઐતિહાસિક સરદાર પટેલ રમત સંકુલ ખાતે આ મહાખેલ મહોત્સવનો ભવ્ય ફિનાલે યોજાનાર છે, જેમાં હજારોની સંખ્યામાં ખેલાડીઓ પોતાની પ્રતિભાનું પ્રદર્શન કરશે.આ કાર્યક્રમની ગરિમામાં વધારો કરવા માટે કેન્દ્રીય રમત ગમત મંત્રી મનસુખભાઈ માંડવીયા ખાસ ઉપસ્થિત રહેશે. આટલું જ નહીં, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના નામી રમતવીરો પણ મેદાન પર ઉતરીને સ્થાનિક ખેલાડીઓનો ઉત્સાહ વધારશે. આ અવસરની સૌથી મોટી વિશેષતા એ રહેશે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જીવંત પ્રસારણ (લાઈવ) દ્વારા દેશના ભવિષ્ય સમાન આ ખેલાડીઓ સાથે સીધો સંવાદ કરશે અને તેમને જીતનો મંત્ર આપશે. ફિટ ઈન્ડિયા અભિયાન હેઠળ ખેલાડીઓને શારીરિક સજ્જતા અને આરોગ્ય બાબતે વિશેષ માર્ગદર્શન પણ આપવામાં આવશે.છેલ્લા દસ દિવસથી ચાલી રહેલી આ રમતગમતની સ્પર્ધામાં તાલુકા અને વિધાનસભા કક્ષાએ અનેક ખેલાડીઓએ પોતાનું કૌવત બતાવ્યું છે.

## ગામને એક વર્ષમાં પ્લાસ્ટિક મુક્ત બનાવવાનું અભિયાન શરૂ થશે

# લખપતના ઘડુલી ગ્રામ પંચાયતની બેઠકમાં મહત્વનો અને સારો નિર્ણય લેવામાં આવ્યો

કચ્છ (ભુજ ) | લખપત તાલુકાના ઘડુલી ગામને આગામી એક વર્ષમાં પ્લાસ્ટિક મુક્ત બનાવવાની નેમ સાથે ગ્રામ પંચાયત ખાતે સભ્યોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગામને પ્લાસ્ટિક મુક્ત બનાવવાના અભિયાનનો નિર્ણય લેવાયો હતો. સરપંચના હસ્તે 'પ્લાસ્ટિક મુક્ત ગામ' લોગોનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું.




ઘડુલી ગ્રામ પંચાયતના મહિલા સરપંચ નીલમબેન પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી બેઠકમાં તેમણે જણાવ્યું હતું કે, ગામમાં પ્લાસ્ટિકની થેલીઓ, બોટલો અને અન્ય પ્લાસ્ટિકનો કચરો શેરીઓ કે અન્ય જગ્યાએ ફેંકવામાં આવે છે. આ કચરાનો યોગ્ય સ્થળે નિકાલ થાય તે માટે ખાસ આયોજન કરવામાં આવ્યું છે.આ અભિયાનમાં ગ્રામજનો જોડાય તે માટે આગામી દિવસોમાં ગામના વેપારીઓ, વિવિધ સમાજો, મંડળોના સભ્યો અને ગામની અલગ અલગ શેરીઓમાં બેઠકોનું આયોજન કરાશે. ત્યારબાદ સમસ્ત ગ્રામજનોની ગ્રામસભા યોજાશે, જેમાં નિર્ણય લેવાયા બાદ સ્વચ્છતા અભિયાન અંતર્ગત કાર્યક્રમનો આરંભ કરી ગામને પ્લાસ્ટિક મુક્ત બનાવવામાં આવશે.

બેઠકમાં ઉપસ્થિત ગામના પૂર્વ સરપંચ નીતિન પટેલે જણાવ્યું હતું કે, અંદાજિત 4000 જેટલી વસ્તી ધરાવતા ગામને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે ગ્રામજનોનો ચોક્કસ સહયોગ મળશે. આ અભિયાનમાં જીએમડીસી, પોલીસ, બીએસએફ, સેતુ સંસ્થા અને અલગ અલગ ઔદ્યોગિક એકમો તેમજ કંપનીઓ દ્વારા પણ સહકાર મળી રહ્યો છે.જીએમડીસીના એસઆર માણેકભાઈએ ગામને પ્લાસ્ટિક મુક્ત બનાવવાના કાર્યને બિરદાવી સહયોગ આપવાની ખાતરી આપી હતી. બેઠકમાં સેતુ સંસ્થાના ગોપાલભાઈ ભરવાડ, વિનોદ ગીરી ગોસ્વામી, ઉપસરપંચ મેમુના હનીફ રાયમા, જેઠાલાલ મહેશ્વરી, મુકેશ ત્રિવેદી, ઉંમર હુસેન કોલી, વનીતાબેન ગોસ્વામી, ચંદ્રિકાબેન ચરપોટ, જયશ્રીબેન પટેલ, વનીતાબેન પટેલ તેમજ તલાટી ભાવેશ જાટ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, ગ્રામ પંચાયતના સરપંચના હસ્તે જીએમડીસી દ્વારા મળેલા કોમ્પ્યુટરનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

## પાટણ શહેરમાં રવિવારે 8 કલાકનો વીજ કાપ : 132 KV સબ સ્ટેશનના સમારકામ માટે સમગ્ર શહેરમાં પુરવઠો ખોરવાશે



પાટણ | પાટણ શહેરમાં રવિવારે, 21 ડિસેમ્બરના રોજ આઠ કલાકનો વીજ કાપ રહેશે. ઉત્તર ગુજરાત વીજ કંપની (UGVCL) દ્વારા આ અંગે જાહેરાત કરવામાં આવી છે. શહેરના 132 KV સબ સ્ટેશનમાં મેન્ટેનન્સ અને સમારકામની કામગીરીને કારણે સવારે 8:00 થી સાંજના 4:00 વાગ્યા સુધી વીજ પુરવઠો બંધ રહેશે. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા પાટણ શહેરના ગ્રાહકો માટે આ સૂચના જાહેર કરાઈ છે. સબ સ્ટેશન ખાતે તાત્કાલિક સમારકામની જરૂરિયાત ઊભી થઈ છે. આ ટેકનિકલ કામગીરીના કારણે સબ સ્ટેશનમાંથી નીકળતા તમામ ફીડરો ફરજિયાતપણે બંધ રાખવામાં આવશે.

પરિણામે, પાટણ શહેરના તમામ રહેણાંક અને વ્યાપારી વિસ્તારોમાં સતત 8 કલાક સુધી વીજ પુરવઠો ઉપલબ્ધ રહેશે નહીં. કંપનીએ જણાવ્યું છે કે સમારકામ પૂર્ણ થયા બાદ કોઈપણ અગાઉની જાણ કર્યા વગર પાવર સપ્લાય ફરીથી ચાલુ કરી દેવામાં આવશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન**

**ટીઆરડી કર્યો**

**નંબર DRM/TRD/BVP/2025-26/01 તારીખ 19.12.2025; ઇ-ટેન્ડર આમંત્રિત કરવા માટેની સૂચના;** ડિવિઝનલ રેલ્વે મેનેજર (TRD) પશ્ચિમ રેલ્વે, ભાવનગર પરા નીચેના કામ માટે ભારતના રાષ્ટ્રપતિ વતી ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે:

**ટેન્ડર નં. 09-TRDBVP-2025-26**

**કામનું નામ:** સનોસરા ખાતે વધારાની લૂપ લાઇન પ્રદાન કરવા સંબંધિત ટીઆરડી કર્યો

**ટેન્ડર રકમ:** ₹ 95,43,581.27/-; **ટેન્ડર ફી:** શૂન્ય;

**EMD રકમ:** ₹ 1, 90, 900 /-

**સરનામું:** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફિસ, ભાવનગર પરા-364003

બોલી લગાવનારાઓએ ફક્ત www.ireps.gov.in લિંક દ્વારા ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.

**ઉપરોક્ત ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ 12/01/2026 ના 15:00 કલાક સુધી રહેશે.**

BVP – 226

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# સિનિયર સિટીઝનને ડિજિટલ એરેસ્ટ કરી 1.82 કરોડ પડાવ્યા

## તમારા નામનું સિમકાર્ડ આતંકવાદી પ્રવૃત્તિમાં વપરાયું છે, તેનાથી 243 કરોડનું મની લોન્ડરિંગ થયું કહી વડોદરાની મહિલાને છેતરી

(એજન્સી) વડોદરા | તા. 19

નકલી પોલીસ અધિકારીઓ બનીને સાયબર ઠગોએ 15 દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ રાખીને વડોદરા શહેરના સિનિયર સિટીઝન મહિલા સાથે રૂપિયા 1 કરોડ 82 લાખ 66 હજારની છેતરપિંડી આચરી છે. આ મામલે પીડિત સિનિયર સિટીઝન મહિલાએ વડોદરા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેને આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

65 વર્ષીય સિનિયર સિટીઝન મહિલાની ફરિયાદ પ્રમાણે ગત 4 ડિસેમ્બરના રોજ સવારે આશરે 11 વાગ્યે મહિલાને ફોન આવ્યો હતો. જેમાં કોલ કરનાર વ્યક્તિએ જણાવ્યું હતું કે, તેમના આધાર કાર્ડના આધારે ઠગોએ વોટ્સએપ પર વીડિયો કોલ કરીને પોલીસ યુનિફોર્મ પહેરેલા વ્યક્તિ તરીકે પોતાની ઓળખ આપી હતી અને પાછળ પોલીસ ઓફિસના લોગો દેખાડ્યા હતા. તેમણે મહિલાનું આધાર કાર્ડ માંગ્યું હતું અને નકલી આઈડી કાર્ડ તેમજ સુપ્રીમ કોર્ટની નોટિસના દસ્તાવેજો મોકલીને ડરાવ્યા હતા. મહિલાને તેમના ઘરમાં જ એરેસ્ટ કરવામાં આવી હોવાનું જણાવી લેખિત હુકમનામું વોટ્સએપ પર મંગાવ્યું હતું અને રોજ સવારે મેસેજ કરવાનો આદેશ આપ્યો



હતો. 8 ડિસેમ્બરે ઠગોએ મહિલાને જણાવ્યું હતું કે, તેમના નામે લેવાયેલું સિમકાર્ડ આતંકવાદી ઓ.એમ. સાલમના કેસમાં વપરાયું છે અને તેના દ્વારા રૂ. 243 કરોડનું મની લોન્ડરિંગ થયું છે. તેમણે નકલી બેંક સ્ટેટમેન્ટ મોકલીને પીડિતાને તેમના મ્યુચ્યુઅલ ફંડ, એફડી અને અન્ય રોકાણોની માહિતી મંગાવી હતી. આરબીઆઈના ખાતામાં પૈસા જમા કરાવીને કેસમાંથી છૂટકારો મળશે અને પૈસા પરત મળી જશે તેવું કહીને પીડિતાને ધમકાવી હતી.

આ પછી 11થી 16 ડિસેમ્બર દરમિયાન અલગ-અલગ તારીખે પીડિતાના વિવિધ બેંક ખાતાઓમાંથી કુલ રૂ. 1 કરોડ 82 લાખ 66 હજારની રકમ તેમના ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી હતી. ઠગોએ દરેક ટ્રાન્સફરની રસીદ પીડિતાને વોટ્સએપ પર મોકલી વિશ્વાસ મેળવ્યો હતો. 18 ડિસેમ્બરે એફડી તોડાવવા માટે દબાણ કરતાં પીડિતાને શંકા ગઈ અને તેમણે પરિવારજનોને જણાવતાં છેતરપિંડીની વાત સામે આવી હતી, ત્યારબાદ સિનિયર સિટીઝન મહિલાએ તાત્કાલિક સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે તપાસ શરૂ કરી છે.

## ગુપ્ત ભોંયરા અને સીડીથી ભાગતી મુખ્ય આરોપી મહિલા સહિત ત્રણને વોન્ટેડ જાહેર કર્યા, બેની ધરપકડ, 11 યુવતીઓનું રેસ્ક્યુ કરાયું

# સનરાઇઝ ટાવરમાં દેહવ્યાપારનો પર્દાફાશ

(એજન્સી) વડોદરા | તા. 19

વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર વૈકુંઠ ચાર રસ્તા પાસે આવેલ સનરાઇઝ ટાવરમાં ચાલતા દેહવ્યાપારના ધંધાનો વડોદરા શહેર પોલીસની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ (AHTU)એ પર્દાફાશ કર્યો છે અને 11 યુવતીઓને રેસ્ક્યુ કરી છે. બે આરોપીની ધરપકડ કરી છે અને મુખ્ય આરોપી સહિત ત્રણ આરોપીને વોન્ટેડ જાહેર કર્યા છે.

આરોપી મહિલા જરૂરિયાતમંદ યુવતીઓને વડોદરા બોલાવીને પોતાના ફ્લેટમાં રાખતી

એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના અનાર્મ હેડ કોન્સ્ટેબલ યુવરાજસિંહે કપુરાઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ પ્રમાણે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમને મળેલી ગુપ્ત બાતમી મુજબ એક મહિલા આર્થિક લાલચ આપીને પરપ્રાંતીય જરૂરિયાતમંદ યુવતીઓને વડોદરા બોલાવીને પોતાના ફ્લેટમાં રાખતી હતી અને ઈચ્છુક ગ્રાહકો સાથે 1200થી 1500 રૂપિયા રોકડા રૂપિયાની લેવડ-દેવડ કરી અનૈતિક દેહવ્યાપાર કરાવતી હતી. દેહવેપાર ચાલતો હોવાની બાતમી મળતા ઉપરી અધિકારીઓના માર્ગદર્શન હેઠળ AHTU ટીમે રેડનું આયોજન કર્યું હતું.

રેડ દરમિયાન ફ્લેટમાંથી 11 યુવતીઓને છોડાવવામાં આવી હતી. વધુ તપાસમાં જાણવા મળ્યું કે, મુખ્ય આરોપી ચંદ્રિકા ઉર્ફે રીટા ધરપકડ ટાળવા ગુપ્ત રસ્તાઓનો ઉપયોગ કરતી હતી. ગ્રાહકને ફ્લેટમાં પ્રવેશ આપીને સોદો પતાવ્યા બાદ મુખ્ય દરવાજે તાળું મરાવી દેતી હતી અને પોતે ગુપ્ત માર્ગે ભાગી જતી હતી.

પોલીસે તાળું તોડીને અંદર પ્રવેશ કરતાં આશ્ચર્યજનક રીતે ફ્લેટના સ્લેબમાં કાપો કરીને લોખંડની સીડી બેસાડવામાં આવી હોવાનું જણાઈ આવ્યું હતું, ઘરમાં રાખવામાં આવેલા સોફાની નીચે ભોંયરું બનાવવામાં આવ્યું હતું, જેનાથી મકાનમાંથી નીચેના માળે આવેલ દુકાનમાં અવરજવર થઈ શકે.

આ ઉપરાંત બાજુના ફ્લેટમાં ઈન્ટરલોક કરીને ગુપ્ત ભોંયરું જેવી જગ્યા બનાવવામાં આવી હતી. આ ભોંયરું પ્રથમ માળે આવેલા શોપિંગ સેન્ટર્સ, ટ્યુશન ક્લાસીસ અને નીચે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ATM પાસે ખુલતું હતું.



**પકડાયેલા આરોપીઓ**

1. સરોજકુમાર લક્ષ્મીપદા માલ (હાલ રાજ, વડોદરા, મૂળ રહે. પશ્ચિમ બંગાળ)
2. જીગરકુમાર રાજુભાઈ માછી (હાલ રહે, કિશનવાડી, વડોદરા, મૂળ રહે. રાજપીપળા)

### 44,100નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો

ફરાર આરોપીઓનો પહેલાં પણ દેહવ્યાપાર અને માનવ તસ્કરી સંબંધિત ગુનાઓમાં ઈતિહાસ છે, જેમાં પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ઈમોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ તેમજ POCSO એક્ટ હેઠળના ગુનાઓ નોંધાયેલા છે.

રેડમાંથી રોકડા રૂ. 4100, બે મોબાઈલ ફોન, નિરોધકો, એપલ લેપટોપ, વિવિધ નામના 11 લાઈટબિલ સહિત કુલ રૂ. 44,100નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના પીઆઈ સી એચ આસુન્દ્રાએ જણાવ્યું હતું કે, બાતમીને આધારે રેડ કરીને અમે 2 આરોપીની ધરપકડ કરી છે. આ સમયે 10 પશ્ચિમ બંગાળ અને 1 દાર્જિલિંગની યુવતીઓ પણ મળી આવી હતી. આ મામલે કપૂરાઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવીને વધુ તપાસ શરૂ કરી છે.

## ન્યૂઝ ફ્લેશ

### મોરબી-હળવદમાં ગોગો સ્ટિક, રોલિંગ પેપરનું વેચાણ : બે વેપારી સામે કાર્યવાહી

મોરબી | મોરબી અને હળવદમાં ગોગો સ્ટિક અને રોલિંગ પેપરના ગેરકાયદેસર વેચાણ સામે પોલીસે કાર્યવાહી કરી છે. બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને કુલ 65 ગોગો સ્ટિક અને 5 રોલિંગ પેપર જપ્ત કરવામાં આવ્યા હતા. આ મામલે બે વેપારીઓની ધરપકડ કરીને તેમની સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

પ્રથમ ઘટનામાં, મોરબી-હળવદ હાઈવે પર નીચીમાંડલ ગામની સીમમાં આવેલા શિવ કોમ્પ્લેક્સમાં 'રાધે પાન' નામની દુકાનમાં ગેરકાયદેસર ગોગો સ્ટિક વેચાતી હોવાની માહિતી પોલીસને મળી હતી. આ માહિતીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો અને સ્થળ પરથી 35 નંગ ગોગો સ્ટિક મળી આવી હતી.

પોલીસે આરોપી વિપુલભાઈ વનજીભાઈ કૈલા (ઉંમર 35, રહે. ઉમા રેસીડેન્સી, ઘૂટું રોડ, મોરબી)ની ધરપકડ કરી હતી. તેમની સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. બીજી ઘટનામાં, હળવદમાં SOG ટીમે મોરબી ચોકડી પાસે આવેલી 'કનૈયા પાન' નામની દુકાનમાં દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન દુકાનમાંથી 30 નંગ ગોગો સ્ટિક અને 5 નંગ રોલિંગ પેપર મળી આવ્યા હતા.

પોલીસે નારણભાઈ દેવશીભાઈ હાડગળા (ઉંમર 35, રહે. મયુરનગર, તા. ધાંગધ્રા)ની ધરપકડ કરી હતી. તેમની સામે હળવદ તાલુકા પોલીસ સ્ટેશનમાં જાહેરનામા ભંગનો ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

### 96 કલાકમાં ગુજરાતના બે PI લાંચ લેતા ઝડપાયા

# સુરતના કીમમાં હનીટ્રેપના ગુનામાં રૂ. 3 લાખ લેતો PI પ્રવિણસિંહ જાડેજા ઝડપાયો, મિલકતની તપાસ થશે

**ચાર દિવસમાં બે મોટી માછલીઓ ઝડપાઈ :** ઉલ્લેખનીય છે કે, 15મી ડિસેમ્બરના રોજ ગાંધીનગર CID ક્રાઈમના પીઆઈ પણ લાંચ લેતા ઝડપાયા હતા. આમ, માત્ર 96 કલાકની અંદર રાજ્યના બે મહત્વના વિભાગોમાં ફરજ બજાવતા પીઆઈ સ્તરના અધિકારીઓ લાંચ લેતા પકડાતા પોલીસની છબી ખરડાઈ છે. સુરત ગ્રામ્ય વિસ્તારમાં આ ઘટનાને પગલે અન્ય પોલીસ અધિકારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. એસીબીની આ કાર્યવાહી એ સાબિત કરે છે કે પોલીસ યુનિફોર્મની આડમાં ચાલતા ભ્રષ્ટાચારને હવે સહન કરવામાં આવશે નહીં.

સુરત | ગુજરાત પોલીસ વિભાગ માટે છેલ્લા ચાર દિવસ અત્યંત શરમજનક સાબિત થયા છે. રાજ્યમાં ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોએ આક્રમક વલણ અપનાવતા ટૂંકા ગાળામાં બે પોલીસ ઈન્સ્પેક્ટરને લાંચના છટકામાં ઝડપી લીધા છે. 15 ડિસેમ્બરે ગાંધીનગર CID ક્રાઈમના પીઆઈ ઝડપાયા બાદ, 18 ડિસેમ્બરને ગુરુવારે સુરત ગ્રામ્યના કીમ પોલીસ સ્ટેશનનો પીઆઈ પ્રવિણસિંહ જાડેજા 3 લાખની લાંચ લેતા રંગેહાથ પકડાઈ જતા સમગ્ર પોલીસ બેડામાં ચકચાર મચી ગઈ છે. એટલું જ નહિ પીઆઈ પ્રવિણસિંહ જાડેજા સંપતિની પણ તપાસ સુરત એસીબી કરશે.



ઘટનાની વિગત મુજબ, સુરતના કીમ પોલીસ મથકની હદમાં એક મહિના અગાઉ હનીટ્રેપની ચોંકાવનારી ઘટના બની હતી. જેમાં ત્રણ શખ્સોએ પોલીસની ખોટી ઓળખ આપી બે વેપારી પાસેથી 13 લાખ રૂપિયા પડાવ્યા હતા. આ કેસની તપાસ કીમ પીઆઈ પ્રવિણસિંહ હરનાથસિંહ જાડેજા કરી રહ્યા હતા.

તપાસ દરમિયાન ઝડપાયેલા આરોપીઓને જેલમાંથી વહેલી મુક્તિ અપાવવા અને ગુનામાં 'ગુજસીટોક' જેવી કડક કલમોનો ઉમેરો ન કરવા માટે પીઆઈ જાડેજાએ વકીલ ચિરાગ રમણીકભાઈ ગોંડલીયા મારફત આરોપીના ભાઈ પાસે 10 લાખ રૂપિયાની મસમોટી લાંચ માંગી હતી. એસીબીના આસિસ્ટનટ ડાયરેકર આર. આર. ચૌધરીએ જણાવ્યું હતું કે, અમદાવાદ શહેર એસીબી ઈન્ચાર્જ મદદનીશ નિયામક ડી. એન. પટેલના માર્ગદર્શન હેઠળ મહિલા પીઆઈ વી. ડી. ચૌધરીએ કીમ પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં જ છટકું ગોઠવ્યું હતું. વકીલ ચિરાગ ગોંડલીયા મારફત જ્યારે 3 લાખ રૂપિયા સ્વીકારવામાં આવ્યા, ત્યારે જ એસીબીએ પીઆઈ પ્રવિણસિંહ જાડેજા અને વકીલને ઝડપી લીધા હતા. પીઆઈ પ્રવિણસિંહ જાડેજા 2013માં પીએસઆઈ તરીકે પોલીસ વિભાગમાં ભરતી થયો હતો. તે હાલ કીમમાં પીઆઈ તરીકે ફરજ બજાવતો હતો. એસીબીની પ્રાથમિક તપાસમાં તેમની પાસેથી 90 હજારની જ્વેલરી મળી આવી છે. જોકે, એસીબીએ હવે આ મામલે વધુ આક્રમક તપાસ હાથ ધરી છે. પીઆઈના કીમ ખાતેના નિવાસસ્થાન અને તેમના વતન કચ્છ ખાતે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. તેમની અપ્રમાણસર મિલકતોની તપાસ કરવા માટે બેંક એકાઉન્ટ્સ અને અન્ય રોકાણોની વિગતો ખંગાળવામાં આવી રહી છે.

## ચોટીલાના નાયબ મામલતદાર પર હુમલાનો મામલો...!

(એજન્સી) અમરેલી | તા. 19

નાયબ મામલતદાર તરુણભાઈ દવે અને તેમની ટીમ પર ખનીજ માફિયા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. ગેરકાયદેસર ખનન પર દેખરેખ રાખતી વખતે આ ઘટના બની હતી. આ હુમલાના પગલે અમરેલી જિલ્લા મહેસુલી કર્મચારી મંડળમાં ભારે રોષ જોવા મળ્યો છે. મંડળે કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરી કડક કાર્યવાહીની માંગ કરી છે. નાયબ મામલતદાર તરુણભાઈ દવે અને તેમની ટીમ ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓ પર પેટ્રોલિંગ કરી રહી હતી. તે દરમિયાન અસામાજિક તત્વો દ્વારા તેમના પર હુમલો આવ્યો હતો. હુમલાખોરોએ સરકારી ફરજમાં અડચણ ઊભી કરી અને ધમકીઓ પણ આપી હતી, જેના કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલો ઉભા થયા છે. અમરેલી જિલ્લા મહેસુલી કર્મચારી મંડળે કલેક્ટરને સુપરત કરેલા આવેદનપત્રમાં આઠ જેટલી મુખ્ય માંગણીઓ રજૂ કરી છે. જેમાં ઘટનાની તાત્કાલિક ઉચ્ચ સ્તરીય તપાસ, સંબંધિત કલમો હેઠળ પ્રાંત અધિકારી મારફત અલગ FIR નોંધાવવી અને હુમલામાં સંડોવાયેલા તમામ આરોપીઓની તાત્કાલિક ધરપકડનો સમાવેશ થાય છે. મંડળે ખનન માફિયાના વાહનો, મશીનરી અને અન્ય સાધનો જપ્ત કરવા, તેમના ગેરકાયદેસર ખાણકામના વ્યવસાયો તાત્કાલિક બંધ કરાવવા અને ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓ સામે કડક અભિયાન ચલાવવાની પણ માંગ કરી છે.

# 31ST ડિસેમ્બર પર સુરત પોલીસનો માસ્ટર પ્લાન:ફાર્મ હાઉસની ખાનગી પાર્ટીઓ પર 'ડ્રોન'થી નજર રાખશે...

(એજન્સી) સુરત | તા. 19

વર્ષ 2025ને વિદાય આપવા અને નવા વર્ષ 2026ને આવકારવા માટે સુરત તૈયાર થઈ રહ્યું છે, ત્યારે બીજી તરફ સુરત પોલીસ પણ અસામાજિક તત્વો અને નશાના સોદાગરોને પકડવા માટે સજ્જ થઈ છે. સામાન્ય રીતે 31મી ડિસેમ્બરની રાત્રે દારૂની મહેફિલો પર પોલીસ ત્રાટકતી હોય છે, પરંતુ આ વર્ષે સુરત પોલીસનું ધ્યાન માત્ર દારૂ જ નહીં પણ 'હુક્કા પાર્ટી' પર પણ કેન્દ્રિત થયું છે. શહેરમાં વધી રહેલા હુક્કાના ક્રેઝ અને તેના કારણે બરબાદ થઈ રહેલા યુવાધનને બચાવવા સુરત સ્પેશિયલ ઓપરેશન ગ્રુપએ અત્યારથી જ કમરકસી છે.

સુરત શહેરની આસપાસ આવેલા લક્ઝરી ફાર્મ હાઉસો અને ઓપન પ્લોટમાં થતી ખાનગી પાર્ટીઓ પર આ વખતે પોલીસ ડ્રોન દ્વારા નજર રાખશે. જો તમે એમ વિચારતા હોવ કે ચારેય બાજુ ઊંચી દીવાલો કે જંગલ જેવા વિસ્તારમાં હુક્કાના ધુમાડા કાઢીને બચી જશો, તો તે તમારી ભૂલ હશે. પોલીસ કમિશનરની સૂચના મુજબ, શહેરના ડુમસ, વેસુ, અડાજણ અને હાઈવે પરના વિસ્તારોમાં ડ્રોન ઉડાવી ચેકિંગ કરવામાં આવશે. જ્યાં પણ હુક્કાના ચલણ જોવા મળશે ત્યાં તુરંત જ પોલીસની ટીમ રેડ પાડશે.

છેલ્લા ત્રણ દિવસથી સુરત SOG દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સ્પેશિયલ ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. પોલીસને બાતમી મળી હતી કે, કેટલીક દુકાનોમાં પ્રતિબંધિત હુક્કા અને વિદેશી તમાકુનું વેચાણ થઈ રહ્યું છે. આ ડ્રાઈવ દરમિયાન SOG એ 4 મોટી હુક્કા શોપ પર દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન પોલીસને આશ્ચર્ય થયું હતું કે, આ દુકાનોમાંથી બિનહિસાબી અને ગેરકાયદેસર રીતે લાવવામાં આવેલો અંદાજે 18 લાખ રૂપિયાનો મુદ્દામાલ મળી આવ્યો છે.

આ હુક્કાઓ અને ફ્લેવર્સ મોટેભાગે મુંબઈ અને દિલ્હીના બજારોમાંથી લાવીને સુરતમાં વેચવામાં આવતા હતા. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, આ તમામ વેચાણ કોઈપણ પ્રકારના પાકા બિલ વગર કરવામાં આવતું હતું. જેને પગલે હવે પોલીસ જીએસટી અને આવકવેરા વિભાગને પણ જાણ કરવાની તૈયારી કરી રહી છે.

સ્પેશિયલ ઓપરેશન ગ્રુપના ડીસીપી રાજદીપસિંહ નકુમે જણાવ્યું હતું કે, શહેરનું યુવાધન વ્યસન તરફ ન વળે તે માટે પોલીસ સતર્ક છે. ખાસ કરીને જે રીતે 'ગોગો પેપર' વિરુદ્ધ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું, તે જ રીતે હુક્કાનું વેચાણ ન થાય તે માટે પણ પોલીસ કાર્ય કરી રહી છે. હાલ ચાર જગ્યાએ તપાસ કરી મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે અને અલગ-અલગ ફ્લેવરના તમાકુના નમૂના એફ.એસ.એલ. (FSL) માં પણ મોકલવામાં આવ્યા છે. વિદેશી ભાષામાં લખેલા તમાકુના પેકેટો પણ મળી આવ્યા છે, જેની તપાસ ચાલુ છે. બિલ વગરના જેટલા પણ હુક્કા અને અન્ય પદાર્થો છે તેની તપાસ કરવામાં આવી રહી છે અને જી.એસ.ટી. તથા આવકવેરા વિભાગને પણ આ અંગે જાણ કરવામાં આવી શકે છે.

### વેરાવળ બજારમાં દેવીપૂજકો વચ્ચે મારામારી, આધેડની હત્યા

ગીર સોમનાથ | વેરાવળ શહેરની મુખ્ય બજારમાં શાંતિપૂર્ણ ગણાતી વહેલી પરોઢે અચાનક લોહિયાળ ઘટના સર્જાતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. સુભાષ રોડ પર દેવીપૂજકો વચ્ચે થયેલી તીવ્ર બોલાચાલી થોડા જ સમયમાં હિંસક અથડામણમાં ફેરવાઈ ગઈ અને તેમાં એક આધેડનું કરૂણ મોત નીપજ્યું.

આ ઘટનામાં વેરાવળ આવાસ કોલોનીમાં રહેતા 50 વર્ષીય પુનાભાઈ બાબુભાઈ સોલંકી પર પથ્થરથી હુમલો કરવામાં આવ્યો હતો. હાથ પગ સહિત શરીરના ભાગે ગંભીર ઈજા થતા તેઓ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. ઘટનાના પગલે સવારે આશરે 5:15 વાગ્યે 108 એમ્બ્યુલન્સ મારફતે બે ઈજાગ્રતને વેરાવળ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ પુનાભાઈ સોલંકીને બચાવવાના પુરતા પ્રયાસો કર્યા, પરંતુ ગંભીર ઈજાના કારણે સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું. પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે કે મૃતક અને તેમના સાળા વચ્ચે કોઈ અંગત બાબતે બોલાચાલી થઈ હતી, જે બાદમાં મારામારીમાં પરિણમી. આ ઘટનામાં વેરાવળ મફતિયા પારા ખાતે રહેતા 30 વર્ષીય સંજય બધાભાઈ સોલંકી પણ ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. જો કે સંજયે પ્રાથમિક સારવાર લીધા બાદ હોસ્પિટલમાંથી ફરાર થવાનું પસંદ કરતા શંકાના વાદળો ઘેરાયા છે.

### આરોપીઓ 2013થી અત્યાર સુધીમાં હત્યા, લૂંટ, આર્મ્સ એક્ટ અને પ્રોહિબિશનના 17થી વધુ ગુનાઓમાં સંડોવાયેલા

# કુખ્યાત શિવા ટકલા ગેંગ પર ગુજસીટોકનો સકંજો

(એજન્સી) સુરત | તા 19

સુરત શહેરના ગોડાદરા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંકનાર શિવા ટકલા ગેંગ વિરુદ્ધ સુરત પોલીસે મોટી કાર્યવાહી કરી છે. તાજેતરમાં થયેલા ડબલ મર્ડર અને અપહરણના ગંભીર ગુના બાદ, સુરત પોલીસે આ સંગઠિત ટોળકીના લીડર શિવાકાંત ઉર્ફે શિવા ટકલા અને તેના સાગરીતો વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધી ગેંગના મૂળિયાં ઉખેડી નાખવાની કવાયત હાથ ધરી છે.

આ સમગ્ર કાર્યવાહીના પાયામાં ગત 3 ડિસેમ્બર 2025ના રોજ બનેલી એક ક્રૂર ઘટના છે. શિવા ટકલા અને તેની ગેંગે માત્ર 20,000 રૂપિયાની ખંડણી માટે નાઝીમ ઉર્ફે ભાંજા અને તેના સાથીઓ પર લોખંડના પાઈપ અને



લાકડાના ફટકા વડે ઘાતક હુમલો કર્યો હતો. આ હુમલામાં સોયેબ નામના યુવાનનું સ્થળ પર જ મોત થયું હતું, જ્યારે નાઝીમ અને ઈર્શાદનું અપહરણ કરી તેમને મહારાષ્ટ્ર તરફ લઈ જવામાં આવ્યા હતા. રસ્તામાં નાઝીમનું પણ કરુણ મોત નીપજતા આરોપીઓ તેની લાશ હોસ્પિટલ પાસે ફેંકીને ફરાર થઈ ગયા હતા.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, શિવાકાંત લલન યાદવે આર્થિક રીતે સદ્ધર થવા માટે શિવા ટકલા ગેંગ નામની એક ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સિન્ડિકેટ બનાવી હતી. આ ગેંગના સભ્યોમાં અમિત ઉર્ફે પ્રધ્યુમન યાદવ, આસીફ શેખ, જગદીશ મેવાડા, મેહુલ ખૈર, પવનકુમાર ચૌહાણ, બીપીન ગડરીયા અને શુભમ નાવીક જેવા રીઢા ગુનેગારોનો સમાવેશ થાય છે. આ ટોળકી ગોડાદરા વિસ્તારમાં ગેરકાયદે દારૂ, ખંડણી અને હત્યા જેવી પ્રવૃત્તિઓ દ્વારા લોકોમાં આતંક મચાવતી હતી.

મુખ્ય આરોપી શિવા ટકલાનો ગુનાહિત ઈતિહાસ અત્યંત ચોંકાવનારો છે. વર્ષ 2013થી અત્યાર સુધીમાં તેની વિરુદ્ધ હત્યા, હત્યાની કોશિશ, લૂંટ, આર્મ્સ એક્ટ અને પ્રોહિબિશનના 17થી વધુ ગુનાઓ નોંધાયેલા છે. તેની ક્રૂરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તે અગાઉ ચાર વખત પાસા (PASA) હેઠળ જેલવાસ ભોગવી ચુક્યો છે અને સુરતમાંથી તડીપાર થયા હોવા છતાં તેની ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલુ રહી હતી. તેવી જ રીતે સહ-આરોપી અમિત યાદવ પણ હત્યાના કેસમાં સંડોવાયેલો છે અને પાસા ભોગવી ચૂક્યો છે.

ગોડાદરા ડબલ મર્ડર કેસના મુખ્ય આરોપી અને કુખ્યાત 'શિવા ટકલા ગેંગ'ના લીડર શિવાકાંત ઉર્ફે શિવા ટકલાને પકડવા ગયેલી પોલીસ પર આરોપીએ હુમલો કરવાનો પ્રયાસ કરતા, પોલીસે સ્વબચાવમાં ગોળીબાર કરવાની ફરજ પડી હતી.

## દીવના કેવડી ડાંગરવાડી રોડ પર સિંહ દેખાયો પશુનું મારણ કરનાર સિંહનું લોકેશન મેળવવા કવાયત...

(એજન્સી) ઉના | તા. 19

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં ફરી એકવાર સિંહ દેખાયો છે. ગત રાત્રિના સમયે દીવના કેવડી ડાંગરવાડી રોડ પર સિંહના આંટાફેરા જોવા મળ્યા હતા. થોડા દિવસો પહેલા પણ દીવના પટેલવાડી વિસ્તારમાં સિંહે એક પશુનું મારણ કર્યું હતું.

ગત રાત્રિના સમયે મુખ્ય માર્ગ પર સિંહ આંટાફેરા કરતો જોવા મળ્યો હતો. આ સમયે ત્યાંથી પસાર થઈ રહેલા એક બાઈક ચાલકે પોતાના મોબાઈલ કેમેરામાં આ દૃશ્ય કેદ કર્યું હતું.

સામાન્ય રીતે સિંહ જંગલ વિસ્તારની સરહદના ગામડાઓમાં જોવા મળતા હોય છે, પરંતુ હવે તેઓ પોતાનો વિસ્તાર દરિયાકાંઠા સુધી વધારી રહ્યા છે. થોડા દિવસો પૂર્વે પટેલવાડી વિસ્તારમાં સિંહે એક માલઢોરનું મારણ કર્યું હતું.

દીવમાં સિંહના વારંવાર દેખાવાથી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ છે. વન વિભાગે



સિંહનું લોકેશન મેળવવા માટે કવાયત હાથ ધરી છે અને તેને સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં પાછો મોકલવાના પ્રયાસો કરી રહ્યું છે.

દીવ, જે ઉનાથી નજીક આવેલું એક સુપ્રસિદ્ધ પ્રવાસન સ્થળ છે, ત્યાં સુધી સિંહ પહોંચી ગયા છે. ઉના નજીકના દરિયાકાંઠાના વિસ્તારોમાં સિંહ અવારનવાર જોવા મળે છે, જે દર્શાવે છે કે સિંહ હવે દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ પોતાનો વસવાટ વધારી રહ્યા છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો। ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે।

**વૃષભ : બ. વ. ઉ.**

આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. આજે તમે કેટલીક સમસ્યાઓનો સામનો કરશો- પણ વાસ્તવવાદી રહો તથા તમારી તરફ મદદનો હાથ લંબાવનારા'ઓ તરફથી ચમત્કારની અપેક્ષા રાખતા નહીં.

**મિથુન : ક. છ. ઘ.**

ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. આજે કુટુંબ ની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો.

**કર્ક : ડ. હ.**

ઘરની બહારની પ્રવૃત્તિઓ આજે થકવનારી તથા તાણયુક્ત હશે. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. અણધારી જવાબદારીઓ આજના દિવસની તમારી યોજનાઓને ખોરવી નાખશે.

**સિંહ : મ. ટ.**

આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે.

**કન્યા : પ. ઠ. ણ.**

કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. માતા-પિતાની તબિયતમાં સુધારો થશે અને તેઓ તમારા પર પ્રેમની વર્ષા કરશે.

**તુલા : ર. ત.**

આજે તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. પરિસ્થિતિ અંકુશમાં રાખવા માટે તમારા ભાઈને મદદ કરો.

**વૃશ્ચિક : ન. ય.**

હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. જે લોકો પોતાના નજીકીઓ અથવા સંબંધીઓ જોડે ભાગીદારી માં વેપાર કરી રહ્યા છે. તેમને આજે ઘણું સોચી અને વિચારી ને પગલાં લેવા ની જરૂર છે નહીંતર આર્થિક નુકસાન થયી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો.

**મકર : ખ. જ.**

. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈઓ તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા અભિગમમાં ઉદાર બનો અને તમારા પરિવારના સભ્યો સાથે સારી પ્રેમાળ ક્ષણો માણો. તમારા સમર્પિત તથા અડગ પ્રેમમાં જાદુઈ રચનાત્મક શક્તિઓ છે. આજે સામાજિક મિલન -મુલાકાતો તથા તમને સૌથી વધુ કરવી ગમે તેવી બાબતો કરવા માટે તમારી પાસે ફાજલ સમય હશે.

**મીન : દ.ચ. ઝ. થ.**

તમારે અનેક ટૅન્શન તથા મતભેદોનો સામનો કરવો પડે જે તમને બેચેન અને ગુસ્સાવાળા બનાવી દે એવી શક્યતા છે. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે.

**બાલાસિનોરમાં કમળાનો હાહાકાર**

## ૨૯ આંગણવાડીઓ બંધ, ૨૪૩ કેસથી ફફડાટ



બાલાસિનોર: બાલાસિનોર શહેરમાં પાણીજન્ય રોગચાળાએ ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. છેલ્લા બે મહિનાથી વકરેલા કમળાના રોગચાળાને ડામવામાં સ્થાનિક નગર પાલિકા અને આરોગ્ય વિભાગની નિષ્ફળતા હવે પ્રજા માટે જીવલેણ સાબિત થઈ રહી છે. ડિસેમ્બર મહિનાના માત્ર ૧૮ દિવસમાં કમળાના ૨૪૩ કેસ પોઝિટિવ આવતા સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો છે. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે શિક્ષણ વિભાગ અને આઈ.સી.ડી.એસ. શાખાએ બાળકોના જીવ બચાવવા માટે અસાધારણ પગલાં લેવાની ફરજ પડી છે. શહેરની તમામ ૨૯ આંગણવાડીઓ અનિશ્ચિત મુદત માટે બંધ કરી દેવામાં આવી છે અને શાળાઓમાં પાલિકાનું પાણી વાપરવા પર સદંતર પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે.શિક્ષણ વિભાગનો કડક પરિપત્ર અને તકેદારી બાલાસિનોર તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર પરિપત્ર મુજબ, શહેરની તમામ સરકારી, ખાનગી અને ગ્રાન્ટેડ શાળાઓને તાકીદ કરવામાં આવી છે કે નગરપાલિકા દ્વારા અપાતા પાણીનો ઉપયોગ પીવા માટે, મધ્યાહ્ન ભોજન બનાવવા માટે કે હાથ ધોવા માટે પણ કરવો નહીં. રોગચાળો વધુ ન ફેલાય તે માટે બાળકોને શુદ્ધ પાણી જ આપવા આદેશ કરાયો છે. બીજી તરફ, આંગણવાડીઓ બંધ રહેતા નાના બાળકોને અપાતો નાસ્તો હવે શુદ્ધ પાણીમાં બનાવીને કર્મચારીઓ દ્વારા ઘરે-ઘરે પહોંચાડવામાં આવશે. આ નિર્ણય કમળાની ગંભીરતા અને નશાની પ્રવૃત્તિઓની જેમ ફેલાઈ રહેલા રોગચાળાને અટકાવવા લેવાયો છે.

**ડિજિટલાઈઝેશન ઝુંબેશ હેઠળ ડેટા એન્ટ્રી સંપન્ન**

# ભાવનગર મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં રેકોર્ડ બ્રેક ડિજિટલાઈઝેશન

(એજન્સી) ભાવનગર | તા.20

ગોહિલવાડના પાટનગર ભાવનગર જિલ્લામાં લોકશાહીના પાયા સમાન મતદાર યાદીને સચોટ અને પારદર્શક બનાવવાની દિશામાં વહીવટી તંત્રએ એક ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી મુજબ, સમગ્ર જિલ્લાની સાત વિધાનસભા બેઠકો પર હાથ ધરવામાં આવેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશના અંતે આજે શુક્રવારે વિધિવત રીતે મુસદ્દા મતદાર યાદી જાહેર કરવામાં આવી છે. આ પ્રક્રિયા દરમિયાન અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને લાખો મતદારોના ડેટાનું સફળતાપૂર્વક ડિજિટલીકરણ કરવામાં આવ્યું છે, જે આગામી સમયમાં ચૂંટણી પ્રક્રિયાને વધુ વેગવંતી અને ભૂલરહિત બનાવશે.જિલ્લાના મતદારોના આંકડાકીય ચિત્ર પર એક નજર સ્થાનિક વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, ભાવનગર જિલ્લાની સાત




વિધાનસભા બેઠકો પર હાલમાં કુલ ૧૮,૬૬,૯૩૭ મતદારો નોંધાયેલા છે. આ આંકડામાં ૯,૫૮,૯૨૪ પુરુષ મતદારો અને ૯,૦૭,૯૭૭ મહિલા મતદારોનો સમાવેશ થાય છે, જ્યારે અન્ય ૩૬ મતદારો પણ નોંધાયા છે. મહત્વની બાબત એ છે કે, આ તમામ મતદારો પૈકી ૧૬,૩૭,૯૮૧ મતદારો પાસેથી ગણતરી ફોર્મ મેળવીને તે તમામનું સંપૂર્ણપણે ડિજિટલાઈઝેશન કરી દેવામાં આવ્યું છે. આ પ્રક્રિયા દરમિયાન બીએલઓ દ્વારા ઘરે-ઘરે જઈને ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી, જેમાં અવસાન પામેલા, સ્થળાંતરિત થયેલા અને બેવડી નોંધણી ધરાવતા મતદારોને શોધી કાઢી યાદી શુદ્ધ કરવામાં આવી છે.નવા મતદાન મથકોનો ઉદય અને રેશનલાઈઝેશન વધતી જતી જનસંખ્યા અને મતદારોની સુવિધાને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચ દ્વારા મતદાન મથકોનું પુનઃગઠન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટરે વિગત આપતા જણાવ્યું કે, હવે એક બૂથ પર ૧૨૦૦થી વધુ મતદારો ન રહે તે મુજબ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ રેશનલાઈઝેશનના પરિણામે જિલ્લામાં અગાઉના ૧૮૫૨ મતદાન મથકોમાં નવા ૨૯૧ કેન્દ્રોનો ઉમેરો થયો છે, જેથી હવે કુલ મતદાન મથકોની સંખ્યા ૨૧૪૩ પર પહોંચી છે. આવા યુવાઓ ફોર્મ નંબર-૬ ભરીને ઓનલાઈન અથવા ઓફલાઈન માધ્યમથી પોતાનું નામ નોંધાવી શકશે. જો મુસદ્દા યાદીમાં કોઈ ભૂલ જણાતી હોય તો જરૂરી દસ્તાવેજો અને આધાર પુરાવા સાથે ફોર્મ નંબર-૮ ભરીને સુધારો કરાવી શકાશે.

**સત્યાગ્રહ કરવાની ઉચ્ચારી ચિમકી**

## મોટી પાણીયાળીના ખોડિયારનગરમાં પીવાના શુદ્ધ પાણી માટે પોકાર

પાલીતાણા: ગુજરાત સરકાર જ્યારે નલ સે જલ યોજના અંતર્ગત દરેક ઘર સુધી શુદ્ધ પાણી પહોંચાડવાના દાવા કરી રહી છે, ત્યારે પાલીતાણા તાલુકાના મોટી પાણીયાળી ગામના ખોડિયાર નગર વિસ્તારમાંથી આઘાતજનક ચિત્ર સામે આવ્યું છે. આઝાદીના અમૃત કાળમાં પણ અહીંના રહીશો અને માસૂમ વિદ્યાર્થીઓ પાયાની જરૂરિયાત સમાન મીઠા પાણીના એક-એક ટીપા માટે તરસી રહ્યા છે. તંત્રની ઉદાસીનતાને કારણે આ વિસ્તારમાં લાંબા સમયથી પીવાના શુદ્ધ પાણી માટે પોકાર ઉઠી રહ્યો છે. રહીશોનો આક્ષેપ છે કે અનેક રજૂઆતો છતાં પરિસ્થિતિ જસની તસ રહેતા હવે જનતાના ધીરજની કસોટી થઈ રહી છે.વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સામે ગંભીર ખતરો સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ખોડિયાર નગર વિસ્તારમાં ખોડિયાર નગર પ્રાથમિક શાળા અને કસ્તુરબા ઉત્તર બુનિયાદી વિદ્યાલય જેવી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ આવેલી છે. આ શાળાઓમાં સેંકડો વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે નિવાસ પણ કરે છે. કમનસીબી એ છે કે આટલી મોટી સંખ્યામાં બાળકો જ્યાં રહેતા હોય ત્યાં પીવાલાયક શુદ્ધ પાણીની કોઈ જ વ્યવસ્થા નથી. વિદ્યાર્થીઓને મજબૂરીવશ ક્ષારયુક્ત અને અશુદ્ધ પાણી પીવું પડી રહ્યું છે, જેના કારણે બાળકોમાં પાણીજન્ય રોગોનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. વાલીઓમાં પોતાના સંતાનોના આરોગ્યને લઈને ભારે ચિંતા અને રોષની લાગણી વ્યાપેલી છે.

**માફિયાઓમાં ફફડાટ**

## ખેડાના રઢુમાં ગેરકાયદેસર માટી ખનન પર તંત્રનો મોટો પ્રહાર

નડિયાદ: ખેડા જિલ્લાના રઢુ ગામની સીમમાં લાંબા સમયથી ચાલી રહેલા ખનીજ ચોરીના કાળા કારોબાર પર રાજ્ય સ્તરના તંત્રએ વહેલી સવારે સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. સરકારી જમીનની છાતી ચીરીને ગેરકાયદેસર માટી ખનન કરતા માફિયાઓ સામે ગાંધીનગરની ફ્લાઈંગ સ્ક્વોડ અને સ્થાનિક ખાણ ખનીજ વિભાગની ટીમોએ આકસ્મિક દરોડો પાડીને કરોડોનું કૌભાંડ ખુલ્લું પાડ્યું છે. આ ઓપરેશન દરમિયાન ખનન સ્થળ પરથી હિટાચી મશીન અને અનેક ડમ્પરો સહિત કરોડની મત્તા જપ્ત કરવામાં આવી છે. રાજ્યના પાટનગરથી આવેલી ટીમોની આ કડક કાર્યવાહીને પગલે સ્થાનિક વહીવટી તંત્રની કામગીરી સામે પણ અનેક પ્રશ્નાર્થો ઉભા થયા છે.ફ્લાઈંગ સ્ક્વોડનું આકસ્મિક ઓપરેશન સ્થાનિક સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ખેડા તાલુકાના રઢુ ગામે સરકારી માલિકીની જમીન પર ભૂમાફિયાઓ દ્વારા મોટાપાયે ખનન પ્રવૃત્તિ ચલાવવામાં આવી રહી હતી.

**75 વર્ષીય વૃદ્ધ મહિલાનો બીમારીથી કંટાળી ચેક ડેમમાં ઝંપલાવી આપઘાત**

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના બાંગા ગામમાં રહેતા કડવીબેન લાખાભાઈ વાઘેલા નામના 76 વર્ષના વૃદ્ધ મહિલા કે જેઓ છેલ્લા 10 વર્ષથી કેન્સરની બીમારીથી પીડાતા હતા, અને તે બીમારીથી તેઓ તંગ આવી ગયા હતા. દરમિયાન તેઓએ ગઈકાલે પોતાના ઘરની નજીક આવેલી નદીના ચેક ડેમના પાણીમાં ઝંપલાવી આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવ અંગે મૃતકના પુત્ર રામજીભાઈ લાખાભાઈ વાઘેલાએ પોલીસને જાણ કરતાં કાલાવડ ગ્રામ્યના પોલીસ બનાવના સ્થળે દોડી ગઈ હતી અને મૃતદેહનો કબજો સંભાળી સમગ્ર બનાવ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

**તળાજા નાગરિક બેન્કની કાયદાકીય લડત**

## તળાજામાં બે અલગ અલગ ચેક બાઉન્સ કેસમાં ઐતિહાસિક ચુકાદો

તળાજા: ભાવનગર જિલ્લાના તળાજા પંથકમાં બેન્કિંગ વ્યવહારોમાં છેતરપિંડી આચરતા તત્વો સામે ન્યાયતંત્રએ લાલ આંખ કરી છે. તળાજા નાગરિક સહકારી બેન્કમાંથી લોન મેળવ્યા બાદ પરત ચુકવણીમાં બેદરકારી દાખવનાર અને ખોટા ચેક આપનાર બે અલગ-અલગ શખ્સોને કોર્ટે કડક સજા ફટકારી છે. એન.આઈ. એક્ટની કલમ ૧૩૮ હેઠળ ચાલી રહેલા આ બંને કેસોમાં તળાજાની કોર્ટે આરોપીઓને એક વર્ષની કેદની સજાની સાથે ચેકની બમણી રકમનો દંડ ભરવાનો આદેશ કર્યો છે. આ ચુકાદાથી લોન લઈને નાણાં પરત ન કરનારા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે અને સહકારી બેન્કિંગ ક્ષેત્રે કાયદાનું શાસન વધુ મજબૂત બન્યું હોય તેમ લાગી રહ્યું છે. પ્રથમ કેસ: ૧૦ લાખના ચેક બાઉન્સમાં સજા સ્થાનિક વિગતો અનુસાર, તળાજાના ગોરખી રોડ પર મેમણ જમાતખાના પાસે રહેતા અબ્બાસ આદમભાઈ મેતરે પોતાના ધંધાના વિકાસ અર્થે તળાજા નાગરિક સહકારી બેન્ક લિમિટેડમાંથી વર્ષ ૨૦૧૭માં રૂા. ૧૬,૫૦,૦૦૦ની લોન લીધી હતી.

**સ્પેશિયલ પોક્સો કોર્ટનો કડક ચુકાદો**

## નડિયાદ કોર્ટે દુષ્કર્મ ગુજારનાર આરોપીને સંભળાવી આકરી સજા

નડિયાદ: ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદની અદાલતે માનવતાને શર્મસાર કરતી ઘટનામાં એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપી સમાજમાં કડક સંદેશ વહેતો કર્યો છે. લગ્નની લાલચ આપી સગીરા પર દુષ્કર્મ ગુજારનાર આરોપીને નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટ દ્વારા ૨૦ વર્ષની આકરી કેદની સજા ફટકારવામાં આવી છે. ન્યાયતંત્રએ આ કેસમાં કડક વલણ અપનાવીને આરોપીને કાયદાના કડક સકંજામાં લીધો છે. માસૂમ સગીરાના જીવન સાથે ચેડાં કરનાર નરાધમ સામે કોર્ટે દંડની સાથે પીડિતાને આર્થિક વળતર આપવાનો પણ મહત્વનો આદેશ કર્યો છે, જે મહિલા સુરક્ષાના દ્રષ્ટિકોણથી અત્યંત મહત્વનો ગણાય છે.

પરિચયનો ગેરલાભ અને ગુનાહિત કૃત્ય આ કેસની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના લાલપુર ગામનો રહેવાસી અજમેલસિંહ મકવાણા ફરિયાદી પક્ષ સાથે પારિવારિક સંબંધો ધરાવતો હતો. આ પરિચયનો ગેરફાયદો ઉઠાવી તેણે સગીરાને પ્રેમજાળમાં ફસાવી લગ્નની લાલચ આપી હતી. અંદાજે એકાદ વર્ષ પૂર્વે આરોપી સગીરાને હિંમતનગર-શામળાજી હાઈવે પર આવેલી એક હોટલમાં લઈ ગયો હતો. ત્યાં હોટલના રજિસ્ટરમાં કોઈ પણ પ્રકારની નોંધણી કરાવ્યા વગર



ગેરકાયદેસર રીતે રૂમ મેળવી તેણે સગીરાની મરજી વિરુદ્ધ ત્રણ-ચાર વખત દુષ્કર્મ આચર્યું હતું. આટલું જ નહીં, આરોપીએ સગીરાને ધમકીઓ આપી મોબાઈલ પર બિભત્સ ગાળો પણ ભાંડી હતી.

પોલીસ તપાસ અને ન્યાયિક લડત આ મામલે ડાકોર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. દુષ્કર્મ ગુજારનાર આરોપી ધરપકડના ડરથી લાંબા સમય સુધી નાસતો ફરતો રહ્યો હતો, પરંતુ પોલીસની સતર્કતાને કારણે અંતે તે ઝડપાઈ ગયો હતો. તપાસ અધિકારીએ કોર્ટમાં લોખંડી પુરાવાઓ રજૂ કર્યા હતા, જેમાં ૧૬ જેટલા સાક્ષીઓની મહત્વની જુબાનીઓ લેવામાં આવી હતી. સરકારી વકીલે કોર્ટમાં ધારદાર દલીલો કરતા જણાવ્યું હતું કે, સગીરાઓ વિરુદ્ધ વધતા જતા આવા જઘન્ય અપરાધોને ડામવા માટે આરોપીને મહત્તમ સજા થવી જોઈએ જેથી સમાજમાં દાખલો બેસે. પોક્સો અને એટ્રોસિટી હેઠળ સજાની જાહેરાત નડિયાદના સ્પેશિયલ જજ દ્વારા કેસના તમામ તથ્યો, દસ્તાવેજી પુરાવાઓ અને સાક્ષીઓના નિવેદનોને ગ્રાહ્ય રાખવામાં આવ્યા હતા.

**એકતરફી વિજય સાથે નવા શિખરો સર કર્યા**

## વકીલ મંડળ ચૂંટણીમાં પરિવર્તનનો વાયરો અને વિજય

ભાવનગર: ગોહિલવાડના ન્યાયિક જગતમાં આજે ભારે ઉત્સાહ અને ગરમાવો જોવા મળ્યો હતો. ભાવનગર વકીલ મંડળ અને ક્રિમિનલ બાર એસોસિએશનના હોદ્દેદારોની વરણી માટે યોજાયેલી ચૂંટણીના પરિણામો આજે જાહેર થયા છે. આ ચૂંટણીમાં કોઈ મોટી રસાકસી જોવા મળી ન હતી અને મોટાભાગની બેઠકો પર ઉમેદવારોએ આસાન વિજય પ્રાપ્ત કર્યો હતો. મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સાંજ પડતાની સાથે જ કોર્ટ પરિસર વિજેતા ઉમેદવારોના સમર્થકોના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. વકીલ આલમમાં એકતાના દર્શન સાથે આતશબાજી અને ઢોલ-નગારાના તાલે જીતની ઉજવણી કરવામાં આવી હતી.ચૂંટણીના આંકડા અને લોકશાહીનો પર્વ સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વર્ષે વકીલોમાં ચૂંટણીને લઈને અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ક્રિમિનલ બાર એસોસિએશનની ચૂંટણીમાં કુલ ૫૨૬ મતદારોમાંથી



૪૬૦ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો, જે ટકાવારીની દ્રષ્ટિએ ૮૭.૪૫ ટકા જેવો માતબર આંકડો છે. બીજી તરફ, ભાવનગર બાર એસોસિએશનમાં ૩૭૬માંથી ૨૬૭ મતદારોએ મતદાન કરતા ૭૨ ટકા જેટલું મતદાન નોંધાયું હતું. ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી અને ત્યારબાદ તુરંત જ મતગણતરી હાથ ધરવામાં આવી હતી.ક્રિમિનલ બારમાં જાડેજાનો દબદબો ક્રિમિનલ બાર એસોસિએશનમાં પ્રમુખ પદ માટે અનિલસિંહ એ. જાડેજા અને કિશનભાઈ બી. મેર વચ્ચે જંગ ખેલાશે તેવી અટકળો તેજ હતી. જોકે, પરિણામોએ તમામ સમીકરણો બદલી નાખ્યા હતા. એ.એ. જાડેજાએ ૨૪૯ જેટલાંગી મતો મેળવીને પ્રમુખ પદનો તાજ ધારણ કર્યો હતો. ઉપપ્રમુખ તરીકે જયદેવસિંહ ગોહિલે ૨૧૧ મતો સાથે જીત મેળવી હતી, જ્યારે મંત્રી તરીકે કિશોરભાઈ કંટારિયા અને નિધીબેન દુબલ વિજેતા જાહેર થયા હતા. ખજાનચી પદ પર ચંદ્રસિંહ રાણાએ ૧૮૪ મતો સાથે કબજો જમાવ્યો હતો.બાર એસોસિએશનમાં બિનહરીફ અને રસાકસી ભાવનગર બાર એસોસિએશનમાં પ્રમુખ તરીકે એચ.ટી. જાની અને ઉપપ્રમુખ તરીકે એચ.એન. શાહ અગાઉથી જ બિનહરીફ જાહેર થયેલા હતા. મંત્રી પદ માટે પાંચ ઉમેદવારો મેદાનમાં હતા, જેમાંથી જીજ્ઞોશભાઈ આસ્તિક અને કલ્પેશભાઈ વ્યાસે મેદાન માર્યું હતું.

## રામોલમાં પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ ન થતા લાખોનો ખર્ચ એળે

નડિયાદ: સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, પરંતુ વહીવટી તંત્ર અને સત્તાધીશોની બેદરકારીને કારણે આ સુવિધાઓ લોકો સુધી પહોંચતી નથી. ખેડા જિલ્લાના વસો તાલુકાના રામોલ ગામમાં આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં લાખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલું આયુષ્યમાન ભવન છેલ્લા છ મહિનાથી લોકાર્પણની રાહ જોઈ રહ્યું છે. મકાન બનીને તૈયાર હોવા છતાં પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ ન થવાને કારણે આ નવું ભવન ધીમે ધીમે ખંડેર બની રહ્યું છે અને તંત્રની ઘોર ઉદાસીનતા ઉડીને આંખે વળગી રહી છે. સુવિધા સજ્જ ભવનને લટકી રહ્યા છે તાળાં પ્રાપ્ત વિગતો અનુસાર, રામોલ ગામનું જૂનું પેટા આરોગ્ય કેન્દ્ર અત્યંત જર્જરિત હાલતમાં હોવાથી ગ્રામજનોને આરોગ્યલક્ષી સેવાઓ મેળવવામાં ભારે હાલાકી પડતી હતી.

**લોકલ ક્રાઈમ બ્રાન્ચની સફળ ટ્રેપ**

## ભાવનગર રોડ પર વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

ભાવનગર: ગોહિલવાડના પ્રવેશદ્વાર સમાન સીદસર નજીકથી નશાખોરી વિરોધી અભિયાન અંતર્ગત પોલીસે મોટી સફળતા મેળવી છે. ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે એક ચોક્કસ બાતમીના આધારે ઓપરેશન પાર પાડીને વિદેશી દારૂનો જથ્થો ભરેલી લક્ઝુરિયસ કારને ઝડપી પાડી છે. બુટલેગરો દ્વારા પોલીસની નજરથી બચવા માટે કારમાં અત્યંત ચતુરાઈપૂર્વક ગુપ્ત ખાનાઓ બનાવવામાં આવ્યા હતા, પરંતુ સતર્ક પોલીસ કર્મીઓએ આ ફિલ્મી કીમિયો નિષ્ફળ બનાવ્યો છે. આ કામગીરીમાં પોલીસે લાખો રૂપિયાની કિંમતનો દારૂ અને વાહન સહિતનો મુદ્દામાલ કબજે કરી આંતરરાજ્ય કનેક્શન ધરાવતા શખ્સો સામે કાયદેસરનો સકંજો કસ્યો છે. બાતમી અને પોલીસની વ્યૂહરચના સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચનો સ્ટાફ જ્યારે શહેરના વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગમાં હતો, ત્યારે તેમને એક વિશ્વાસપાત્ર બાતમી મળી હતી. બાતમી એવી હતી કે સફેદ રંગની રીનોલ્ટ કંપનીની ટ્રાઈબર કાર, જેનો નંબર જીજે-૩૪-એચ ૫૪૮૫ છે, તેમાં નીચેના ભાગે ખાસ ચોર ખાના બનાવીને ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો સીદસર ગામ થઈને ભાવનગર શહેરમાં ઘુસાડવામાં આવી રહ્યો છે. આ માહિતી મળતાની સાથે જ પોલીસે વ્યૂહાત્મક રીતે વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ કાર પસાર થતા જ તેને ઘેરી લીધી હતી. કારના ચોર ખાના અને જપ્ત કરાયેલ સામાન પોલીસ દ્વારા જ્યારે અટકાવવામાં આવેલી કારની ઝીણવટભરી તલાશી લેવામાં આવી, ત્યારે કારની સીટોની નીચે અને તળિયાના ભાગે બનાવવામાં આવેલા ગુપ્ત ખાનાઓ જોઈ પોલીસ પણ આશ્ચર્યચકિત થઈ ગઈ હતી. આ ખાનાઓમાંથી વિદેશી દારૂની કુલ ૯૧૨ બોટલો મળી આવી હતી, જેની અંદાજિત કિંમત ૨,૫૦,૮૦૦ રૂપિયા થાય છે. પોલીસે દારૂના જથ્થા સાથે ૭ લાખની કિંમતની કાર અને મોબાઈલ ફોન મળી કુલ ૯,૫૫,૮૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે લીધો છે.

**જાહેરનામાનો ભંગ કરનારા વેપારીઓ ઝડપાયા**

# ખેડા જિલ્લામાં નશાની પ્રવૃત્તિઓ સામે પોલીસની લાલ આંખ

(એજન્સી) નડિયાદ | તા.20

ગૃહ વિભાગના આદેશનું કડક અમલીકરણ રાજ્યના ગૃહ વિભાગ દ્વારા તાજેતરમાં જ નશા માટે ઉપયોગમાં લેવાતા રોલિંગ પેપર, ગોગો સ્મોકિંગ કોન અને પરફેક્ટ રોલ જેવી વસ્તુઓના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ખેડા જિલ્લા પોલીસની ટીમો જ્યારે પેટ્રોલિંગમાં હતી ત્યારે કનેરા ગામ પાસે આવેલા 'ચામુંડા કિરાણા સ્ટોર્સ'માં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. અહીંથી પોલીસને કોઈપણ પ્રકારના લાયસન્સ કે પરવાનગી વગર રાખવામાં આવેલો ૧,૪૬૦ રૂપિયાની કિંમતનો ગોગા પેપર અને સ્મોકિંગ કોનનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે તુરંત જ દુકાન માલિક કનૈયાલાલ પ્રજાપતિ વિરુદ્ધ કાર્યવાહી કરી મુદ્દામાલ જપ્ત કર્યો હતો.એસઓજી અને ટાઉન પોલીસના સંયુક્ત દરોડા ખેડા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ પણ નશાના સોદાગરો પર તવાઈ બોલાવી હતી. ખેડા-માતર રોડ પર આવેલા 'લવલી પાન પાર્લર'માં દરોડો પાડી હિતેશભાઈ પરમાર પાસેથી ૯૧૦ રૂપિયાનો જથ્થો




ઝડપી પાડ્યો હતો. આટલું જ નહીં, તેની બાજુમાં આવેલી જયદીપ મહિડાની પાનની કેબિનમાંથી પણ ૧,૦૬૫ રૂપિયાના સ્મોકિંગ કોન મળી આવ્યા હતા. પોલીસે આ બંને કિસ્સામાં સરકારના જાહેરનામાના ઉલ્લંઘન બદલ ગુનો નોંધી વેપારીઓની અટકાયત કરી છે. પોલીસની આ આકસ્મિક કાર્યવાહીથી અન્ય પાન પાર્લર સંચાલકોમાં પણ દોડધામ મચી ગઈ હતી. મહેમદાવાદમાં ગણેશ પાન સેન્ટર પર તરાપ નશા વિરોધી આ ઝુંબેશ મહેમદાવાદ સુધી લંબાઈ હતી. અહીં પ્રસિદ્ધ સિદ્ધિવિનાયક મંદિરની બહાર આવેલ 'ગણેશ પાન સેન્ટર'માં પોલીસે સર્ચ હાથ ધર્યું હતું. દુકાનદાર સંજયભાઈ પટેલ પાસેથી પ્રતિબંધિત રોલિંગ પેપરના ૮૪ નંગ મળી આવ્યા હતા, જેની બજાર કિંમત ૧,૨૬૦ રૂપિયા આંકવામાં આવી છે. મહેમદાવાદ પોલીસે આ તમામ જથ્થો જપ્ત કરી વેપારી સામે ગુનો દાખલ કર્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પોલીસ હવે એ તપાસ કરી રહી છે કે આ પ્રતિબંધિત વસ્તુઓનો જથ્થો ક્યાંથી સપ્લાય કરવામાં આવતો હતો.યુવાધનને બચાવવા પોલીસનો મક્કમ નિર્ધાર મીડિયા અહેવાલ મુજબ, ખેડા જિલ્લામાં પોલીસની આ કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે. નશાની આડઅસરોથી અજાણ સગીરો આ પ્રકારના પેપર અને કોનનો ઉપયોગ કરીને માદક દ્રવ્યોનું સેવન કરતા હોય છે, જે તેમના સ્વાસ્થ્ય અને ભવિષ્ય માટે ખતરનાક છે. પોલીસની આ સતર્કતાને કારણે વાલીઓમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે. જિલ્લા પોલીસ વડાએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જે પણ વેપારી પ્રતિબંધિત ચીજવસ્તુઓનું વેચાણ કરતા પકડાશે, તેની સામે સહેજ પણ નરમાશ દાખવવામાં આવશે નહીં.

**બગોદરા-ધંધુકા હાઈવે લોહીલુહાણ થયો**

## બગોદરા-ધંધુકા હાઈવે પર ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો

ધંધુકા: અમદાવાદ જિલ્લાના બગોદરા-ધંધુકા હાઈવે પર આજે વહેલી સવારે એક કાળજું કંપાવી દે તેવો ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. દર્શનના ભાવ સાથે નીકળેલો એક ક્ષત્રિય પરિવાર માર્ગ અકસ્માતનો ભોગ બનતા ખુશીનો માહોલ શોકમાં ફેરવાઈ ગયો હતો. પુરઝડપે આવતી સ્વિફ્ટ કારે પેસેન્જર રીક્ષાને પાછળથી એટલી જોરદાર ટક્કર મારી હતી કે રીક્ષા હવામાં ફંગોળાઈને રોડની સાઈડમાં આવેલા ઉંડા ખાળીયામાં પલ્ટી ખાઈ ગઈ હતી. આ હૃદયદ્રાવક ઘટનામાં એક વયોવૃદ્ધ મહિલાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું છે, જ્યારે માસૂમ બાળકો સહિત કુલ આઠ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.ભક્તિનો પ્રવાસ કાળમાં ફેરવાયો સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ અકસ્માતનો ભોગ બનેલો પરિવાર આણંદ જિલ્લાના તારાપુર તાલુકાના ચીતવાડા ગામનો વતની છે. કિશોરસિંહ દીપસિંહ ગોહિલ અને તેમનો પરિવાર અમાસના પવિત્ર દિવસે બોટાદના પાળીયાદ સ્થિત વિસામણ બાપુની જગ્યાએ દર્શન કરવા માટે પોતાની રીક્ષા નંબર જીજે ૨૩-એએક્સ-૧૨૮૮ લઈને નીકળ્યા હતા. પરિવારના સભ્યો શ્રદ્ધા સાથે ભક્તિભાવમાં મગ્ન હતા ત્યારે ધંધુકા હાઈવે પર આવેલી એક હોટલ સામે કાળ બનીને આવતી સ્વિફ્ટ કારે તેમનો રસ્તો રોક્યો હતો. અકસ્માતનો ભયાનક દ્રશ્ય અને જાનહાનિ મારુતિ સ્વિફ્ટ ગાડી નંબર ના ચાલકે અત્યંત બેફામ અને ગફલતભરી રીતે વાહન ચલાવીને રીક્ષાના પાછળના ભાગે જોરદાર ટક્કર મારી હતી.

ભારત અગાઉથી જ ઓમાન માટે ગોલ્ડ જ્વેલરીનો સૌથી મોટો સપ્લાયર

# ઓમાન ખાતે જ્વેલરી નિકાસ 150 મિલિયન ડોલર પહોંચશે

## ચાંદી, પ્લેટિનમ તથા ઈમિટેશન જ્વેલરીની માંગ વધશે,બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર ૧૦ બિલિયન ડોલરથી વધુ, ભારત-ઓમાન વેપાર કરાર : ૩ બિલિયન ડોલરથી વધુ મૂલ્યની નિકાસને રાહત




અમદાવાદ : જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઈપીસી)ના મતે ભારત-ઓમાન કોમ્પ્રેહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રિમેન્ટ (સીઈપીએ) કે જે અંતર્ગત ઓમાનમાં ભારતમાંથી જેમ્સ અને જ્વેલરીની આયાત પર ઈમ્પોર્ટ ડયુટીને નાબૂદ કરી છે તેને લીધે બન્ને દેશ વચ્ચે થતી નિકાસમાં નોંધપાત્ર પ્રમાણમાં વૃદ્ધિ થશે તથા બન્ને દેશો વચ્ચે પ્રત્યક્ષ વ્યાપાર સંબંધોને વધુ મજબૂતી મળે તેવી આશા છે.

ભારતની ઓમાનમાં જેમ એન્ડ જ્વેલરીની નિકાસ અત્યારે ૩૫ મિલિયન યુએસ ડોલર રહી છે(વર્ષ ૨૦૨૪). સીઈપીએ અંતર્ગત ડયુટી-ફ્રી એક્સેસ મળવાથી જીજેઈપીસીને એવો અંદાજ છે કે વધારી સારી કિંમતની સ્પર્ધાત્મકતા, વધારે ઉત્પાદનોને લગતા વિકલ્પો તથા ઈન્ડસ્ટ્રીઝ વચ્ચે વધુ સારા સહયોગને લીધે આગામી ત્રણ વર્ષમાં નિકાસ વધીને ૧૫૦ મિલિયન યુએસ ડોલર સુધી પહોંચી શકે છે. જીજેઈપીસીએ જણાવ્યું હતું કે, ભારત-ઓમાન સીઈપીએ પ્રત્યક્ષ વ્યાપાર સંબંધોને મજબૂત કરશે અને ઓમાનમાં ભારતના જેમ અને જ્વેલરીની નિકાસ વધારવા માટે એક મુખ્ય માધ્યમ છે.ઝીરો ડયુટી એક્સેસથી ભારતીય નિકાસકારો માટે સ્પર્ધાત્મકતામાં ઘણો સુધારો થશે તથા ડાયરેક્ટ સોર્સિંગને ઉત્તેજન મળશે.

ચાંદી, પ્લેટિનમ તથા ઈમિટેશન જ્વેલરીની માંગ વધી રહી છે. આ ફ્રેમવર્ક સાથે આગામી ત્રણ વર્ષમાં ઓમાનમાં નિકાસ ૩૫ મિલિયન યુએસ ડોલરથી વધીને આશરે ૧૫૦ મિલિયન યુએસ ડોલર થઈ શકે છે.ભારત અગાઉથી જ ઓમાનને ગોલ્ડ જ્વેલરીનો સૌથી મોટો સપ્લાયર છે, ખાસ કરીને ૨૨ કેરેટના વેડિંગ અને ટ્રેડિશનલ ડિઝાઈનની જ્વેલરીમાં તથા વર્ષ ૨૦૨૪-૨૫માં ૮૦.૧૧ ટકાની મજબૂત વૃદ્ધિ જોવા મળી છે. ઓમાનના વ્યૂહાત્મક સ્થાન તથા સ્થિર બિઝનેસ માહોલ સાથે સીઈપીએ આ દેશને જીસીસી, આફ્રિકા તથા પડોશી ક્ષેત્રોમાં ભારતીય જ્વેલરીની નિકાસ માટે એક સંભવિત ગેટવે તરીકે સ્થાપિત કરે છે, જેથી ટ્રેડ એફિશિએન્સી અને પ્રાદેશિક બજાર સુધીની પહોંચ વધુ સારી બને છે.

ભારત-ઓમાન વેપાર કરાર હેઠળ, ઓમાનમાં ૩ બિલિયન ડોલરથી વધુ મૂલ્યની નિકાસ ડયુટી-મુક્ત થશે. આ ડયુટી-મુક્ત નિકાસમાં ભારતીય કાપડ, રસાયણો અને અન્ય માલનો સમાવેશ થશે. આ કરાર વેપારને વેગ આપશે, કારણ કે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૩.૪૨ બિલિયન ડોલર મૂલ્યની ભારતીય નિકાસના આશરે ૮૩.૫ ટકા, ઓમાનમાં આશરે ૫ ટકા ડયુટીને આધીન હતી. ભારત અને ઓમાન વચ્ચે દ્વિપક્ષીય વેપાર નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૧૦ બિલિયન ડોલરનો આંકડો વટાવી ગયો હતો. આ જ સમયગાળા દરમિયાન, ભારતે ઓમાનથી ૬.૬ બિલિયન ડોલરના માલની આયાત કરી હતી, જેના પરિણામે ૨.૫ બિલિયન ડોલરની વેપાર ખાધ થઈ હતી.

## ડોલર સામે રૂપિયો ઉછળીને 89.25 : એક દિવસીય ઉછાળામાં ત્રણ વર્ષનો રેકોર્ડ તૂટયો

મુંબઈ : મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ આરંભમાં ઘટયા પછી ફરી વધી આવ્યા હતા ડોલરનો ભાવ રૂ.૯૦.૨૬ વાળા આજે સવારે રૂ.૯૦.૧૩ ખુલ્યા પછી નીચામાં ભાવ ઈન્ટ્રા-ડે રૂ.૯૦ની અંદર ઉતરી રૂ.૮૯.૯૬ સુધી ગયા પછી ડોલરના ભાવ આંચકા પચાવી બપોર પછી ફરી વધી રૂ.૯૦ની સપાટી નવેસરથી પાર કરી ઊંચામાં ભાવ રૂ.૯૦.૨૯ સુધી જઈ મોડી સાંજે મળેલા સમાચાર મુજબ રૂપિયા સામે ડોલરના ભાવ નીચામાં રૂ.૮૯.૨૫ સુધી ઉતરી છેલ્લે બંધ ભાવ રૂ.૮૯.૨૭ રહ્યા આમ ડોલર સામે આજે રૂપિયો એકંદરે ૯૯ પૈસા ઉછળ્યો હતો. આજે ડોલર સામે રૂપિયામાં થયેલી એક દિવસીય વૃદ્ધીમાં છેલ્લા ૩ વર્ષનો રેકોર્ડ ,તૂટયો હતો.મુંબઈ કરન્સી બજારમાં ચર્ચાતી વાતો મુજબ રિઝર્વ બેન્કની સક્રિયતા વચ્ચે આજે વિવિધ સરકારી બેન્કો હાજર તથા સફોરવર્ડમાં ડોલર વેંચતી થતાં રૂપિયો ઝડપી ઉંચકાયો હતો. મુંબઈ કરન્સી બજાર આજે બંધ થયા પૂર્વેના અડધા કલાકમાં રિઝર્વ બેન્કની સક્રિયતા વધુ જોવા મળી હતી. મુંબઈ શેરબજારમાં આંચકા પચાવી આજે ફરી તેજી આવતાં તેની પોઝીટીવ ઈમ્પેક્ટ રૂપિયા પર જોવા મળી હતી. દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ આજે વધી આવતાં તથા ઘરઆંગણે શેરબજાર ઉછળતાં કરન્સી બજારમાં ડોલર તથા રૂપિયાના ભાવમાં બેતરફી ઉછળકુદ દેખાઈ હતી.

# News Brief

## EPFO New Rules: નોકરી બદલનારાઓ અને ફેમિલી નોમિની માટે સરકારની મોટી જાહેરાત




(એજન્સી) નવી દિલ્હી | તા 00

નોકરિયાત લોકો અને તેમના પરિવારના સભ્યો માટે એક મોટા સમાચાર આવી ગયા છે. EPFOએ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે, જેનાથી નોકરી બદલનારાઓની ચિંતા ઓછી થઈ જશે, કેમ કે હવે સર્વિસ બ્રેકને લઈને થનારી સમસ્યાનો કાયમી ઉકેલ EPFO દ્વારા લાવી દેવામાં આવ્યો છે.નોકરિયાતો અને તેમના પરિવારજનો માટે એક સારા સમાચાર આવી ગયા છે. એમ્પલોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન એટલે કે EPFOએ એક મહત્વપૂર્ણ સર્ક્યુલર જાહેર કર્યો છે, જેનાથી નોકરી બદલનારાઓ કર્મચારીઓ અને તેમના આશ્રિતોને મોટો ફાયદો થશે. આ નવા નિર્ણય થી હવે વિકેન્ડ અને સરકારી રજાઓના કારણે સર્વિસ બ્રેક નહીં ગણવામાં આવે, જેનાથી ડેથ ક્લેમ સાથે જોડાયેલા ઘણા વિવાદનો ઉકેલ આવી જશે.EPFOએ સ્પષ્ટ કહી દીધું છે કે જો કોઈ કર્મચારી એક કંપની છોડીને બીજી કંપનીમાં જોડાય છે અને તેની વચ્ચે ફક્ત શનિવાર, રવિવાર અથવા કોઈપણ જાહેર રજા હોય, તો તેને સર્વિસ બ્રેક ગણવામાં આવશે નહીં. અગાઉ, ઘણા કિસ્સાઓમાં એવું જોવા મળતું હતું કે જો બે નોકરીઓ વચ્ચે વીકએન્ડ હોય, તો કર્મચારીની સર્વિસ બ્રેક માનવામાં આવતી હતી.

## ગુજરાત બજેટ ૨૦૨૫ ઐતિહાસિક લોકહિતના નિર્ણયોનો મહાકુંભ

ગાંધીનગર: ગુજરાત વિધાનસભાના ગૃહે આજે રાજ્યના ભાવિ વિકાસની બ્લુપ્રિન્ટ સમાન ગુજરાત બજેટ ૨૦૨૫ નિહાળ્યું, જેમાં છેવાડાના માનવીથી લઈને મહાનગરોના મધ્યમ વર્ગ સુધી તમામ સ્તરે ખુશીની લહેર પ્રસરી ગઈ છે. નાણામંત્રીએ રાજ્યના અર્થતંત્રને નવી ગતિ આપવા અને માળખાગત સુવિધાઓને મજબૂત કરવાના હેતુથી અનેક ક્રાંતિકારી યોજનાઓની જાહેરાત કરી છે. વર્તમાન વૈશ્વિક આર્થિક સ્થિતિ વચ્ચે પણ ગુજરાતના વિકાસ દરને જાળવી રાખવા માટે આ બજેટમાં શિક્ષણ, આરોગ્ય અને કૃષિ ક્ષેત્ર પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે, જે રાજ્યની જનતા માટે આશાનું નવું કિરણ લઈને આવ્યું છે.વિકાસના નવા આયામોની બ્લુપ્રિન્ટ આ વખતના બજેટમાં રાજ્ય સરકારે પાયાની જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. નાણામંત્રીની મોટી જાહેરાતો મુજબ, રાજ્યમાં માર્ગ પરિવહન અને પુલના નિર્માણ માટે અબજો રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આર્થિક રીતે નબળા વર્ગોને ઘરનું ઘર મળે તે માટે આવાસ યોજનાઓના બજેટમાં પણ માતબર વધારો કરવામાં આવ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત બજેટ ૨૦૨૫માં આગામી પાંચ વર્ષમાં રાજ્યને ગ્રીન એનર્જી હબ બનાવવા માટે સૌર ઉર્જા પ્રોજેક્ટ્સને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, જે પર્યાવરણ અને ઉદ્યોગ બંને માટે ફાયદાકારક સાબિત થશે.ધરતીપુત્રો અને પશુપાલકો માટે સોનાનો સૂરજ ખેતીપ્રધાન ગુજરાત માટે આ બજેટ આશીર્વાદરૂપ સાબિત થયું છે. ખેડૂત અને મધ્યમ વર્ગ રાહત આપતા નિર્ણયોમાં મહારાષ્ટ્ર અને હરિયાણાની તર્જ પર ટેકાના ભાવ અને ખેત ઓજારોમાં સબસિડી વધારવાની જાહેરાત કરવામાં આવી છે.

## વીમા કાયદા સુધારો ૨૦૨૫ દેશમાં સુરક્ષાના નવા યુગનો પ્રારંભ

નવી દિલ્હી: ભારતીય સંસદ દ્વારા આ અઠવાડિયે પસાર કરવામાં આવેલ ઐતિહાસિક 'સબકા બીમા સબકી રક્ષા' (વીમા કાયદા સુધારો) બિલ ૨૦૨૫, વીમા ક્ષેત્રે એક નવી ક્રાંતિ લાવવા જઈ રહ્યું છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં દેશના દરેક નાગરિકને વીમા કવચ હેઠળ લાવવાના લક્ષ્યાંક સાથે આ બિલ રજૂ કરવામાં આવ્યું છે. કેરએજ રેટિંગ્સના અહેવાલ મુજબ, આ સુધારાથી માત્ર વીમાની પહોંચ જ નહીં વધે, પરંતુ બજારની સ્થિતિસ્થાપકતા અને સંચાલન ક્ષમતામાં પણ ધરખમ સુધારો જોવા મળશે. આ કાયદો વીમા કંપનીઓ, પુનઃવીમા કંપનીઓ અને મધ્યસ્થીઓ માટેના જૂના નિયમોને આધુનિક બનાવીને ભારતની આર્થિક વૃદ્ધિ સાથે સુસંગત બનાવશે.વિદેશી રોકાણના દ્વાર ખુલતા સ્પર્ધા વધશે આ બિલની સૌથી મહત્વની વિશેષતા વીમા કંપનીઓમાં ૧૦૦ ટકા સીધા વિદેશી રોકાણ (FDI) ની મંજૂરી છે. અત્યાર સુધી ૭૪ ટકાની મર્યાદા હોવાને કારણે અનેક વિદેશી રોકાણકારો ખચકાતા હતા, પરંતુ હવે પૂર્ણ રોકાણની છૂટ મળતા વૈશ્વિક દિગ્ગજ કંપનીઓ ભારતીય બજારમાં પ્રવેશ કરશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આનાથી દેશમાં આધુનિક ટેકનોલોજી આવશે અને વૈશ્વિક શ્રેષ્ઠ પદ્ધતિઓનો અમલ થશે. વિદેશી મૂડી આવવાથી ક્ષેત્રમાં સ્પર્ધા વધશે, જેનો સીધો લાભ ગ્રાહકોને સસ્તા પ્રીમિયમ અને વધુ સારી સેવાઓ સ્વરૂપે મળશે. આ ઉપરાંત, આ ક્ષેત્રમાં રોજગારીની નવી તકોનું પણ સર્જન થશે. નિયામક સત્તામાં વધારો અને પારદર્શિતા આ નવા સુધારા દ્વારા ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (IRDAI) ની સત્તાઓમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. હવે IRDAI વીમા કંપનીઓ અને મધ્યસ્થીઓ પર વધુ કડક નજર રાખી શકશે.

લોકો હજુ પણ તેમના યોગ્ય ઉપયોગ વિશે અનિશ્ચ

## કારની સનરૂફમાંથી બહાર નીકળશો તો કપાશે ચલણ! તેનો સાચો ઉપયોગ શું?

(એજન્સી) નવી દિલ્હી | તા 20

કાર કંપનીઓ પણ કસ્ટમરની પસંદગીઓને સમજી ગઈ છે. તેથી, સનરૂફને ટોપ-એન્ડ વેરિયન્ટ્સ સુધી મર્યાદિત રાખવાને બદલે, હવે તે મિડ-રેન્જ વેરિયન્ટ્સમાં પણ ઓફર કરવામાં આવી રહ્યા છે. સનરૂફ હવે ઘણી બજેટ કારમાં ઉપલબ્ધ છે. થોડા વર્ષો પહેલા સુધી, ભારતમાં સનરૂફ ફક્ત મોંઘી લક્ઝરી કારમાં જ જોવા મળતા હતા, પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. આજકાલ, 10-12 લાખની કિંમતની કારમાં પણ સનરૂફ એક સામાન્ય સુવિધા બની રહ્યા છે. આ જ કારણ છે કે ભારતીય ગ્રાહકોમાં સનરૂફનો ક્રેઝ ઝડપથી વધી રહ્યો છે. જો કે, આજે પણ, લોકો તેમના યોગ્ય ઉપયોગથી અજાણ છે. તેઓ ઘણીવાર એવી ભૂલો કરે છે જેના પરિણામે દંડ પણ ભરવો પડે છે. મોટર વાહન અધિનિયમ (MVA) હેઠળ કારના સનરૂફને છોડી દેવાથી ટ્રાફિક દંડ થઈ શકે છે કારણ કે તે ખતરનાક અને ગેરકાયદેસર છે. આજકાલ સનરૂફવાળી કાર વધુને વધુ સામાન્ય બની રહી છે, પરંતુ ઘણા લોકો જાણતા નથી કે સનરૂફની બહાર નીકળવું અનેક પરિસ્થિતિઓમાં ગેરકાયદેસર હોઈ શકે છે. કાર ચાલતી વખતે બહાર ઉભા રહેવું અથવા સનરૂફની બહાર નીકળવું એ કાયદાનું ઉલ્લંઘન માનવામાં આવે છે. આનું કારણ એ છે કે મુસાફર પોતાના અને અન્ય લોકોના જીવનને જોખમમાં મૂકે છે. ચાલતી કારમાં સનરૂફની બહાર નીકળવું એ એક ખતરનાક સ્ટંટ છે.

ઈલેકટ્રીક મોટર્સ, ટ્રાન્સફોર્મર્સ તથા જનરેટર્સમાં આ પ્રકારના સ્ટીલનો મોટાપાયે વપરાશ થાય છે

## ચીનથી આયાત થતા કોલ્ડ રોલ્ડ નોન ઈલેકટ્રીકલ સ્ટીલ પર એન્ટી ડમ્પિંગ ડયૂટી

મુંબઈ : ચીન ખાતેથી સસ્તી આયાત રોકવાના ભાગરૂપ ભારત સરકારે કોલ્ડ રોલ્ડ નોન ઈલેકટ્રીકલ સ્ટીલની આયાત પર પાંચ વર્ષ માટે એન્ટી ડમ્પિંગ ડયૂટી લાગુ કરી છે. ચીનના સસ્તા માલને કારણે ભારતના સ્થાનિક ઉત્પાદકોને નુકસાન થતું હોવાનું તપાસમાં જણાયા બાદ એન્ટી ડમ્પિંગ ડયૂટી લાગુ કરવા નિર્ણય લેવાયો હોવાનું નાણાં મંત્રાલયના નોટિફિકેશનમાં જણાવાયું હતું. ડયૂટીનો દર પ્રતિ ટન ૨૨૩.૮૦ ડોલરથી ૪૧૪.૯૦ ડોલરની વચ્ચે રખાયો છે. ધ ડાયરેકટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડિસ દ્વારા કરાયેલી ભલામણને આધારે આ નોટિફિકેશન જારી કરાયું છે. કોલ્ડ રોલ્ડ નોન ઈલેકટ્રીકલ સ્ટીલનો વપરાશ મોટેભાગે ઈલેકટ્રીક મોટર્સ, ટ્રાન્સફોર્મર્સ તથા જનરેટર્સમાં થાય છે. ચીન ખાતેથી આયાત કરાતા આ માલ સ્થાનિક સમાન પ્રોડકટસની સરખામણીએ સસ્તામાં ડમ્પિંગ થતા હોવાનું ધ ડાયરેકટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડિસને તપાસમાં જણાયું હતું. સસ્તી આયાતને કારણે ભારતના ઉત્પાદકોને નુકસાન સહન કરવું પડતું હતું. ઘરઆંગણેના સ્ટીલ ઉદ્યોગને રક્ષણ આપવા વિયેતનામ ખાતેથી આયાત થતા હોટ રોલ્ડ ફલેટ સ્ટીલ પર સરકારે ગયા મહિને ડયૂટી લાગુ કરી હતી. વિયેતનામના આ પ્રોડકટસ પર પ્રતિ ટન ૧૨૧.૫૫ ડોલર ડયૂટી લાગુ કરવામાં આવી છે. ચીન ખાતેથી સ્ટીલ સહિત વિવિધ પ્રોડકટસની વધી રહેલી આયાતને પરિણામે વર્તમાન વર્ષના અંતે ચીન સાથેની ભારતની વેપાર ખાધ વધી ૧૦૬ અબજ ડોલર પહોંચવા ધારણાં છે. ચીન ખાતે ભારતની નિકાસ કરતા ત્યાંથી આયાતમાં ઝડપી વધારો થઈ રહ્યો હોવાને કારણે વેપાર ખાધ ઊંચી જોવા મળી રહી છે. ચીન ખાતે ભારતની નિકાસ ૧૭.૫૦ અબજ ડોલર રહેવા અંદાજ મૂકવામાં આવી રહ્યો છે.

## નેશનલ પેન્શન સિસ્ટમ ફેરફાર હવે નિવૃત્તિ બનશે વધુ સુરક્ષિત

નવી દિલ્હી: પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) એ નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) ના ગ્રાહકો માટે નાણાં ઉપાડવાના નિયમોમાં ક્રાંતિકારી સુધારા કર્યા છે. વર્ષ ૨૦૧૫ ના એક્ઝિટ અને વિડ્રોઅલ નિયમોમાં કરવામાં આવેલા આ ફેરફારોનો મુખ્ય ઉદ્દેશ્ય રોકાણકારોને તેમની નિવૃત્તિ પછીની મૂડીનું સંચાલન કરવામાં વધુ સ્વાયત્તતા આપવાનો છે. કેન્દ્રીય નાણા મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી એક અખબારી યાદી મુજબ, આ નવા સુધારા ખાસ કરીને ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ અને 'ઓલ સિટીઝન મોડલ' હેઠળ આવતા સામાન્ય નાગરિકો માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. સરકારનું લક્ષ્ય છે કે નાગરિકો પોતાની નિવૃત્તિ માટે બચાવેલા નાણાંનો જરૂરિયાત મુજબ વધુ સારી રીતે ઉપયોગ કરી શકે.ખાનગી અને કોર્પોરેટ સેક્ટર માટે મહત્વના ફેરફાર આ નવા સુધારામાં બિન-સરકારી કર્મચારીઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. અત્યાર સુધી એનપીએસમાંથી બહાર નીકળવા અથવા નાણાં ઉપાડવા માટેની પ્રક્રિયા થોડી જટિલ હતી, પરંતુ હવે તેને અત્યંત સરળ બનાવવામાં આવી છે.

ભારતે મહિના દરમિયાન ૨૧.૧ મિલિયન ટન ક્રૂડ ઓઈલ આયાત કર્યું

## ક્રૂડ ઓઈલની આયાત 11% વધી, ભાવ ઘટતા આયાત બિલ સ્થિર




અમદાવાદ : નવેમ્બરમાં વાર્ષિક દ્રષ્ટિએ ક્રૂડ ઓઈલ આયાત વોલ્યુમમાં ૧૧ ટકાનો વધારો થયો છે, જ્યારે આયાત બિલ સ્થિર જ રહ્યું છે. પેટ્રોલિયમ પ્લાનિંગ એન્ડ એનાલિસિસ સેલ (પીપીએસી)ના ડેટા અનુસાર નવેમ્બરમાં દેશનું તેલ આયાત બિલ ૯.૯ અબજ ડોલર રહ્યું છે, જે એક વર્ષ અગાઉના સમયની સાપેક્ષે સ્થિર જ છે.ભારતે મહિના દરમિયાન ૨.૧૧ કરોડ ટન ક્રૂડ ઓઈલ આયાત કર્યું હતું, જે ગત વર્ષના સમાન સમયગાળામાં આયાત કરાયેલા ૧.૮૯ કરોડ ટન કરતા નોંધપાત્ર રીતે વધારે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં વધુ પડતા સપ્લાયના ડરના કારણે ૨૦૨૫માં ક્રૂડ ઓઈલના ભાવ નીચા રહ્યા છે. આ કારણોસર જ તેલ ખરીદીમાં વધારા છતાં ભારત માટે આયાત બિલ ઓછું થયું છે.નવેમ્બર ૨૦૨૫ દરમિયાન ભારતીય ક્રૂડ ઓઈલ બાસ્કેટની કિંમત સરેરાશ ૬૪.૩૧ ડોલર પ્રતિ બેરલ હતી, જે ગયા વર્ષે ૭૩.૦૨ ડોલર પ્રતિ બેરલ હતી. એપ્રિલ-નવેમ્બર સમયગાળા દરમિયાન દેશનું ક્રૂડ ઓઈલ આયાત બિલ લગભગ ૧૨ ટકા ઘટીને ૮૦.૯ અબજ ડોલર થયું. ડિસેમ્બરમાં આયાત બિલની આ સ્થિતિ ભારત માટે વધુ સુધરી શકે છે. બેન્ચમાર્ક બ્રેન્ટ ૬૦ ડોલર પ્રતિ બેરલથી પણ નીચે ગગડીને પાંચ વર્ષના તળિયે પહોંચ્યું છે.ભારતનું લિક્વિફાઈડ નેચરલ ગેસ આયાત બિલ પણ નવેમ્બરમાં ૧.૨ અબજ ડોલર પર સ્થિર રહ્યું, જ્યારે આયાત વોલ્યુમમાં ૫ ટકાનો વધારો થયો છે.

## ભારત ટેલિકોમ ક્રાંતિ ૨૦૨૫ ડિજિટલ ક્ષેત્રે ભારતનો વિશ્વવિજય

નવી દિલ્હી: ભારતના ટેલિકોમ વિભાગે (DoT) વર્ષ ૨૦૨૫ના અંતે એક શાનદાર અહેવાલ રજૂ કરીને દેશની ડિજિટલ કાયાપલટની જાહેરાત કરી છે. કનેક્ટિવિટી, ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેલિકોમ ક્ષેત્રે આત્મનિર્ભરતાના મોરચે ભારતે ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરી છે. સંદેશાવ્યવહાર મંત્રાલય દ્વારા જારી કરાયેલા વર્ષના અંતિમ અહેવાલ મુજબ, ભારતે ઈન્ટરનેટ અને મોબાઈલ ઘૂસણખોરીમાં અભૂતપૂર્વ વૃદ્ધિ નોંધાવી છે. જાન્યુઆરી ૨૦૨૫માં શરૂ થયેલા 'નેશનલ બ્રોડબેન્ડ મિશન ૨.૦' એ દેશના ગામડાઓ, શાળાઓ અને હોસ્પિટલો સુધી હાઈ-સ્પીડ ઈન્ટરનેટ પહોંચાડીને 'વિકસિત ભારત ૨૦૪૭' ના વિઝનને સાકાર કરવાની દિશામાં મોટી સફળતા મેળવી છે.

૧૦૦ કરોડ જોડાણો સાથે નવો રેકોર્ડ વર્ષ ૨૦૨૫ દરમિયાન ભારતનો ટેલિકોમ પદચિહ્ન અત્યંત ઝડપથી વિસ્તર્યો છે. દેશમાં ઈન્ટરનેટ કનેક્શનની સંખ્યા ૧૦૦ કરોડને વટાવી ગઈ છે, જે ૨૦૧૪ની સરખામણીમાં લગભગ ચાર ગણો વધારો દર્શાવે છે.

ડેલવેર સુપ્રીમ કોર્ટે નીચલી અદાલતનો ચુકાદો પલટાવ્યો

## મસ્કને ટેસ્લા તરફથી ₹12 લાખ કરોડનું પેમેન્ટ-પેકેજ મળશે : કંપનીમાં હિસ્સેદારી 18% થશે

(એજન્સી) નવી દિલ્હી | તા 20

દુનિયાના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કને તેમના 2018ના પેમેન્ટ પેકેજના મામલે મોટી જીત મળી છે. ડેલવેર સુપ્રીમ કોર્ટે શુક્રવારે નીચલી અદાલતના તે નિર્ણયને પલટી દીધો, જેમાં મસ્કના 56 અબજ ડોલરના વળતર પેકેજને રદ કરી દીધો હતો. ટેસ્લાના શેર્સની કિંમત વધવાથી હવે આ પેકેજની કિંમત લગભગ 139 અબજ ડોલર (લગભગ 12 લાખ કરોડ રૂપિયા) થઈ ગઈ છે.

નીચલી અદાલતે લગભગ બે વર્ષ પહેલાં આ ડીલને 'અકલ્પનીય' ગણાવીને રોકી દીધી હતી. આ નિર્ણયે મસ્કને મોટી રાહત આપી છે. હવે આ નિર્ણય પછી ટેસ્લા પર મસ્કનો કંટ્રોલ વધુ મજબૂત થશે, જેને તેઓ પોતાની મુખ્ય ચિંતા ગણાવતા રહ્યા છે.

કોર્ટે કહ્યું- મસ્કને વળતર વિના છોડવું ખોટું હતું સુપ્રીમ કોર્ટે પોતાના 49 પાનાના નિર્ણયમાં જણાવ્યું કે 2024ની શરૂઆતમાં પેમેન્ટ પેકેજને સંપૂર્ણપણે રદ કરવાનો નિર્ણય મસ્ક માટે અયોગ્ય અને અન્યાયી હતો. કોર્ટે કહ્યું કે પેકેજ રદ કરવાથી મસ્કને તેમની છ વર્ષની મહેનત માટે કોઈ વળતર મળતું નથી.

શુક્રવારે બજાર બંધ થતાં ટેસ્લાના શેર ભાવના આધારે 2018ના આ પેકેજની વર્તમાન કિંમત લગભગ 139 અબજ ડોલર છે. ટેસ્લાના રોકાણકાર ડીપવોટર એસેટ મેનેજમેન્ટના મેનેજિંગ પાર્ટનર જીન મુંસ્ટરે જણાવ્યું કે માટે આ એક જીત છે કારણ કે તેમને કંપની પર ઝડપથી નિયંત્રણ મળશે.

કંપનીમાં હિસ્સેદારી વધીને 18.1% થઈ જશે જો મસ્ક 2018ના પેકેજમાંથી મળેલા તમામ સ્ટોક ઓપ્શન્સનો ઉપયોગ કરે છે, તો ટેસ્લામાં તેમનો હિસ્સો હાલના 12.4% થી વધીને 18.1% થઈ જશે. જોકે, તેમને આ શેર મેળવવા માટે કંપનીના પર્ફોર્મન્સ સંબંધિત લક્ષ્યો પૂરા કરવા પડશે. આ મામલે ટેસ્લાએ તરત કોઈ ટિપ્પણી કરી નથી, પરંતુ મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કર્યું, 'હું સાચો સાબિત થયો.'

શું છે 2018નો આખો વિવાદ? 2018માં ટેસ્લાના બોર્ડે મસ્ક માટે એક મોટા પેમેન્ટ પેકેજને મંજૂરી આપી હતી. આ અંતર્ગત, જો ટેસ્લા બજારમાં કેટલાક મોટા લક્ષ્યો હાંસલ કરે છે, તો મસ્કને ખૂબ જ ડિસ્કાઉન્ટેડ ભાવે કંપનીના લગભગ 304 મિલિયન શેર ખરીદવાનો વિકલ્પ મળશે. ટેસ્લાએ આ તમામ લક્ષ્યો હાંસલ પણ કરી લીધા હતા. પરંતુ જેવી જ શેરહોલ્ડરોએ આ પેકેજને મંજૂરી આપી, રિચાર્ડ ટોર્નેટા નામના એક રોકાણકારે તેના પર દાવો માંડ્યો.

આઈટી | ભવિષ્યમાં ટેક ખર્ચ સ્થિરતામાં પાછો આવી શકે છે

## ઈન્ફોસિસના શેરમાં 40%નો ઉછાળો, અમેરિકામાં મચ્યો હડકંપ

(એજન્સી) નવી દિલ્હી | તા 00




ભારતીય આઈટી દિગ્ગજ ઈન્ફોસિસના અમેરિકન ડિપોઝિટરી રિસીટમાં અચાનક 38 ટકાથી વધારે ઉછાળો જોવા મળ્યો અને શેરની કિંમત 27 ડોલરની પાર પહોંચી ગઈ. આ તેજી એટલી અસામાન્ય અને ઝડપી હતી કે એક્સચેન્જની સ્થિતિ સંભાળવા માટે કેટલોક સમય ટ્રેડિંગ રોકવી પડી. ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જમાં 19 ડિસેમ્બરે કંઈક એવું થયુ રે રોકાણકારે હેરાન પરેશાન થઈ ગયા. ભારતીય આઈટી દિગ્ગજ ઈન્ફોસિસના અમેરિકન ડિપોઝિટરી રિસીટમાં અચાનક 38 ટકાથી વધારે ઉછાળો જોવા મળ્યો અને શેરની કિંમત 27 ડોલરની પાર પહોંચી ગઈ. આ તેજી એટલી અસામાન્ય અને ઝડપી હતી કે એક્સચેન્જની સ્થિતિ સંભાળવા માટે કેટલોક સમય ટ્રેડિંગ રોકવી પડી. સૌથી વધારે ચોંકાવનારી વાત એ હતી કે જે દિવસે અમેરિકી બજારમાં આ અફરા તફરી મચી તે દિવસે ભારતમાં ઈન્ફોસિસનો શેર મામૂલી વધારા સાથે બંધ થયો હતો.ઈન્ફોસિસના ADR શેરમાં આ તીવ્ર વધારો વૈશ્વિક IT ક્ષેત્રમાં સેન્ટિમેન્ટ સાથે સીધો જોડાયેલો છે. હકીકતમાં અમેરિકન IT કંપની એક્સેન્ચરના પ્રથમ ક્વાર્ટરના પરિણામો અપેક્ષા કરતા ઘણા સારા હતા. એક્સેન્ચરના પ્રદર્શનથી અમેરિકન રોકાણકારોને ખાતરી મળી કે ભવિષ્યમાં ટેક ખર્ચ સ્થિરતામાં પાછો આવી શકે છે. ઈન્ફોસિસનો મુખ્ય વ્યવસાય ઉત્તર અમેરિકાથી આવતો હોવાથી ત્યાંના રોકાણકારોએ પણ આ સમાચારને ઈન્ફોસિસ માટે અત્યંત સકારાત્મક ગણાવ્યા.આ સકારાત્મક સેન્ટિમેન્ટ વચ્ચે 17 ડિસેમ્બરે ADR શેર વધવા લાગ્યા જે 19 ડિસેમ્બરે ટોચ પર પહોંચ્યા.શોર્ટ સ્ક્વિઝ અને શેરની અછતએ ગણિતને બરબાદ કરી દીધુંબજારના અહેવાલો અને નિષ્ણાંતોના મતે ઈન્ફોસિસના ADR શેરમાં આ ઉછાળાનું એક મુખ્ય કારણ બજારમાં શેરની અચાનક અછત હતી. એક મોટી બેંકે ટૂંકા વિક્રેતાઓને આપેલા શેર પાછા ખેંચ્યા. જ્યારે બેંકે અચાનક આ શેર પાછા ખેંચ્યા ત્યારે ઘટાડા પર દાવ લગાવનારા વેપારીઓમાં ગભરાટ ફેલાઈ ગયો. તેમની શોર્ટ પોઝિશનને હેજ કરવા અને નુકસાન ઘટાડવા માટે આ વેપારીઓએ બજારમાંથી ઊંચા ભાવે શેર ખરીદવાનું શરૂ કર્યું. માંગમાં વધારો અને પુરવઠામાં ઘટાડો થવાની આ સ્થિતિને બજારની ભાષામાં "ટૂંકા દબાણ" તરીકે ઓળખવામાં આવે છે. આના કારણે ભાવમાં વધારો થયો, જેના કારણે ન્યૂ યોર્ક સ્ટોક એક્સચેન્જને સર્કિટ બ્રેકર લાગુ કરવાની ફરજ પડી.

જ્યારે ન્યૂ યોર્કમાં ઈન્ફોસિસના શેર આસમાને પહોંચી રહ્યા હતા ત્યારે ભારતમાં નેશનલ સ્ટોક એક્સચેન્જમાં ચિત્ર તદ્દન અલગ હતું. 19 ડિસેમ્બરે, ઈન્ફોસિસ રૂ. 1,638 પર બંધ થયું. જે સ્થાનિક બજારમાં માત્ર 0.7% વધીને હતું. જોકે વિપ્રો જેવા અન્ય ભારતીય આઈટી શેરોના ADR માં પણ વધારો જોવા મળ્યો છે જે દર્શાવે છે કે ભારતીય કંપનીઓ પ્રત્યે વૈશ્વિક ભાવના સુધરી રહી છે. નિષ્ણાંતો કહે છે કે છેલ્લા મહિનામાં નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં સુધારો થયો છે, પરંતુ તે 2025 માટે અપેક્ષાઓ કરતાં ઘણો ઓછો છે. તેથી યુએસ બજારની અસ્થિરતાના આધારે કોઈપણ રોકાણ નિર્ણય લેતા પહેલા સ્થાનિક ત્રિમાસિક પરિણામો અને વૈશ્વિક ઓર્ડર પાઈપલાઈનનું નિરીક્ષણ કરવું મહત્વપૂર્ણ છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, પોષ સુદ-02

# શું તમારી પાસે હજુ 2000 રૂપિયાની નોટ છે? RBIએ કહી આ મહત્વની વાત

2000 રૂપિયાની નોટો હજુ પણ કાયદેસર ચલણમાં છે, એટલે કે તે ચુકવણી માટે માન્ય છે. જોકે, મોટાભાગની બેંક શાખાઓ અથવા રિટેલ આઉટલેટ્સમાં નિયમિત વ્યવહારો માટે હવે તે સ્વીકારવામાં આવતી નથી.

2000 રૂપિયાની નોટ હવે દેશમાં ચલણમાં નથી. ભારતીય રિઝર્વ બેંકે મે ૨૦૨૩માં તેને ચલણમાંથી પાછી ખેંચી લેવાનો નિર્ણય લીધો હતો. 2000 રૂપિયાની નોટો કાયદેસર ટેન્ડર હોવા છતાં, તેનો ઉપયોગ હવે વ્યવહારો માટે થતો નથી. આવી સ્થિતિમાં, જો તમારા ઘર, દુકાન કે વ્યવસાયમાં હજુ પણ 2000 રૂપિયાની નોટો પડી હોય, તો RBI એ તેમને તાત્કાલિક પરત કરવાની સલાહ આપી છે. ભલે રિઝર્વ બેંકે મે 2023થી આ ઉચ્ચ મૂલ્યની નોટો પાછી ખેંચવાનું શરૂ કરી દીધું હોય, પરંતુ બે વર્ષથી વધુ સમય પછી પણ, લગભગ 6,000 કરોડ રૂપિયાની કરન્સી હજુ પણ સર્ક્યુલરમાં છે.

RBI એ સ્પષ્ટતા કરી છે કે 2,000 રૂપિયાની નોટો હજુ પણ કાયદેસર ટેન્ડર છે, એટલે કે તે ચુકવણી માટે માન્ય છે. જો કે, મોટાભાગની બેંક શાખાઓ અથવા રિટેલ આઉટલેટ્સ પર નિયમિત વ્યવહારો માટે હવે તે સ્વીકારવામાં આવતી નથી. 31 ઓક્ટોબર, 2025 સુધીમાં, ચલણમાં રહેલી 2000 રૂપિયાની નોટોમાંથી લગભગ 98.37% નોટો પાછી ખેંચી લેવામાં આવી છે.




નોટો પાછી ખેંચવાની આ પ્રક્રિયા RBIની 'ક્લીન નોટ પોલિસી'નો એક ભાગ છે, જેનો ઉદ્દેશ્ય સિસ્ટમમાંથી જૂની અને ઓછી વપરાયેલી નોટો દૂર કરવાનો છે. દૈનિક વ્યવહારોમાં તેનો ઉપયોગ ઓછો થવાને કારણે નાણાકીય વર્ષ 2018-19 પછી 2000 રૂપિયાની નોટોનું છાપકામ બંધ કરવામાં આવ્યું હતું.

કોમર્શિયલ બેંક શાખાઓમાં 2000 રૂપિયાની નોટો જમા કરાવવાની કે બદલવાની સુવિધા 7 ઓક્ટોબર 2023ના રોજ સમાપ્ત થઈ ગઈ છે. હાલમાં, દેશભરમાં ફક્ત 19 RBI કોર્પોરેટ ઓફિસોમાં જ નોટ એક્સચેન્જની સુવિધા ઉપલબ્ધ છે. જો તમે ઈચ્છો તો, તમે દેશના કોઈપણ પોસ્ટ ઓફિસમાંથી 2000 રૂપિયાની નોટો તમારા બેંક ખાતામાં જમા કરાવવા માટે રિઝર્વ બેંકની કોઈપણ કોર્પોરેટ ઓફિસમાં મોકલી શકો છો. આ 19 ઓફિસો અમદાવાદ, બેંગલુરુ, હૈદરાબાદ, જયપુર, કાનપુર, કોલકાતા, લખનૌ, મુંબઈ, પટના, નવી દિલ્હી અને ચેન્નાઈ જેવા મુખ્ય શહેરોમાં આવેલી છે. ઉત્તર પ્રદેશમાં કોર્પોરેશનની ઓફિસો કાનપુર અને લખનૌ જેવા મુખ્ય શહેરોમાં આવેલી છે.

RBIના ચીફ જનરલ મેનેજર (CGM) બ્રિજરાજ દ્વારા જારી કરાયેલા પરિપત્ર મુજબ, રકમ સાચા ખાતામાં જમા થઈ છે તેની પુષ્ટિ કરવા માટે થાપણદારોએ ઓળખ પુરાવા તરીકે પોતાનું આધાર કાર્ડ અને બેંક ખાતાની વિગતો આપવાની રહેશે. લખનૌમાં RBIના પ્રાદેશિક નિર્દેશકે કહ્યું કે તમને શાખામાં એક ફોર્મ આપવામાં આવશે, જે ભરીને નોટ અને ID પ્રૂફ સાથે સબમિટ કરવાનું રહેશે.

લોકો હજુ પણ 2000 રૂપિયાની નોટ વિશે મૂંઝવણમાં છે. તેઓ માને છે કે વિલંબને કારણે, આ નોટો અસ્વીકાર્ય થઈ શકે છે અથવા તેમની કિંમત ઘટી શકે છે, પરંતુ આવું નથી. RBI એ જનતાને બાકીની નોટો જમા કરાવવા માટે તેની પ્રાદેશિક કચેરીઓમાં સ્થાપિત ખાસ એક્સચેન્જ કાઉન્ટરનો ઉપયોગ કરવાની અપીલ કરી છે.

આ નોટો નવેમ્બર 2016માં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, 1934ની કલમ 24(1) હેઠળ જારી કરવામાં આવી હતી. 2018-19માં તેમનું છાપકામ બંધ કરવામાં આવ્યું હતું. દેશની ચલણ જરૂરિયાતોને પહોંચી વળવા માટે 500 અને 1000 રૂપિયાની જૂની નોટો બંધ કરવામાં આવી હતી ત્યારે નોટબંધી દરમિયાન આ નોટો જારી કરવામાં આવી હતી.

## ઈસુદાન ગઢવીના ભાજપ સરકાર પર પ્રહાર

# 73 લાખ લોકોના વોટ કાપી નખાયા

### SIR પ્રક્રિયામાં મોટા પાયે ગેરરીતિનો આક્ષેપ, ૨૦,૦૦૦ કાર્યકરોની ટીમ મેદાને

(એજન્સી) અમદાવાદ । તા. 20

ગુજરાતમાં આગામી ચૂંટણીઓ પહેલા રાજકીય ગરમાવો તેજ બન્યો છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ રાજ્યની ભાજપ સરકાર પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે, SIR (Special Institutional Region) ની પ્રક્રિયા દરમિયાન ગુજરાતમાં અંદાજે ૭૩,૭૩,૦૦૦ જેટલા મતદારોના નામ મતદાર યાદીમાંથી કાપી નાખવામાં આવ્યા છે. તેમણે આને ભાજપની હારનો ડર અને લોકશાહી વિરોધી પગલું ગણાવ્યું છે.




### ૨૦,૦૦૦ BLA-2 ની ટીમ મતદારોની મદદે

ઈસુદાન ગઢવીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, "ભાજપ ખૂબ જ ખરાબ રીતે ચૂંટણી હારી રહી છે તે આ આંકડાઓ પરથી સ્પષ્ટ દેખાય છે. જનતાના મતાધિકારને છીનવવાનો આ પ્રયાસ સફળ નહીં થવા દઈએ." તેમણે જાહેરાત કરી કે આમ આદમી પાર્ટીએ ૨૦,૦૦૦ સભ્યોની BLA-2 (Booth Level Agent) ટીમ તૈયાર કરી છે. આ ટીમ એવા લોકોની મદદ કરશે જેમના નામ મતદાર યાદીમાંથી કપાઈ ગયા છે. 'આપ' નેતાએ લોકોને અપીલ કરી છે કે જેમના નામ કપાયા હોય તેઓ પક્ષનો સંપર્ક કરે, જેથી તેમના નામ ફરીથી નોંધાવવામાં મદદ કરી શકાય.

### ચારે બાજુ આંદોલનનો માહોલ અને ભાજપ સામે રોષ

સરકાર પર પ્રહારો ચાલુ રાખતા ગઢવીએ કહ્યું કે, અત્યારે ગુજરાતમાં ખેડૂતો, બેરોજગાર યુવાનો, મહિલાઓ અને મધ્યમ વર્ગ સરકારની નીતિઓથી કંટાળીને આંદોલનના મૂડમાં છે. સરકારી કર્મચારીઓને યોગ્ય પગાર કે ન્યાય નથી મળી રહ્યો, જ્યારે માર્કેટ યાર્ડમાં ખેડૂતો સાથે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે. ભાજપના ૩૦ વર્ષના શાસનમાં લોકોમાં રોષ ચરમસીમાએ છે અને તે આગામી ચૂંટણીમાં પરિવર્તન લાવશે.

### બાઈફરકેશન અને કાનૂની લડતની તૈયારી

આમ આદમી પાર્ટી આ ૭૩ લાખ મતદારોના ડેટાનું વિગતવાર વિશ્લેષણ (Bifurcation) કરશે. ઈસુદાન ગઢવીએ દાવો કર્યો કે ભાજપ ગમે તેટલી કોશિશ કરી લે, પરંતુ જનતા હવે આમ આદમી પાર્ટી પર જ વિશ્વાસ મૂકશે. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપ સરકારે જાણીજોઈને વિરોધ પક્ષના મતો કાપવાની રણનીતિ અપનાવી છે, જેની સામે 'આપ' કાયદાકીય અને સામાજિક રીતે લડત આપશે.

# વસાવાની આદિવાસીઓના કેસ પરત લેવા માંગ

### હાર્દિક પટેલના કેસ મુદ્દે સરકારને ઘેરી

(એજન્સી) અમદાવાદ/ભરૂચ । તા. 20

ગુજરાત સરકાર દ્વારા પાટીદાર અનામત આંદોલન સમયના હાર્દિક પટેલ સહિતના આગેવાનો પરના રાજદ્રોહના કેસો પરત ખેંચવાના નિર્ણય બાદ હવે રાજ્યમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય અને આદિવાસી નેતા ચૈતર વસાવાએ આ મુદ્દે સરકારના વલણ સામે સવાલો ઉઠાવ્યા છે. તેમણે માંગ કરી છે કે જો સરકાર હાર્દિક પટેલ સામેના કેસો પરત લઈ શકતી હોય, તો અંબાજી નજીકના પાલડિયા ગામના નિર્દોષ આદિવાસીઓ અને અન્ય આંદોલનકારીઓ સામેના કેસો પણ પરત લેવા જોઈએ.





### કાયદો બધા માટે એક સરખો હોવો જોઈએ

મીડિયા સમક્ષ પોતાની પ્રતિક્રિયા આપતા ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, "અહીં સવાલ હાર્દિક પટેલ વ્યક્તિનો નથી, પરંતુ સવાલ ગુજરાતની કાનૂન વ્યવસ્થાની વિશ્વસનીયતાનો છે. હાર્દિક પટેલ ભાજપમાં જોડાયા એટલે તેમના પરના દેશદ્રોહ જેવા ગંભીર કેસો પણ સરકારે પરત ખેંચી લીધા. જો સરકાર આટલી ઉદાર બની શકતી હોય, તો પાલડિયા ગામના આદિવાસીઓ પર કરવામાં આવેલા ખોટા કેસો પણ ત્વરિત પરત ખેંચવા જોઈએ."

### તમામ વર્ગોના આંદોલનકારીઓ માટે લડતની તૈયારી

ચૈતર વસાવાએ માત્ર આદિવાસીઓ જ નહીં, પરંતુ રાજ્યના SC, ST, OBC, વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ પર વિવિધ આંદોલનો દરમિયાન થયેલા કેસો અંગે પણ અવાજ ઉઠાવ્યો છે. તેમણે કહ્યું કે, "સરકારે પક્ષપાત છોડીને ગુજરાતમાં જે પણ જ્ઞાતિ કે સંગઠનોએ પોતાના હક માટે આંદોલનો કર્યા છે અને તેમના પર કેસ થયા છે, તે તમામ પરત લેવા જોઈએ." તેમણે વધુમાં ઉમેર્યું કે આ મુદ્દે તેઓ આગામી દિવસોમાં સરકારના પ્રતિનિધિઓની રૂબરૂ મુલાકાત પણ લેશે.

### સરકારની કાનૂની નીતિ પર ઉઠ્યા સવાલો

આમ આદમી પાર્ટીનું માનવું છે કે સરકાર સત્તાના જોરે વિપક્ષી નેતાઓ કે આંદોલનકારીઓને દબાવવા માટે કેસો કરે છે અને જ્યારે તેઓ સત્તાધારી પક્ષમાં જોડાઈ જાય ત્યારે કેસો 'પરત' લેવાની નીતિ અપનાવે છે.

ચૈતર વસાવાએ સ્પષ્ટ કર્યું કે આદિવાસી સમાજ અને અન્ય પછાત વર્ગો સામે થયેલા અન્યાય સામે તેઓ વિધાનસભાથી લઈને સડક સુધી લડત આપશે.

## મયૂરપંખ ડિઝાઈનવાળા વાઘા ધરાવાયા

# શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને દક્ષિણી થીમના દિવ્ય શણગાર

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

સાળંગપુર તા.૨૦. શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને આજે તારીખ 20-12-2025ને શનિવારના રોજ અત્યંત ભવ્ય અને પરંપરાગત 'દક્ષિણી થીમ' (South Indian Theme) પર વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો.



દાદાના સિંહાસન અને ગર્ભગૃહને દક્ષિણ ભારતીય મંદિરોની પરંપરા મુજબ કલાત્મક રીતે સજાવવામાં આવ્યું હતું. હનુમાનજી દાદાને એમ્બ્રોઈડરી વર્ક સાથેના મયૂરપંખની ડિઝાઈનવાળા અત્યંત આકર્ષક વાઘા ધરાવવામાં આવ્યા હતા. દાદાને ચાંદીનો મુગટ પહેરાવી, તાજા ગુલાબ અને શેવંતીના ફૂલોનો અદભૂત શણગાર કરી આખું મંદિર ભક્તિમય બનાવવામાં આવ્યું હતું.આજના પવિત્ર શનિવારે વહેલી સવારે 5:30 કલાકે મંગળા આરતી અને ત્યારબાદ સવારે 7:00 કલાકે કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા શણગાર આરતી કરવામાં આવી હતી. વિશેષમાં, મંદિરના પટાંગણમાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પવિત્ર ધનુર્માસ તા.16 ડિસેમ્બર ૨૦૨૫ થી તા.14 જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન પારિવારિક શાંતિ માટે તેમજ વિશ્વ કલ્યાણ અર્થે શ્રી હરિ મંદિરમાં "શ્રી હનુમાન ચાલીસાના પાઠ" તેમજ "ૐ નમો હનુમતે ભયભંજનાય સુખમ્ કુરુ ફટ્ સ્વાહા" પાઠનો જપ યજ્ઞ પ્રારંભ કરવામાં છે. સવારે ૭ થી ૧૨ અને સાંજે ૩ થી ૬:૩૦ કલાક દરમિયાન દરરોજ કરવામાં આવે છે. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરી રહ્યા છે.

### ગરુડેશ્વર માં અધિકારીઓ એ પ્લોટ લીધા એ તમામ ગેરવ્યાજબી : સરકારી પ્લોટ લઈ સ્ટે હોમ ચલાવી ધંધો કરે છે : ચૈતર વસાવા

ભરત શાહ | નર્મદા

જિલ્લા કલેક્ટર એસ.કે. મોદીની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ ભિમસિંહ તડવી, દેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય ચૈતર વસાવા એ જિલ્લા સંકલન માં દેડીયાપાડા ખાતે યોજાયેલ પી.એમ મોદી ના કાર્યક્રમ માં ખર્ચાયેલ કરોડો રૂપિયાનો તંત્ર પાસે હિસાબ માંગ્યો જે ચર્ચા નો વિષય બન્યો હતો.

# બગસરાના પીઠડીયા ગામે 18 લાખના વિકાસ કાર્યનું ધારાસભ્ય જે.વી.કાકડીયાના

| અશોક મણવર | અમરેલી

અમરેલીના બગસરા તાલુકાના પીઠડીયા ગામે ધારાસભ્ય જે.વી. કાકડિયા હસ્તે વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરાયું પીઠડીયા ગામે 15 માં નાણાપંચ માંથી રોડ અને ભૂગર્ભ ગટરના કામનું ખાતમુર્હુત કરાયું ધારી બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયાના અર્થાત પ્રયત્નથી બગસરા તાલુકામાં વિવિધ વિકાસ કામોને વેગ મળ્યો

પીઠડીયા ગામે પુર્વ સરપંચ અરવિંદભાઈ ચૌહાણ અને રામભાઈ વાળા દ્વારા ગામે વિકાસને વેગ મળ્યો ધારાસભ્ય જે.વી. કાકડિયા દ્વારા સેવાડાના લોકોને સારી સુખાકારી મળે તે અંતર્ગત રોડ રસ્તા પાણી સહિત વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરાયું પીઠડીયા ગામે રોડ અને ભૂગર્ભ ગટરના અંદાજે 18 લાખના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરાયું આ તકે બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદિપભાઈ ભાખર હર્ષદભાઈ રાવળ, દેવરાજભાઈ રાંક પ્રકાશભાઈ પરમાર બાબુભાઈ બકરાણીયા



બગસરા માર્કેટ યાર્ડના ચેરમેન કાંતિભાઈ વેકરીયા રાજુભાઈ કાઠીયાવાડી જયંતીભાઈ રાઠોડ

દિનેશભાઈ દાફડા ભાજપ સામાજિક કાર્યકર રામભાઈ વાળા ચંદુભાઈ નાકરાણી પૂર્વ સરપંચ અરવિંદભાઈ ચૌહાણ ગોરધનભાઈ શેલડીયા મંડળી ના પ્રમુખ અરવિંદભાઈ ભીમજીભાઈ બોધરા કિશોરભાઈ પટેલ જયસુખભાઈ પીપળીયા જયસુખભાઈ ડાબસરા રમેશભાઈ ડાબસરા સવજીભાઈ દલિત સમાજના અગ્રણી દિનેશભાઈ ચૌહાણ નરેશભાઈ દેવજીભાઈ સહિત બહોળી ગામ લોકો ઉપસ્થિત રહ્યા..

## આત્મવિશ્વાસ, પુનરાવર્તન અને સમયપાલન જેવા પાંચ મંત્રો આપશે સફળતાની ગેરંટી

# પંચસૂત્રોથી પરીક્ષાની વૈતરણીના સામે કાંઠે: વિદ્યાર્થીઓ માટે પ્રેરણાપાત્ર લેખ

તખુભાઈ સાંડસુર

પરીક્ષા એટલે માત્ર કાગળ પર ઉત્તરો લખવા તે નથી, પરંતુ તે એક એવું મૂલ્યાંકન છે જે શીખેલા જ્ઞાનમાંથી પ્રાપ્ત કરેલી સુઝને દર્શાવવાનો અવસર પૂરો પાડે છે. જો આપણે પરીક્ષાને એક આપત્તિને બદલે 'ઉત્સવ' તરીકે જોવાની દૃષ્ટિ કેળવીએ, તો સફળતાનું સોપાન ચોક્કસ સર કરી શકાય છે. લેખક તખુભાઈ સાંડસુર અહીં સફળતાના પાંચ અણમોલ સૂત્રો રજૂ કરે છે:

સફળતાનું પ્રથમ સોપાન આત્મવિશ્વાસ એ દરેક સફળતાનો પાયો છે. જે રીતે એક કુશળ ડોક્ટર દર્દીને માત્ર પોતાના ભરોસાપાત્ર શબ્દોથી અડધો સ્વસ્થ કરી દે છે, તેવી જ રીતે પરીક્ષામાં જતી વખતે 'હું આ કરી શકું છું' એવો દ્રઢ વિશ્વાસ હોવો જરૂરી છે. આ ભરોસો જીવનને સુગંધિત બનાવે છે અને મુશ્કેલીઓને નાની કરી દે છે.સ્મૃતિને કાયમી બનાવવાની ચાવી મનોવૈજ્ઞાનિકો કહે છે કે કોઈપણ વિચાર કે એકમનું પાંચ વખત પુનરાવર્તન કરવાથી તે માનસના સોફ્ટવેરમાં કાયમી ધોરણે સંગ્રહિત થઈ જાય છે. રોજ



પ્રશ્નપત્રો લખવાની પ્રેક્ટિસ કરવાથી અને સતત રિવિઝન કરવાથી વિષય પર પ્રભુત્વ આવે છે.ભૂલોમાંથી શીખવાની પ્રક્રિયા ચિંતા અને ચિંતન વચ્ચે આકાશ-પાતાળનો તફાવત છે. ચિંતન એટલે વાંચેલું અને સાંભળેલું મનોજગતમાં વાગોળવું. રજૂઆત કર્યા બાદ તેમાં રહેલી ભૂલોને ઓળખવી અને તેને મઠારવી એ જ સાચો સુધાર છે. આ પ્રક્રિયા વિદ્યાર્થીને પરિપક્વ બનાવે છે. માઈક્રો મેનેજમેન્ટની શક્તિ પરીક્ષામાં મળતી ૧૮૦ મિનિટનું યોગ્ય વ્યવસ્થાપન અનિવાર્ય છે. પ્રશ્નપત્રને ત્રણ ભાગમાં વહેંચો:હકારાત્મક સાથીઓની પસંદગી યુદ્ધ લડતા પહેલા હિંમત હારી જાય તેવા સૈનિકોને સાથે ન રાખવા જોઈએ. કાઠિયાવાડમાં કહેવત છે કે 'એક હારણ ૧૦૦ ને હરાવે'. હંમેશા હિંમતવાન અને સકારાત્મક સાથીઓની સંગત કરો જે તમારા જીવનમાં પૂરક બની શકે.તખુભાઈ સાંડસુર અંતમાં તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા જણાવે છે કે, આ પંચસૂત્રોને જીવનમાં ઉતારીને તમે અમાપ શક્તિ હાંસલ કરી સફળતાના શિખરો સર કરશો.

## મયૂરપંખ ડિઝાઈનવાળા વાઘા ધરાવાયા

# શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને દક્ષિણી થીમના દિવ્ય શણગાર

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

સાળંગપુર તા.૨૦. શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને આજે તારીખ 20-12-2025ને શનિવારના રોજ અત્યંત ભવ્ય અને પરંપરાગત 'દક્ષિણી થીમ' (South Indian Theme) પર વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો.



દાદાના સિંહાસન અને ગર્ભગૃહને દક્ષિણ ભારતીય મંદિરોની પરંપરા મુજબ કલાત્મક રીતે સજાવવામાં આવ્યું હતું. હનુમાનજી દાદાને એમ્બ્રોઈડરી વર્ક સાથેના મયૂરપંખની ડિઝાઈનવાળા અત્યંત આકર્ષક વાઘા ધરાવવામાં આવ્યા હતા. દાદાને ચાંદીનો મુગટ પહેરાવી, તાજા ગુલાબ અને શેવંતીના ફૂલોનો અદભૂત શણગાર કરી આખું મંદિર ભક્તિમય બનાવવામાં આવ્યું હતું.આજના પવિત્ર શનિવારે વહેલી સવારે 5:30 કલાકે મંગળા આરતી અને ત્યારબાદ સવારે 7:00 કલાકે કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા શણગાર આરતી કરવામાં આવી હતી. વિશેષમાં, મંદિરના પટાંગણમાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પવિત્ર ધનુર્માસ તા.16 ડિસેમ્બર ૨૦૨૫ થી તા.14 જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન પારિવારિક શાંતિ માટે તેમજ વિશ્વ કલ્યાણ અર્થે શ્રી હરિ મંદિરમાં "શ્રી હનુમાન ચાલીસાના પાઠ" તેમજ "ૐ નમો હનુમતે ભયભંજનાય સુખમ્ કુરુ ફટ્ સ્વાહા" પાઠનો જપ યજ્ઞ પ્રારંભ કરવામાં છે. સવારે ૭ થી ૧૨ અને સાંજે ૩ થી ૬:૩૦ કલાક દરમિયાન દરરોજ કરવામાં આવે છે. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરી રહ્યા છે.

# જૂનાગઢમાં ધોરણ 10 અને 12 ના વિદ્યાર્થીઓ માટે યોજાશે પ્રી-બોર્ડ પરીક્ષા

### પ્રી-બોર્ડ પરીક્ષા તારીખ 3અને 4 જાન્યુઆરી 2026ના રોજ યોજાશે

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.20

ધોરણ 10 અને 12 ના બોર્ડની પરીક્ષા નજીક આવી રહી છે અને સાથે જ વિદ્યાર્થીઓ તથા વાલીઓમાં પરીક્ષા સંબંધી તણાવનો માહોલ જોવા મળે છે. આવા સમયમાં વિદ્યાર્થીઓને બોર્ડ પરીક્ષા નો વાસ્તવિક અનુભવ આપવા તથા તેમની તૈયારીને વધુ મજબૂત બનાવવા માટે નોબલ યુનિવર્સિટી, જૂનાગઢ અને જૂનાગઢ એકેડેમિક એસોસિએશન ના સંયુક્ત ઉપક્રમે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે એક ખાસ પ્રી-બોર્ડ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રી-બોર્ડ પરીક્ષા તારીખ 3અને 4 જાન્યુઆરી 2026ના રોજ યોજાશે, આ પરીક્ષાનો મુખ્ય ઉદ્દેશ બોર્ડ પરીક્ષા પૂર્વે વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ કેળવવાનો તેમજ તેઓ પોતાનું સ્વ-મૂલ્યાંકન કરી શકે તે છે, પ્રી-બોર્ડ પરીક્ષા બોર્ડની નવી પેપર સ્ટાઈલ મુજબ ગુજરાતી તેમજ અંગ્રેજી બંને માધ્યમમાં બોર્ડ પરીક્ષાના માહોલને અનુરૂપ જ લેવામાં આવશે. આ પરીક્ષામાં ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ માટે ગણિત, ધોરણ ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓ માટે એકાઉન્ટ્સ, ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે કેમિસ્ટ્રી, તથા ધોરણ ૧૨ આર્ટ્સના વિદ્યાર્થીઓ માટે મનોવિજ્ઞાન અથવા અંગ્રેજી વિષયોની પરીક્ષા લેવામાં આવશે.

આ પરીક્ષામાં ભાગ લેવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ ફ્રી ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે રજીસ્ટ્રેશન માટે 9824299961 નંબર પર વોટ્સએપ માં ' TEST' લખી મોકલી આપવું અથવાતો રૂબરૂ રજીસ્ટ્રેશન કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ નોબેલ યુનિવર્સિટી, ભેસાણ રોડ અથવા નોબેલ યુનિવર્સિટી સિટી કેમ્પસ, આંબાવાડી, જોષીપરા ખાતે સંપર્ક કરવો. આ પરીક્ષામાં આવવા-જવા માટે જૂનાગઢ ,ધોરાજી ,જેતપુર, કેશોદ ઉપલેટા, માણાવદર, વિસાવદર વગેરે રૂટ પરથી સંસ્થા તરફથી બસની વ્યવસ્થા કરી આપવામાં આવશે. ઉપરાંત આ પરીક્ષામાં સારા માર્ક્સ મેળવનાર દરેક વિદ્યાર્થીઓને નોબલ યુનિવર્સિટી તેમજ જૂનાગઢ એકેડમીક એસોસિએશન તરફથી એવોર્ડ્સ સર્ટિફિકેટ અને ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે તેમજ સ્કોલરશીપ પણ આપવામાં આવશે.

આ આયોજન બદલ નોબલ યુનિવર્સિટીનાં પ્રમુખશ્રી ડૉ. નિલેશ ધૂલેશિયા, ઉપપ્રમુખશ્રી ગિરીશ કોટેચા, મેનેજિંગ ટ્રસ્ટીશ્રી વી.પી. ત્રિવેદી, સંસ્થાના કો-મેનેજિંગ ટ્રસ્ટીશ્રી કે.ડી. પંડ્યા, સંસ્થાના કુલપતિ ડૉ.એચ.એન.ખેર તેમજ જુનાગઢ એકેડેમિક એસોસિએશનના પ્રમુખશ્રી વિજય ખખ્ખર દ્વારા સફળ આયોજન માટે શુભેચ્છા પાઠવવામાં આવી છે તેમ સંસ્થાના રજિસ્ટ્રાર અને ડીનશ્રી ડૉ. જય તલાટી દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

### નાંદોદ તાલુકામાં થયેલા બે અકસ્માત માં એક મોત, એક ને ગંભીર ઈજા

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં થયેલા બે અકસ્માત માં એક વ્યક્તિ નું મોત થયું હતું જ્યારે એક વ્યક્તિ ને ગંભીર ઈજા થતા પોલીસે ગુનો દાખલ કર્યો છે.પ્રાપ્ત માહિતી મુજબ શહેરાવગામ ગામ પર થયેલા અકસ્માત માં અંકિતભાઈ ધીરુભાઈ તેજાણી, રહે ઘર નંબર ૧૮૮ સહજાનંદ રેસીડેન્સી કોળી ભરથાણા ગામ તાલુકો કામરેજ જી. સુરત નાઓ એ આપેલ ફરિયાદ મુજબ તેમના માતા પિતા પોતાની મો.સા. લઈને જતા હોય તે વખતે કોઈ અજાણ્યા વાહન ચાલકે શહેરાવ ગામ ના રોડ પર ટક્કર મારતા તેમના પિતાજી ધીરૂભાઈ મોહનભાઈ તેજાણી ને તથા તેમના માતા ઉર્મીલાબેન ને નીચે પાડી દઈ તેમના પિતાને ગંભીર ઈજા કરતા સારવાર દરમ્યાન સુરત એઈમ્સ હોસ્પિટલમાં મોત નીપજાવી નાસી જઈ ગુનો કરતા રાજપીપળા પોલીસે ગુનો દાખલ કર્યો છે.

ભાજપે હારના ડરે મતદાર યાદી સાથે ચેડાં કર્યાનો ઈસુદાન ગઢવીનો આક્ષેપ

# SIRમાં 'મહા ગોટાળો': એક જ ઘરમાં અલગ-અલગ જ્ઞાતિના અનેક મતદારો!

### 73 લાખ મતો કપાયા: 'આપ' ની 20,000 સભ્યોની ટીમ વહારે આવશે

(એજન્સી) અમદાવાદ । તા. 20

આગામી મહાનગરપાલિકા અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પૂર્વે ગુજરાતનું રાજકારણ ગરમાયું છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) પ્રક્રિયામાં 73.73 લાખ જેટલાંગીરી મતો કપાવા મુદ્દે ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. નવસારીમાં આયોજિત સમીક્ષા બેઠક બાદ તેમણે મીડિયા સમક્ષ મણીનગર વિધાનસભાના ચોંકાવનારા પુરાવા રજૂ કરતા જણાવ્યું હતું કે, એક જ ઘર નંબરમાં અલગ-અલગ અટક અને જ્ઞાતિ ધરાવતા અનેક લોકોના નામ મતદાર તરીકે નોંધાયેલા છે, જે સત્તાધારી પક્ષ દ્વારા કરવામાં આવેલી ગંભીર ગેરરીતિ સૂચવે છે. કલેક્ટરના બંગલા પાસે કેમ કચરો નથી નખાતો? તેવો તીખો સવાલ પણ તેમણે કર્યો હતો. ભાજપના સાંસદો અને ધારાસભ્યોને પ્રજાની કોઈ પડી નથી તેમ તેમણે ઉમેર્યું હતું.

### મણીનગર મોડેલ પર સવાલો અને 'આપ' ની હેલ્પલાઇન

ઈસુદાન ગઢવીએ પુરાવા સાથે જણાવ્યું કે, મણીનગરમાં એક જ મકાન નંબરમાં ગોહિલ, પ્રજાપતિ, કુશવા અને વર્મા જેવી અલગ-અલગ અટકના લોકોના નામ બોલે છે. તેમણે આરોપ લગાવ્યો કે ભાજપે હારના ડરે બેફામ રીતે નામ ઉમેર્યા છે અને રદ કર્યા છે. આ અન્યાય સામે લડવા માટે આમ આદમી પાર્ટીએ 20,000 'BLA-2' સભ્યોની ફોજ તૈયાર કરી છે. જે નાગરિકોના નામ મતદાર યાદીમાંથી ગાયબ થયા છે, તેમને ફરીથી નામ નોંધાવવા માટે 'આપ' દ્વારા હેલ્પલાઇન નંબર જાહેર કરી સીધી મદદ કરવામાં આવશે.

### દક્ષિણ ગુજરાતમાં પ્રદૂષણ અને સ્વાસ્થ્ય પર જોખમ

વલસાડ, વાપી અને ઉમરગામની મુલાકાત બાદ ઈસુદાન ગઢવીએ ભાજપના 30 વર્ષના શાસનને આડે હાથ લેતા કહ્યું કે, ભાજપે ઉદ્યોગપતિઓ પાસેથી હપ્તા વસૂલીને જનતાને માત્ર 'પ્રદૂષણ' અને 'મોત' આપ્યું છે. તેમણે ગંભીર ચેતવણી આપી કે જો એર પોલ્યુશનની આ જ સ્થિતિ રહી તો આગામી પાંચ-સાત વર્ષમાં સંતાનો ખોડખાંપણવાળા જન્મશે. તેમણે નાણામંત્રી કનુ દેસાઈ પર નિશાન સાધતા સવાલ કર્યો કે શું તેમને માત્ર રૂપિયા કમાવવામાં જ રસ છે? જનતા ધૂળની ડમરીઓ અને પ્રદૂષણમાં પીડાઈ રહી છે છતાં તંત્ર મૌન છે.

### ચૂંટણી રણનીતિ: તમામ બેઠકો પર 'આપ' લડશે

આગામી 15 દિવસમાં આમ આદમી પાર્ટી મહાનગરપાલિકા, તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ કરશે. છેલ્લા બે મહિનામાં 10,000 થી વધુ મહોલ્લા સભાઓ યોજ્યા બાદ હવે 1,200 મેગા સભાઓનું આયોજન છે. ઈસુદાન ગઢવીએ સ્પષ્ટ કર્યું કે 'આપ' તમામ બેઠકો પર મજબૂત ઉમેદવારો ઉતારશે અને જનતાના પાયાના મુદ્દાઓ - શિક્ષણ, સ્વાસ્થ્ય, રસ્તા અને પ્રદૂષણ - સાથે ચૂંટણી મેદાનમાં જશે.

## વન વિભાગની બેવડી નીતિ: સામાન્ય જનતા માટે પ્રતિબંધ, ગાંધીનગરના હુકમે 'ખાસ' સંઘને છૂટ!

કિશોર આર. સોલંકી, જાફરાબાદ

સિંહ અને દીપડાઓના હૃદયસમાન ૧૮૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા ગિરનાર અભયારણ્યમાં વન વિભાગની કથિત બેવડી નીતિને લઈને મોટો વિવાદ છેડાયો છે. સામાન્ય દિવસોમાં જો કોઈ સ્થાનિક નાગરિક જંગલની હદમાં ફરકે તો તેને આકરો દંડ ફટકારતું વનતંત્ર, ગાંધીનગરથી આવેલા એક ખાસ હુકમ બાદ ૩૦૦થી વધુ લોકોના સંઘ માટે 'રેડ કાર્પેટ' બિછાવી રહ્યું છે. આ સંઘને શનિવારે ગિરનારની પરિક્રમા કરવાની વિશેષ મંજૂરી આપવામાં આવતા વન વિભાગના ઉચ્ચ અધિકારીઓના વલણ સામે સ્થાનિક લોકોમાં તીવ્ર રોષ જોવા મળી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, કારતક સુદ એકાદશીથી પૂનમ સુધી યોજાતી વર્ષો જૂની ગિરનારની પરિક્રમા આ વર્ષે કમોસમી વરસાદના બહાને વન વિભાગ દ્વારા રદ કરવામાં આવી હતી.

# પાલતુ જાનવરોની શિયાળુ સંભાળ માટે જિગલીનો 'વિન્ટર ગ્રૂમિંગ ફેસ્ટ'

## ૧૯ થી ૨૨ ડિસેમ્બર સુધી મળશે આકર્ષક ઓફર્સ અને નિષ્ણાત માર્ગદર્શન

(એજન્સી) અમદાવાદ । તા. 20

શિયાળાની ઠંડીની શરૂઆત થતા જ જેવી રીતે મનુષ્યોને ત્વચાની સમસ્યાઓ સતાવે છે, તેવી જ રીતે પાલતુ જાનવરોમાં પણ સૂકી ત્વચા, વાળ ઝરવા અને ઈન્ફેક્શનનું જોખમ વધી જાય છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતની અગ્રણી પેટ કેર બ્રાન્ડ 'જિગલી' દ્વારા ૧૯ થી ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન 'વિન્ટર ગ્રૂમિંગ ફેસ્ટ' લોંચ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ ચાર દિવસીય ફેસ્ટ દેશભરમાં આવેલા તમામ જિગલી પેટ કેર સેન્ટર્સ પર ઉપલબ્ધ રહેશે.

### વિશેષ ગ્રૂમિંગ પ્રોટોકોલ અને આકર્ષક ઓફર્સ

વિન્ટર ગ્રૂમિંગ ફેસ્ટનો મુખ્ય ઉદ્દેશ પેટ પેરેન્ટ્સને તેમના પાલતુ પ્રાણીઓની શિયાળુ જરૂરિયાતો પ્રત્યે જાગૃત કરવાનો છે. ગ્રૂમિંગ સર્વિસ, બેઝિક હેલ્થ ચેકઅપ અને ઠંડીમાં જરૂરી પ્રોડક્ટ્સ પર આકર્ષક ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગ્રાહકોને ગ્રૂમિંગ અને વેક્સિનેશન પેકેજ પર ફ્લેટ ૨૫% સુધીનું વળતર મળી રહ્યું છે, સાથે જ ૨૦૦૦ રૂપિયાથી વધુની ખરીદી પર વિશેષ છૂટ અને ભેટ પણ આપવામાં આવી રહી છે.

### પ્રિવેન્ટિવ કેર પર વિશેષ ભાર

કોસ્મો ફર્સ્ટના ગ્રુપ સીઈઓ શ્રી પંકજ પોદ્દારે આ પહેલ અંગે જણાવ્યું હતું કે, "શિયાળામાં પાલતુ જાનવરોની સ્કીન અને કોટ હેલ્થને લઈને અનેક પડકારો હોય છે. અમે પેટ પેરેન્ટ્સને માત્ર સમસ્યા આવ્યા પછી સારવાર કરવાને બદલે 'પ્રિવેન્ટિવ ગ્રૂમિંગ' (બચાવલક્ષી સંભાળ) અપનાવવા પ્રોત્સાહન આપી રહ્યા છીએ. જિગલી પાલતુ જાનવરોની વેલનેસ જર્નીમાં એક વિશ્વાસપાત્ર ભાગીદાર બનવા કટિબદ્ધ છે."

### જવાબદાર પેટ પેરેન્ટિંગ માટેની પહેલ

જિગલી પોતાના વધતા નેટવર્ક દ્વારા ભારતમાં જવાબદાર પેટ પેરેન્ટિંગ અંગે જાગૃતિ ફેલાવી રહ્યું છે. અમદાવાદના વસ્ત્રાપુર, શ્યામલ અને સિંધુ ભવન રોડ સહિતના તમામ કેન્દ્રો પર આ ફેસ્ટનો લાભ લઈ શકાશે. આ આયોજન પાલતુ પ્રાણીઓ માટે માત્ર એક સલૂન મુલાકાત નહીં, પરંતુ એક ઉત્સવ સમાન અનુભવ બની રહેશે, જ્યાં તેમને ફ્રી ટ્રીટ્સ અને લક્ઝરી સ્પા જેવો અનુભવ આપવામાં આવશે.

## સાગબારા પોલીસની લાલ આંખ: લિસ્ટેડ બુટલેગરને 'પાસા' હેઠળ ભાવનગર જેલના સળિયા પાછળ ધકેલાયો

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા તેમજ ગેરકાયદેસર પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ ડામવા માટે પોલીસ તંત્ર દ્વારા કમર કસવામાં આવી છે. સાગબારા પોલીસે દારૂની હેરાફેરીમાં સંકળાયેલા એક નામચીન બુટલેગર વિરુદ્ધ પાસા (PASA) હેઠળ કાર્યવાહી કરી તેને ભાવનગર જિલ્લા જેલ ખાતે ધકેલી દીધો છે. આ કાર્યવાહીથી જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.ઘટનાની વિગત મુજબ, સાગબારા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ એક ગુનો નોંધાયો હતો, જેમાં પોલીસે કુલ ૨,૮૮,૦૦૦ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો કબ્જે કર્યો હતો.

# નરોડા ડિમોલિશનના પીડિતોના આવાસ માટે ગૌરી દેસાઈ મેદાને: લેખિત બાંયધરીની માંગ

## ડેપ્યુટી કમિશનર અને ધારાસભ્ય પાયલબેન સાથે 'આપ' નેતાની બેઠક

(એજન્સી) અમદાવાદ । તા. 20

અમદાવાદના નરોડા વિસ્તારમાં આવેલા સરદારનગર વોર્ડમાં તાજેતરમાં કરવામાં આવેલા ડિમોલિશનના કારણે અનેક પરિવારો ઘરવિહોણા બન્યા છે. આ પીડિતોને ન્યાય અપાવવા અને તેમના પુનઃવસન માટે આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ ગૌરી દેસાઈએ મોરચો સંભાળ્યો છે. ગૌરી દેસાઈએ આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી કમિશનર અને નરોડાના ધારાસભ્ય પાયલબેન કુકરાણી સાથે બેઠક યોજીને પીડિતોની વેદના રજૂ કરી હતી. જોકે, તંત્ર અને ધારાસભ્ય તરફથી મળેલી મૌખિક ખાતરીઓ સામે 'આપ' નેતાએ શંકા વ્યક્ત કરતા લેખિત બાંયધરીની માંગણી કરી છે.બેઠક બાદ એક વીડિયો સંદેશમાં ગૌરી દેસાઈએ જણાવ્યું હતું કે, ડિમોલિશનનો ભોગ બનેલા લોકો પાસે અત્યારે રહેવા માટે કોઈ છત નથી. ચર્ચા દરમિયાન એવું નક્કી કરવામાં આવ્યું છે કે જ્યાં સુધી આ પીડિતોને 'આવાસ 2.0' યોજના હેઠળ કાયમી ઘર આપવામાં ન આવે, ત્યાં સુધી તેમને નિકોલ વિસ્તારમાં નવનિર્મિત આવાસોમાં રહેવાની વ્યવસ્થા કરી આપવામાં આવે. આ ઉપરાંત, પીડિત પરિવારોને ખાવા-પીવાની સગવડ અને જરૂર પડે તો AMTS દ્વારા ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પૂરી પાડવા માટે પણ રજૂઆત કરવામાં આવી છે.ગૌરી દેસાઈએ આક્ષેપ કર્યો હતો કે, ડેપ્યુટી કમિશનર અને સ્થાનિક ધારાસભ્ય આ તમામ સુવિધાઓ આપવાની વાતો તો કરે છે, પરંતુ જ્યારે તેને લેખિતમાં આપવાની વાત આવે છે ત્યારે તેઓ પીછેહઠ કરી રહ્યા છે. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, લેખિત પુરાવા વિના આવા વાયદાઓનો કોઈ અર્થ નથી. જનતાને અંધારામાં રાખવાને બદલે તંત્રએ પારદર્શક રીતે જવાબદારી સ્વીકારવી જોઈએ. જે 102 લોકોને નોટિસ ફટકારવામાં આવી છે, તેમનો સમાવેશ તાત્કાલિક ધોરણે આવાસ યોજનામાં કરવામાં આવે તેવી પણ 'આપ' ની મુખ્ય માંગણી છે. નરોડામાં થયેલા આ ડિમોલિશન બાદ પીડિત પરિવારો અત્યંત દયનીય સ્થિતિમાં મુકાયા છે.

## દાહોદ: આંગણવાડીના બાળકોને ગુણવત્તાયુક્ત ભોજન અને શિક્ષણ આપવા પ્રોગ્રામ ઓફિસરનો કડક આદેશ

દિપક રાવલ | દાહોદ

દાહોદ જિલ્લામાં મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓના અસરકારક અમલીકરણ માટે વહીવટી તંત્ર દ્વારા કમર કસવામાં આવી છે. તાલુકા પંચાયત ઝાલોદ ખાતેથી જિલ્લા પ્રોગ્રામ ઓફિસર સુશ્રી ઈરાબેન ચૌહાણના અધ્યક્ષ સ્થાને સી.ડી.પી.ઓ, મુખ્ય સેવિકા બહેનો અને આંગણવાડી કાર્યકર બહેનોની એક મહત્વપૂર્ણ વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રોની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી અને બાળકોના પોષણ તેમજ શિક્ષણ મુદ્દે કડક સૂચનાઓ આપવામાં આવી હતી. નાના ભૂલકાઓને ગુણવત્તાયુક્ત અને સ્વાદિષ્ટ ભોજન મળે તે સુનિશ્ચિત કરવાની જવાબદારી જે-તે કેન્દ્રની બહેનોની રહેશે.

# નખત્રાણામાં ગુંજ્યો 'નશામુક્ત ભારત'નો નાદ: યુવા પેઢીએ લીધા શપથ

## વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા શાળા-કોલેજોમાં જાગૃતિ અભિયાનનો પ્રારંભ

મહેશ એલ. સોની | નખત્રાણા



યુવા પેઢીને વ્યસનના ભરડામાંથી મુક્ત કરવા અને સમાજમાં નવી ચેતના જગાડવાના હેતુથી 'નશામુક્ત યુવા જાગરણ સપ્તાહ' અંતર્ગત નખત્રાણા ખાતે વિશ્વ હિન્દુ પરિષદ માતાનામઢ જિલ્લા ટીમ દ્વારા એક ભવ્ય અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. નખત્રાણાની ખ્યાતનામ શૈક્ષણિક સંસ્થાઓમાં આયોજિત આ કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને યુવાનો જોડાયા હતા અને સૌએ સાથે મળીને 'નશામુક્ત ભારત' બનાવવા માટે પ્રતિજ્ઞા લીધી હતી.આ અભિયાન અંતર્ગત શ્રી કેશવ સરસ્વતી વિદ્યા મંદિર (મણીનગર) અને જીએમડીસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વીએચપીના માતાનામઢ જિલ્લા અધ્યક્ષ શ્રી લક્ષ્મણસિંહ સોઢા અને જિલ્લા ઉપાધ્યક્ષ સોનલબેન શેઠિયાએ પ્રાસંગિક પ્રવચન આપતા જણાવ્યું હતું કે, નશો એ વ્યક્તિને જ નહીં પણ સમગ્ર પરિવાર અને સમાજને પાયમાલ કરે છે. કાર્યક્રમમાં ઉપસ્થિત PSI શામળા સાહેબ અને ASI મીરાબેન ગઢવીએ પોલીસ વિભાગના અનુભવો અને જીવંત ઉદાહરણો ટાંકીને વિદ્યાર્થીઓને નશાના દુષ્પરિણામો વિશે વાકેફ કર્યા હતા.આ અભિયાનને સફળ બનાવવા માટે કેશવ સરસ્વતી વિદ્યા મંદિરના આચાર્ય શ્રી મધુસુદન તિવારી અને જીએમડીસી કોલેજના આચાર્ય શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ પૂરતો સહયોગ આપ્યો હતો.

## દાહોદ: દરેક ઘર સુધી નળથી જળ પહોંચાડવા કલેક્ટર યોગેશ નિરગુડેની કડક

દિપક રાવલ દાહોદ

દાહોદ જિલ્લામાં પીવાના પાણીની વ્યવસ્થા અને સ્વચ્છતા અભિયાનને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને 'ડિસ્ટ્રીક્ટ વોટર અને સેનીટેશન મિશન'ની એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લામાં ચાલી રહેલી પાણી પુરવઠાની યોજનાઓ, આગામી સમયનું આયોજન અને સ્વચ્છ ભારત મિશન હેઠળના કામોની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન કલેક્ટર દ્વારા દાહોદ જિલ્લાની ગ્રામ્ય પેયજળ યોજનાના પાઈપલાઈન નેટવર્કને 'ગતિશક્તિ પોર્ટલ' પર અપલોડ કરવાની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી હતી. આ સાથે જ ગુજરાત પાણી પુરવઠા બોર્ડના ટોલ-ફ્રી નંબર ૧૯૧૬ પર આવતી રજૂઆતોના ત્વરિત નિકાલ માટે સૂચના આપવામાં આવી હતી. પાઈપલાઈનમાં થતા લીકેજને રોકવા માટે ટેન્ડર પ્રક્રિયા અને રિપેરીંગની કામગીરીમાં ઝડપ લાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.કલેક્ટર શ્રી નિરગુડેએ જણાવ્યું હતું કે, યોજના હેઠળ આવરી લેવાયેલા તમામ ઘરો સુધી પાણી પહોંચે તે માટે અધિકારીઓએ રૂબરૂ મુલાકાત લેવી અનિવાર્ય છે.

## બનાસકાંઠા: પ્રજાના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે કલેક્ટર મિહિર પટેલની અધિકારીઓને તાકીદ

(એજન્સી) અમદાવાદ । તા. 20

બનાસકાંઠા જિલ્લાના નાગરિકોની સુખાકારી અને વહીવટી પારદર્શિતાને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી આજે પાલનપુર કલેક્ટર કચેરી ખાતે જિલ્લા કલેક્ટર શ્રી મિહિર પટેલના અધ્યક્ષ સ્થાને 'જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ'ની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લાના વિવિધ તાલુકાઓના ધારાસભ્યોએ રજૂ કરેલા પ્રશ્નો અને લોક સમસ્યાઓ મુદ્દે તંત્ર દ્વારા લેવાયેલા પગલાંઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન પાલનપુરના ધારાસભ્ય શ્રી અનિકેતભાઈ ઠાકર, ધાનેરાના ધારાસભ્ય શ્રી માવજીભાઈ દેસાઈ, દાંતાના ધારાસભ્ય શ્રી કાંતિભાઈ ખરાડી અને કાંકરેજના ધારાસભ્ય શ્રી અમૃતજી ઠાકોરે પોતપોતાના વિસ્તારના રોડ-રસ્તા, આરોગ્ય સુવિધાઓ, શિક્ષણ અને ખાણ-ખનીજ વિભાગને લગતા પાયાના પ્રશ્નો રજૂ કર્યા હતા.

## ITI દાહોદના યુવાનો બનશે સ્વાસ્થ્ય રક્ષક: DISHA દ્વારા મેનસ્ટ્રીમિંગ તાલીમ યોજાઈ

દિપક રાવલ દાહોદ

રાજ્યના આરોગ્ય વિભાગ અને જી-સેક્સ (GSACS) અમદાવાદના આદેશ અનુસાર, દાહોદ જિલ્લામાં યુવા પેઢીને ગંભીર રોગો પ્રત્યે જાગૃત કરવાના હેતુથી એક વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય ટીલાવત અને DTHO ડૉ. આર.ડી. પહાડીયાના માર્ગદર્શન હેઠળ DISHA દાહોદ દ્વારા ITI દાહોદ ખાતે એક દિવસીય 'મેનસ્ટ્રીમિંગ તાલીમ' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ભાવિ પેઢી એવા યુવાનો અને જનમાનસ સુધી આરોગ્ય સંબંધિત પાયાની અને મહત્વપૂર્ણ માહિતી પહોંચાડવાનો હતો. DISHA દાહોદના શ્રીમતી કોમલ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને HIV/AIDS, હેપેટાઈટિસ, અને ટ્યુબરક્યુલોસિસ (TB) જેવા રોગોના લક્ષણો અને તેનાથી બચવાના ઉપાયો વિશે વિસ્તૃત તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત, બ્લડ બેંકના મહત્વ અને આગામી સમયમાં સંસ્થા ખાતે બ્લડ ડોનેશન કેમ્પના આયોજન અંગે પણ સકારાત્મક ચર્ચાઓ કરવામાં આવી હતી.

## સુશાસનની મહેક: બનાસકાંઠામાં આયુષ્માન યોજના હેઠળ અઢી વર્ષમાં ₹૩૮૨ કરોડની મફત સારવાર

(એજન્સી) અમદાવાદ । તા. 20

પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીના 'સુશાસન' ના મંત્રે ભારતના વિકાસને નવી દિશા આપી છે. તેમના વિઝનને સાકાર કરતી કેન્દ્ર સરકારની 'આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના' આજે બનાસકાંઠા જિલ્લાના લાખો નાગરિકો માટે સુરક્ષા કવચ સાબિત થઈ રહી છે. આગામી ૨૫ ડિસેમ્બર 'સુશાસન દિવસ' પૂર્વે જાહેર થયેલા આંકડા મુજબ, છેલ્લા અઢી વર્ષમાં જિલ્લામાં ૧,૬૬,૧૩૦ ક્લેમ થકી સરકારે કુલ ૩૮૨.૩૯ કરોડ રૂપિયાની માતબર રકમ સીધી સારવાર પેટે ચૂકવી છે.ગંભીર બીમારી કે અકસ્માત સમયે સામાન્ય અને ગરીબ પરિવારો આર્થિક રીતે પાયમાલ ન થઈ જાય તે માટે સરકાર દ્વારા ગુજરાતમાં આ યોજના હેઠળ વાર્ષિક ૧૦ લાખ રૂપિયા સુધીની મફત અને કેસલેસ સારવાર આપવામાં આવે છે.

## સ્વામિત્વ યોજનાથી ગ્રામીણ ભારતનું સશક્તિકરણ: બનાસકાંઠામાં ૭૮,૮૧૬ પરિવારોને મળ્યા ઘરના 'માલિકી હક'

(એજન્સી) અમદાવાદ । તા. 20

પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી વાજપેયીના જન્મજયંતિ એટલે કે ૨૫ ડિસેમ્બર 'સુશાસન દિવસ'ની ઉજવણીના ભાગરૂપે બનાસકાંઠા જિલ્લામાં વહીવટી પારદર્શિતા અને ગ્રામીણ સશક્તિકરણનો ઉત્તમ નમૂનો જોવા મળ્યો છે. ભારત સરકારની મહત્વાકાંક્ષી 'સ્વામિત્વ યોજના' (SVAMITVA) હેઠળ બનાસકાંઠા જિલ્લાના ૪૫૩ ગામોમાં અત્યાર સુધીમાં ૭૮,૮૧૬ પ્રોપર્ટી કાર્ડનું વિતરણ કરી ગ્રામીણ નાગરિકોને તેમની મિલકતનો કાયદેસરનો માલિકી હક એનાયત કરવામાં આવ્યો છે.બનાસકાંઠા નિવાસી અધિક જિલ્લા કલેક્ટર શ્રી સી.પી. પટેલે યોજનાની વિગતો આપતા જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોમાં રહેણાંક મિલકતોના માલિકી હક બાબતે વર્ષોથી પ્રવર્તતી અનિશ્ચિતતા દૂર કરવા આ યોજના આશીર્વાદરૂપ બની છે. જિલ્લામાં કુલ ૭૩૪ ગામોમાં ડ્રોન ફ્લાય દ્વારા મેપિંગનું કાર્ય ૧૦૦ ટકા પૂર્ણ કરી લેવામાં આવ્યું છે. આ પ્રક્રિયામાં ૫૨૫ ગામોમાં ગ્રાઉન્ડ ટ્રુથિંગ અને ૪૬૭ ગામોમાં રેકોર્ડ પ્રમોલેગેશનની જટિલ પ્રક્રિયા બાદ પ્રોપર્ટી કાર્ડ તૈયાર કરવામાં આવ્યા છે.આ યોજનાનો સીધો લાભ મેળવનાર વડગામ તાલુકાના ટીંબાચુડી ગામના દિલીપકુમાર રાવલે હર્ષ સાથે જણાવ્યું કે, 'અગાઉ અમારા ઘરનું કોઈ સત્તાવાર પ્રોપર્ટી કાર્ડ નહોતું.

## રાજપીપળાની એમ. આર. આર્ટ્સ અને સાયન્સ કૉલેજમાં 'વિશ્વ ધ્યાન દિવસ'ની ભવ્ય ઉજવણી

ભરત શાહ, નર્મદા

આજની ભાગદોડભરી જિંદગીમાં માનસિક તણાવથી મુક્તિ અને આંતરિક શાંતિ મેળવવાના હેતુથી, રાજપીપળા સ્થિત શ્રી એમ. આર. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ ખાતે 'વિશ્વ ધ્યાન દિવસ' (World Meditation Day) ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. કૉલેજના પ્રાચાર્ય ડૉ. એસ. જી. માંગરોલાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફ સભ્યોએ મોટી સંખ્યામાં જોડાઈને ધ્યાનના મહત્વને સમજ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા પૂજ્ય સાધ્વી ગુરુમયીજીએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, ધ્યાન એ માત્ર આંખો બંધ કરવાની પ્રક્રિયા નથી, પરંતુ તે આંતરિક જાગૃતિનો માર્ગ છે. તેમણે ધ્યાનના નિયમિત અભ્યાસથી પ્રાપ્ત થતી એકાગ્રતા, સકારાત્મકતા અને માનસિક સ્વાસ્થ્ય વિશે ઊંડાણપૂર્વક સમજૂતી આપી હતી. સાધ્વીજીએ ઉપસ્થિત મેદનીને પ્રાયોગિક ધોરણે લાઈવ મેડિટેશન પણ કરાવ્યું હતું, જેની દિવ્ય અનુભૂતિથી સમગ્ર વાતાવરણ શાંતિમય બની ગયું હતું.

આ કાર્યક્રમમાં આર્ટ ઓફ લિવિંગ સંસ્થાના અગ્રણી કાર્યકરો માણેકલાલ સુથાર તથા મૃગેશભાઈ બક્ષીએ પણ હાજરી આપીને ધ્યાનની વિવિધ પદ્ધતિઓ વિશે જાણકારી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. મનીષ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# દાદીમાની સંદૂકમાં છુપાયેલું છે સ્મૃતિઓનું અમૂલ્ય રતન



દાદીમા ની સંદુક
- રુપાલી દવે

.. પ્રણયઓપ્રણયક્યાં છો? શું કરે છે? અરે!!મમ્મીનો ફોન આવ્યો છે એ પૂછે છે કે દાદી ની સંદુક તે ક્યાં સંતાડી છે?

હવા માં ઊડતા ખુશ્બુદાર લાલ જાસૂદ ના ફૂલ ના લાલ ચટક રંગ નિહાળતા નિહાળતા પ્રણય ભૂતકાળ ની ખૂબ સુંદર સ્મૃતિઓમાં ખોવાઈ ગયો હતો.આસપાસ બનતી ઘટના થી તદન અલિપ્ત બની ને બાળપણ ના સ્વપ્ન માં વિહરી રહ્યો હતો.પ્રથમ વખત લગ્ન બાદ પત્ની સંધ્યા એ એના પતિ પ્રણય ને શાંત અને ખોવાયેલો જોતા એના મનમાં અસંખ્ય વિચારો એક પછી એક પ્રગટ થયા હતા. લગ્ન બાદ તુરંત નાનકડા ગામડા માં આવેલ દાદી ના વિશાળ બંગલા એ પ્રણય એ જવાનું નક્કી કર્યું ત્યારે ખાસ સવાલ તો થયો હતો કેમ? મોટાભાગ ના લોકો લગ્ન બાદ હનીમૂન માટે દેશ વિદેશની ખાસ રોમેન્ટિક જગ્યા પર નવી નવેલી દુલ્હન ને લઈને જતા હોય છે.દીદી ના બંગલા માં એવું તે શું ખાસ છે કે પ્રણય એ લગ્ન બાદ ગામડે જવાનું નક્કી કર્યું હતું? સંધ્યા નું મૌન પ્રણય ની મમ્મી સૌમ્યા સમજી ગઈ એટલે એણે વહુ ને પૂછ્યું કે બેટા,ત્યાં બધું બરોબર તો છે ને? તારું મૌન વાંચતા લાગે છે કે નક્કી લાલ જાસૂદ ના ઝાડ નજીક પ્રણય બેઠો હશે. સંધ્યાનો "હા" માં જવાબ સાંભળતા જ સૌમ્યા એ કહ્યું કે આજ દીદી ની સંદૂક વાળી વાત તું એની આગળ છેડતી નહી,એ એની દાદી પ્રત્યે વધારે પડતો લાગણીશીલ છે. આટલું બોલી ને ફોન કટ કરી નાખ્યો

બેત્રણ કલાક બાદ બંગલા ના વરંડા માંથી પ્રણય ઘર ની અંદર પ્રવેશ્યો ત્યારે એણે સંધ્યા ને ક્યાંય જોઈ નહી એટલે વરસો થી બંગલા ની સારસંભાળ રાખતા ગિરજુ કાકા ને પૂછ્યું કે સંધ્યા ક્યાં? ગિરજુ કાકા એ પ્રણય ને કહ્યું કે બેટા,તું જ્યારે લાલ જાસુદ ના ઝાડ આગળ બેઠા બેઠા વિચારો માં ખોવાયેલો હતો ત્યારે સંધ્યા તારા પાસે આવી હતી પરંતુ ભૂતકાળની વાતથી અજાણ દીકરી ને તારા જીવન માં લાલ જાસૂદ ના ઝાડ શું મહત્વ? ખબર નથી.

બેડ રૂમ માં પ્રવેશતા જ સંધ્યા નો મુરઝાયેલો અતિ સુંદર ચહેરો નિહાળતા જ પ્રણય સમજી ગયો કે નક્કી સૌમ્યા નો ફોન આવ્યો લાગે છે?

સંધ્યાના સુંદર સફેદ હાથની લાલ લાલ હથેળીઓ માંથી બાર દિવસ બાદ પણ મહેંદી નો લાલ લાલ રંગ છૂટ્યો નહોતો,ક્યાંથી છૂટે લગ્ન થયા ને પંદર દિવસ માંડ થયા હતા.અમદાવાદ માં સાસરિયું ને વિદેશ માં વસ્તા ઊંચા પગારદાર હેન્ડસમ પ્રણય ના રૂપે પતિ પ્રાપ્ત કરીને સંધ્યા ખૂબ ખુશ હતી.શાહ પરિવાર નો એક નો એક દીકરો એટલે સંધ્યા ના પરિવાર માં આગમન બાદ એના લાડકોડ માં કમી નહતી પિયર કરતા પણ વધારે પ્રેમ સાસુ સસરા અને પતિ તરફ થી મળતો હતોપણ ..અમદાવાદ માં બાર દિવસ દરમિયાન જે જોયું નહતું એ ગામડે આવતા બે જ દિવસ માં "પ્રણય નું વર્તન" જોવા મળ્યું. સંધ્યા વિચારતી હતી કે શું પ્રણય ડિપ્રેશન નો શિકાર થયો હશે? શું પ્રણય ની ડ્યૂઅલ પર્સનાલિટી હશે? એવું તે શું રહસ્ય હશે કે જેને શાહ પરિવારે એ મહેતા પરિવાર થી અજાણ્યું રાખ્યું છે? મમ્મી ને દાદી ની સંદુક કેમ જોઈતી હતી? વગેરે વગેરે પ્રશ્નાવલી માં સંધ્યા અટવાઈ પડી હતી.

પ્રણય એ સંધ્યા ના ખંભે હાથ મૂકતા જ એ વિચારો ની શૃંખલા માંથી બહાર નીકળી ને ધીમેથી બોલી કે સાચું શું છે? તમે કે તમારી સમસ્યા? પ્રણય એ સહેજ સ્માઈલ કરી ને સંધ્યા સામે જોતા કહ્યું કે "હું" સાચો છું જો તારે મને સાંભળવો હશે તો થોડું ધૈર્ય રાખીને સાંભળવો પડશે પ્રોમિસ આપ કે તું પ્રશ્ન પુછાયા વગર મારો ભૂતકાળ સાંભળીશ..સંધ્યા એ પતિ નો હાથ પોતાના હાથમાં લેતા કહ્યું કે પ્રોમિસ..

પ્રણય એ ઊંડો નિસાસો નાખતા કહ્યું કે આજ થી ૨૨ વર્ષ પહેલા તારા પતિ પ્રણય નો જન્મ આ ઘરમાં થયો હતો. તારા પતિની કમનસીબી એ છે કે જન્મતાજ માતા નું સુખ મળ્યું નહતું. મારી દાદી એ નાનકડા પ્રણય ની પ્રેમ અને જતન થી સારસંભાળ લેતા લેતા એની નજરે થી જિંદગી જીવતા શીખવ્યું હતું. પપ્પા એ અમુક વર્ષ બાદ બીજા લગ્ન કર્યા બાદ શહેર સેટલ થવાનું નક્કી કર્યું ત્યારે નવી મમ્મી એ "પ્રણય" ની જવાબદારી લેવા ની ચોખ્ખી ના પાડી દીધી હતી. ત્યારે પપ્પા ને દીકરો અને પત્ની માંથી એક ની પસંદગી કરવાની હતી એટલે પપ્પા એ પત્ની ની પસંદગી કરતા દાદી મા એ "પ્રણય" પર પોતાનું જીવન ન્યોછાવર કરવાનું નક્કી કર્યું. પ્રણય પંદર સોળ વર્ષ નો થયો ત્યાં સુધી શહેર માંથી એને મળવા પપ્પા અને નવી મમ્મી આવ્યા નહતા. સંધ્યા,મારી દાદી એ સોળ સતર વર્ષ સુધી "પ્રણયનું" પોતાના જીવની જેમ જતન કર્યું હતું એના જીવન નું સુખ દુઃખ,ખુશી,તકલીફ જે ગણો એ "પ્રણય" જ હતો.

વાત કરતા કરતા પ્રણયના ગળા માં ડૂમો બાઝી ગયો ને આંખો માંથી આંસુઓ વહેવા લાગ્યા. સંધ્યા એ પાણી નો ગ્લાસ પતિ ને આપતા કહ્યું કે ભલે લગ્ન ના માત્ર પંદર દિવસ વીત્યા છે પરંતુ મને એ વાતનો ખ્યાલ છે કે તમે મારા જીવનસાથી "પ્રણય" છો. જેના જીવન માં પ્રણય હોય એના જીવન માં પ્રેમમાં ઓટ આવવી અશક્ય છે. તમારા હદયના ખૂણા માં જે પણ દર્દ છુપાયેલું છે એને બોલી નાખો હું તમારા દર્દ ને સમજી શકું છું. પ્રણય,આપણા બધાના જીવન ચક્ર ની ગતિ દર્દ ના મામલે લગભગ સરખી જ હશે પરંતુ દરેક વ્યક્તિ ના જીવન ની દર્દ ની વાર્તા અલગ અલગ હોય છે.

સંધ્યા મનોમન બોલી કે મારું પણ એક દર્દ એવું છે કે જે સમય ની થપાટો માં વિસરાઈ ચૂક્યું છે..

સંધ્યા સામુ જોઈને એના કપાળ પર વિખરાયેલી વાળ ની લટ સરખી કરતા પ્રણય બોલ્યો કે વાત તો તારી "દર્દ" મામલે એકદમ સાચી છે પરંતુ મારા જીવન માં ૨૮ વર્ષ ની ઉંમરે મેં કારકિર્દી થી લઈને બધું જ મેળવી લીધું પરંતુ મારા જીવન માંથી "મારી દાદી" ની બાદબાકી થતા સરવાળે બધું શૂન્ય જ લાગે છે. જો એ રાતે પંદર સોળ વર્ષ ના "પ્રણય" ને જબરદસ્તી થી સખ્તાઈ કરીને એના પપ્પા એ દાદી થી અલગ ન કર્યો હોત તો આજ મારી દાદી લાલ જાસૂદ નું સ્મૃતિ ચિન્હ ન બની હોત.બારી બહાર હવા માં આનંદ થી લહેરાતા લાલ જાસૂદ તરફ આંગળી ચીંધતા પ્રણય એ સંધ્યા ને કહ્યું કે લાલ જાસૂદ નું ઝાડ એ માત્ર ઝાડ નથી.કેટલાય વરસો થી મારી દાદી "પ્રણય" ની રાહ માં લાલ જાસૂદ ના ઝાડ નીચે કબર ની અંદર સૂતા સુતા રાહ જોઈ રહી હતીછે..

આ ઘર એ માત્ર ઘર જ નથી એના ખૂણે ખાચરે મારી સાથે મારા દાદી ની સ્મૃતિ ભરેલી છે. સંધ્યા,દાદી મા ની સંદુક અને ગામડા ના ઘર ને મારા જીવનની સુંદર સ્મરણ યાત્રા સમજે.

સંધ્યા ના મનમાં થોડા સમય પહેલાં આવેલ નકામાં વિચારો ની આંધી વેર વિખેર થતા સૂર્ય ના કિરણો એ પ્રવેશ કરતા જ "પ્રણય" નું સત્ય ઉજાગર થતા "દાદી મા ની સંદુક" નું રહસ્ય જાણવા ની જરૂર ન પડી...



## એક્ટ્રેસે કહ્યું, 'હું ઊંઘી શકતી નહોતી, ડિપ્રેશનમાં સરી પડી, સોશિયલ મીડિયા છોડવું પડ્યું'

# દીકરીને સેક્સ ટોય આપવાની વાત પર ગૌતમી કપૂર ટ્રોલ થઈ

મુંબઈ | એક્ટ્રેસ ગૌતમી કપૂરે થોડા સમય પહેલા એક પોડકાસ્ટમાં પેરેન્ટિંગ વિશે વાત કરી હતી. તેણે કહ્યું હતું કે, તે પોતાની દીકરી સિયાને તેના 16મા જન્મદિવસ પર સેક્સ ટોય ગિફ્ટ કરવા માંગતી હતી. તેની આ વાત ઈન્ટરનેટ પર લોકોને પસંદ ન આવી અને તેને ઘણી ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો. લોકોએ તેની પેરેન્ટિંગની રીતો પર પ્રશ્નો ઉઠાવ્યા.હવે ગૌતમીએ આ સમગ્ર વિવાદ પર પોતાનો દૃષ્ટિકોણ શેર કર્યો છે. તેણે જણાવ્યું છે કે, ટ્રોલિંગના કારણે તેની ઊંઘ હરામ થઈ ગઈ હતી.'ન્યૂઝ18 શોશા'ને આપેલા ઈન્ટરવ્યૂમાં ગૌતમીએ કહ્યું કે, 'આ બધું બિલકુલ અણધાર્યું હતું. મેં પોડકાસ્ટ કર્યું હતું, સાડા ચાર મહિના પહેલાં. પરંતુ કેટલાક મહિનાઓ પછી, હું એક મોટા વિવાદમાં ફસાઈ ગઈ, જેનું કારણ મને ખુદને પણ ખબર નથી.''મેં કોઈ સામાન્ય ટિપ્પણી કરી નથી અને ન તો મેં એમ કહ્યું છે કે દરેક માતાએ આવું કરવું જોઈએ. આ એક વાત હતી જે હું તે દિવસે કહી રહી હતી. મેં મારી બાળકી, મારી દીકરી વિશે કંઈક કહ્યું હતું, અને આ મારો તેની સાથેનો સંબંધ છે, તો મારે તેને યોગ્ય ઠેરવવાની શું જરૂર છે?'

'રામ અને મારો અમારા બાળકો સાથે ખૂબ જ ખુલ્લો સંબંધ છે, કેટલાક લોકો આનાથી સહમત થઈ શકે છે, કેટલાક તેને ખોટું માની શકે છે. આ તેમનો અભિપ્રાય છે અને હું તેમને જજ કરનાર વ્યક્તિ નથી.'

તેણે ખુલાસો કર્યો કે ટ્રોલિંગના કારણે તેની ઊંઘ પણ હરામ થઈ ગઈ હતી. ગૌતમીએ કહ્યું, 'ખરેખર, હું એક રીતે ડિપ્રેશનમાં જતી રહી હતી કારણ કે જ્યારે હું મારી ઈન્સ્ટાગ્રામ ફીડ જોઈ રહી હતી, ત્યારે તમે વિશ્વાસ નહીં કરો કે મને કેવા પ્રકારની ટિપ્પણીઓનો સામનો કરવો પડી રહ્યો હતો.'

# નીતા અંબાણીની નાની વહુ રાધિકાએ ગ્લેમર છોડી સાદગી અપનાવી!



મુંબઈ | બોલિવૂડના મોટા ભાગના સેલિબ્રિટીઝનાં બાળકો મુંબઈ સ્થિત ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલ (DAIS)માં અભ્યાસ કરે છે. સ્કૂલના એન્યુઅલ ફંક્શનમાં દર વર્ષે સેલેબ્સનો જમાવડો જોવા મળે છે. આ એન્યુઅલ ડે ફંક્શનમાં પ્રથમ દિવસે જ્યાં એક તરફ બચ્ચન પરિવાર, શાહરુખ ખાનનો પરિવાર, કપૂર સિસ્ટર્સ સહિતના સેલેબ્સ પોતાનાં બાળકોને ચિયર કરવા પહોંચીને બધાનું ધ્યાન ખેંચ્યું હતું તો બીજા દિવસે રાધિકા મર્ચન્ટે શુક્રવારે ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલના વાર્ષિક ઉત્સવના બીજા દિવસે હાજરી આપી હતીતે પોતાની સ્ટાઈલમાં સિમ્પલ છતાં આકર્ષક ફેરફાર સાથે જોવા મળી હતી. અંબાણી પરિવારની 'છોટી વહુ'એ તેના સામાન્ય એથનિક પોશાક અને ગ્લેમરસ મેકઅપને છોડીને ક્યૂટ મિની ડ્રેસ અને મિનિમલ મેકઅપ સાથે એક સિમ્પલ અને કૂલ લુક પસંદ કર્યો હતો. ચાલો તેના આઉટફિટ વિશે જાણીએરાધિકા મર્ચન્ટનો ચિક મિની ડ્રેસમાં અદભુત અંદાજ રાધિકા મર્ચન્ટ, જે અવારનવાર શાનદાર આઉટફિટ્સમાં હાઈ-ફેશન મોમેન્ટ્સ આપતી જોવા મળે છે, તેણે આ વખતે પોતાની સ્ટાઈલ બદલી અને તે સફેદ અને નેવી-બ્લૂ મિની ડ્રેસમાં જોવા મળી હતી. આ આઉટફિટમાં ટર્ટલનેક નેકલાઈન સાથે સ્ટાઈલિશ હાફ-જેકેટ હતું, જેમાં સુશોભિત ગોલ્ડન બટનો અને કમર પર બેલ્ટ હતો, જે તેના લુકને સુંદર રીતે નિખારતો હતો.

# મલયાલમ એક્ટર શ્રીનિવાસનનું 69 વર્ષની વયે નિધન:લાંબા સમયથી બીમાર હતા



મુંબઈ | મલયાલમ સિનેમાના સિનિયર એક્ટર, લેખક, દિગ્દર્શક અને નિર્માતા શ્રીનિવાસનનું શનિવારે 69 વર્ષની વયે નિધન થયું. તેઓ લાંબા સમયથી બીમારી સામે ઝઝૂમી રહ્યા હતા અને કેરળના એર્નાકુલમ જિલ્લાના ઉદયમપેરુર સ્થિત તેમના ઘરે સારવાર લઈ રહ્યા હતા.

અચાનક તેમની તબિયત લથડતાં તેમને ત્રિપ્પુનિથુરાની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. શનિવારે સવારે ડોકટરોએ તેમના મૃત્યુની પુષ્ટિ કરી.

શ્રીનિવાસનનો જન્મ 6 એપ્રિલ, 1956ના રોજ કેરળના થાલાસ્સેરી નજીક પટ્ટયમમાં થયો હતો. તેમના પિતા શાળાના શિક્ષક હતા અને માતા ગૃહિણી હતા. તેમણે કદિરુરથી પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો. ત્યારબાદ તેમણે મટ્ટાનૂરની પીઆરએનએસએસ કોલેજમાંથી અર્થશાસ્ત્રમાં સ્નાતક થયા. પાછળથી તેમણે ચેન્નઈની ફિલ્મ અને ટેલિવિઝન સંસ્થામાંથી ફિલ્મનો અભ્યાસ કર્યો.

શ્રીનિવાસને વર્ષ 1977માં પી.એ. બેકરની ફિલ્મ 'મણિમુઝક્કમ'થી એક્ટિંગ કરિયરની શરૂઆત કરી હતી. લગભગ પાંચ દાયકાના કરિયરમાં તેમણે 225થી વધુ ફિલ્મોમાં કામ કર્યું. સામાજિક કટાક્ષ અને સામાન્ય જીવન સાથે જોડાયેલા પાત્રો માટે તેમને ખાસ ઓળખ મળી. એક્ટરે નાડોડિક્કટ્ટુ અને પટ્ટનપ્રવેશમ જેવી ફિલ્મોમાં સામાન્ય માણસનો સંઘર્ષ દર્શાવ્યો.શ્રીનિવાસને 'વડક્કુનોક્કિયંત્રમ' અને 'સંદેશમ' જેવી ફિલ્મો લખી છે.

# 'ધુરંધર'ની સફળતા બાદ અક્ષય ખન્નાનો જૂનો ઈન્ટરવ્યૂ વાઈરલ:એક્ટરે કહ્યું હતું- 'મને શરૂઆતમાં સફળતા ન મળી, કારણ કે, મેં ખોટી ફિલ્મો પસંદ કરી હતી'





મુંબઈ | અક્ષય ખન્નાએ પોતાની લગભગ ત્રણ દાયકાની કારકિર્દીમાં હીરો તરીકે ઘણી ફિલ્મો કરી પરંતુ તેને તે સફળતા મળી નહીં, જેનો તે હકદાર હતો.પરંતુ તેની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'ધુરંધર'માં તેમના પાત્રે તેમને એવી સફળતા અપાવી છે કે લોકો હીરો કરતાં વધુ ફિલ્મના વિલનની વાત કરી રહ્યા છે.આ દરમિયાન અક્ષય ખન્નાનો વર્ષો જૂનો એક ઈન્ટરવ્યૂ ફરીથી ચર્ચામાં આવ્યો છે, જેમાં તેઓ કારકિર્દીની શરૂઆત વિશે વાત કરી રહ્યા છે.વીડિયોમાં અક્ષય એવું કહેતો જોવા મળી રહ્યો છે કે- 'શરૂઆતમાં મને સફળતા બહુ ઓછી મળી. બહુ ઓછી મળી. મેં ખોટી ફિલ્મો કરી, ખોટી સ્ક્રિપ્ટ પસંદ કરી. તો, ગડબડ થઈ હતી. પણ હું ક્યારેય કોઈની નકલ કરવાનો પ્રયાસ કરતો નથી.'

ઈન્ટરવ્યૂમાં જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમના પિતાએ તેમને એક્ટર બનવા માટે પ્રોત્સાહિત કર્યા હતા, ત્યારે અક્ષય કહે છે- 'ના, કોઈએ પ્રોત્સાહિત કર્યા નહોતા. તેઓ ઈચ્છતા હતા કે હું આગળ જઈને વધુ ભણું. પરંતુ, મારા ખ્યાલથી હું જ્યારે 15-16 વર્ષનો હતો, ત્યારથી મેં નિર્ણય કરી લીધો હતો કે હું એક્ટર બનીશ.'

'જો મારે જીવનમાં કંઈક કરવું હોય, તો હું અહીં જ કરી શકું છું. હું અહીં જ કરીશ અને અહીંથી જ મને ખુશી અને સંતોષ મળશે.'

અક્ષયે એ પણ જણાવ્યું કે કેવી રીતે તેણે પોતાના પિતાને કહ્યું હતું કે તે એક એક્ટર બનવા માગે છે.

# હાર્દિક પંડ્યાની એક્સ વાઈફના જીવનમાં નવા પ્રેમની એન્ટ્રી!



## મિસ્ત્રી મેને નતાશાને હાથેથી જમાડ્યું, એક્ટ્રેસે કહ્યું- 'મારા હાઈ સ્ટાન્ડર્ડ માટે આ વ્યક્તિ જવાબદાર'

મુંબઈ | ભારતીય ક્રિકેટર હાર્દિક પંડ્યા હાલમાં તેની ગર્લફ્રેન્ડ માહિકા શર્માને લઈને ચર્ચા છે. તેવામાં તેની પૂર્વ પત્ની અને એક્ટ્રેસ-મોડલ નતાશા સ્ટેનકોવિકે એક મિસ્ટ્રી મેન સાથેનો વીડિયો પોસ્ટ કર્યો છે. વીડિયો જોયા બાદ નતાશાના જીવનમાં નવા પ્રેમની એન્ટ્રી થઈ ગઈ હોવાનું સોશિયલ મીડિયા યુઝર્સ અટકળો લગાવી રહ્યા છે.

'ડીજે વાલે બાબુ' ગીતથી ઓળખ મેળવનાર સર્બિયન એક્ટ્રેસ અને મોડલ નતાશા સ્ટેનકોવિકે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે. વીડિયોમાં મિસ્ટ્રી મેન પોતાના હાથેથી નતાશાને ફ્રૂટ ખવડાવી રહ્યો છે. નતાશા પણ મિસ્ટ્રી મેનના હાથે ફ્રૂટ ખાવાનું એન્જોય કરી રહી છે. તે ફ્રૂટ ખાધા પછી ડાન્સ કરતી જોવા મળે છે. મિસ્ટ્રી મેન ફરી તેને ફ્રૂટ ખવડાવે છે, ત્યારે નતાશા પ્રેમથી તેની સામે જોતી રહે છે. જ્યારે નતાશા ફ્રૂટ ખાવાની ના પાડે છે, ત્યારે પેલો યુવક પ્રેમથી તેને ધરાર ફ્રૂટ ખવડાવે છે. વીડિયોમાં બંને એકબીજાનો સાથ માણી રહ્યા છે, ડાન્સ કરી રહ્યા છે.

વીડિયોમાં નતાશાએ ડિઝાઈનર અબુ જાની સંદીપ ખોસલાનો ડિઝાઈનર આઉટફિટ પહેર્યો છે. તેણે બ્રાઉન અને મરૂન શેડના લોન્ગ સ્કર્ટ સાથે ગોલ્ડન એમ્બ્રોઈડરીવાળું ક્રોપટોપ પહેર્યું છે. જોકે, લુકનું મુખ્ય આકર્ષણ તેનો મિરર વર્કવાળો હેવી કેપ છે. આખા કેપ પર ઝીણવટભર્યું મિરર વર્ક કરેલું છે, જે તેને રાજવી લુક આપે છે. નતાશાએ ન્યૂડ મેકઅપ સાથે સ્લીક બન હેરસ્ટાઈલ પસંદ કરી છે, જેથી આખા લુકમાં તેના આઉટફિટ પર વધુ ધ્યાન રહે. તેણે નાની મરૂન કલરની ઈયરરિંગ પહેરી છે, જે તેના આઉટફિટ




# ₹700 કરોડ ક્લબમાં 'ધુરંધર'ની શાનદાર એન્ટ્રી:રણવીર સિંહની ફિલ્મે વિશ્વભર વર્ચસ્વ જમાવ્યું, 15માં દિવસે પણ 'અવતાર 3'ને હંફાવી દીધી

મુંબઈ | રણવીર સિંહની 'ધુરંધર' ફિલ્મે વિશ્વભરમાં લોકોને ઘેલું લગાવ્યું છે. રિલીઝ થયાના સતત 15માં દિવસે પણ ફિલ્મનો બોક્સઓફિસ પર દબદબો જોવા મળી રહ્યો છે. 'ધુરંધર'ના વાવાઝોડામાં હોલિવૂડની ફિલ્મ 'અવતાર 3: ફાયર એન્ડ એશ' પણ આવી ગઈ છે. 'અવતાર' ફ્રેન્ચાઈઝીની આ ફિલ્મને જોવા માટે ભારતીય દર્શકો પણ ઉત્સાહિત હતા. જોકે, ભારતમાં 'ધુરંધર'ની આંધી વચ્ચે 'અવતાર 3'ને 'અવતાર 2'થી પણ અડધી ઓપનિંગ મળી છે.5 ડિસેમ્બર 2025ના રોજ રિલીઝ થયેલી 'ધુરંધર' ફિલ્મ પહેલા દિવસથી જ રેકોર્ડ બ્રેક કમાણી કરી રહી છે. ફિલ્મે ત્રીજા શુક્રવારે પણ સૌથી વધુ કમાણીના રેકોર્ડ તોડી નાખ્યા છે. 'ધુરંધર' ભારતમાં 500 કરોડ ક્લબમાં અને વિશ્વમાં 700 કરોડ ક્લબમાં સામેલ થઈ ગઈ છે.'સેકનિલ્ક' (બોક્સ ઓફિસના આંકડા દર્શાવતી વેબસાઈટ)ના રિપોર્ટ અનુસાર શુક્રવારે (19 ડિસેમ્બરે) ફિલ્મને 15 દિવસ પૂરા થયા અને તેણે ભારતમાં કુલ 579.5 કરોડની કમાણી કરી. સાથે જ તેણે અન્ય દેશોમાં 158 કરોડ રૂપિયાની કમાણી કરી. પરિણામે 15 દિવસના અંતે 'ધુરંધર'એ ભારત સહિત વિશ્વભરમાં 737.5 કરોડની કમાણી કરી છે.

'ધુરંધર'એ ત્રીજા શુક્રવારે 22-23 કરોડનું નેટ કલેક્શન કર્યું હતું. નોંધનીય છે કે, અગાઉ વિકી કૌશલની ફિલ્મ 'છાવા'એ ત્રીજા શુક્રવારે 13.30 કરોડની કમાણી કરી હતી. ઉપરાંત હિન્દી સિનેમામાં 500 કરોડના ક્લબમાં સામેલ થવામાં 'ધુરંધર'એ રણબીર કપૂરની 'એનિમલ'ને પાછળ છોડી દીધી છે.

SINCE 1991 AHMEDABAD

# VACHHANI FurniturE®

અમદાવાદ નો વિશાળ ફર્નિચર મોલ

તહેવારોમાં કરો તૈયારી...

## ફર્નિચર જોઈને જ કહેશો...

# પૈસા વસુલ છે...

## 30% સુધી ડિસ્કાઉન્ટ

સર્વોતમ **ગુણવતા,** સર્વશ્રેષ્ઠ **ડીઝાઈનો...**




# વાછાણી ફર્નિચર પ્રા. લી.

## હોમ અને ઓફિસ ફર્નિચરનો વિશાળ શોરૂમ

**ફર્નિચર ફેકટરી આઉટલેટ**
નીલકંઠ એસ્ટેટ, પવીત્ર એન્કલેવ,
કટારીયા સર્વિસ સેન્ટર અને એચ.પી. પેટ્રોલ
પંપ સામે, ત્રાગડ, ન્યુ ચાંદખેડા, અમદાવાદ.
99135 00221

**ફર્નિચર મોલ**
૧૩, વિજય શોપીંગ સેન્ટર, વિજય પાર્ક
બી.આર.ટી.એસ. બસ સ્ટોપ પાસે,
કૃષ્ણનગર, અમદાવાદ.
079 - 22820659, 99250 00221

**ફર્નિચર શોરૂમ**
૧૦૧ – સંગાથ શોપીંગ મોલ, એન્જિનીયરીંગ
કોલેજની સામે, વીસત ગાંધીનગર હાઈવે,
મોટેરા, સાબરમતી, અમદાવાદ.
99098 00221

www.vachhanifurniture.in

અમેરિકાએ લીધો સૈનિકોની શહાદતનો બદલો, ઓપરેશન હોકઆઈ સ્ટ્રાઈક હેઠળ મોટી કાર્યવાહી

# સીરિયામાં ISIS પર હવાઈ હુમલા અને ટ્રમ્પનું નિવેદન ધગધગતું

(એજન્સી) વોશિંગ્ટન/ઢાકા । તા. 20

અમેરિકાએ તેના સૈનિકોના લોહીના એક-એક ટીપાનો હિસાબ લેવાની શરૂઆત કરી દીધી છે. સીરિયામાં ૧૩મી ડિસેમ્બરના રોજ આતંકી સંગઠન ઈસ્લામિક સ્ટેટ (ISIS) દ્વારા કરવામાં આવેલા કાયરતાપૂર્ણ હુમલામાં બે અમેરિકી જવાનો અને એક દુભાષિયાની શહાદતનો બદલો લેવા માટે અમેરિકી વાયુસેનાએ પ્રચંડ ઓપરેશન હાથ ધર્યું છે. ૧૯મી ડિસેમ્બરના રોજ મધ્ય સીરિયામાં આતંકીઓના ૭૦થી વધુ ગુપ્ત ઠેકાણાઓ પર ભીષણ હવાઈ હુમલા અને તોપમારો કરીને અમેરિકાએ આતંકી સંગઠનની કમર તોડી નાખી છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ કાર્યવાહીને માત્ર શરૂઆત ગણાવીને આતંકીઓને સર્વનાશની કડક ચેતવણી આપી છે.

અમેરિકી સંરક્ષણ મંત્રાલય દ્વારા આ સૈન્ય કાર્યવાહીને "ઓપરેશન હોકઆઈ સ્ટ્રાઈક" નામ આપવામાં આવ્યું છે. આ મિશન અંતર્ગત અમેરિકી વાયુસેનાએ F-15 ઈગલ અને A-10 થંડરબોલ્ટ જેવા અત્યંત ઘાતક ફાઈટર



જેટ્સ તેમજ અપાચે હેલિકોપ્ટર્સનો ઉપયોગ કરીને આતંકીઓના શસ્ત્ર ભંડાર અને તાલીમ કેન્દ્રોને જમીનદોસ્ત કરી દીધા છે. આ ઓપરેશનમાં પ્રથમ વખત હાઈ-મોબિલિટી આર્ટિલરી રોકેટ સિસ્ટમ (HIMARS) નો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. ખાસ વાત એ છે કે, આ મિશનમાં જોર્ડનની વાયુસેનાએ પણ પોતાના F-16 વિમાનો સાથે અમેરિકાને ખભેથી ખભા મિલાવીને સાથ આપ્યો છે.

હુમલા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર અત્યંત કડક શબ્દોમાં પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, "અમે દુશ્મનોને વીણી-વીણીને ખતમ કરી રહ્યા છીએ. જો કોઈ પણ આતંકી અમેરિકનોને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરશે, તો તેને એવો પાઠ ભણાવવામાં આવશે જે તેણે ક્યારેય કલ્પના પણ નહીં કરી હોય." સંરક્ષણ સચિવ પીટ હેગસેથે પણ સ્પષ્ટ કર્યું છે કે આ કોઈ નવું યુદ્ધ નથી, પરંતુ આતંકીઓ સામેનું 'પ્રતિશોધ અભિયાન' છે. જ્યાં સુધી સીરિયાની ધરતી પરથી ISIS ના અંતિમ ઠેકાણાનો નાશ નહીં થાય, ત્યાં સુધી આ હુમલાઓ અટકશે નહીં.

### સીરિયન સરકારનું અણધાર્યું સમર્થન

આ ઓપરેશનની સૌથી નોંધપાત્ર બાબત એ છે કે સીરિયાની વર્તમાન સરકારે અમેરિકાની આ કાર્યવાહીને સંપૂર્ણ સમર્થન આપ્યું છે. સીરિયાના નવા પ્રમુખ અહેમદ અલ-શારાએ જણાવ્યું કે, ISIS એ માત્ર અમેરિકા માટે જ નહીં પરંતુ સીરિયાની શાંતિ માટે પણ મોટો ખતરો છે.

**શા માટે લેવી પડી આ પ્રચંડ જવાબી કાર્યવાહી? :** આ આક્રમક કાર્યવાહી પાછળ ૧૩મી ડિસેમ્બરે સીરિયાના પાલમિરામાં થયેલી હિંસક ઘટના જવાબદાર છે. તે દિવસે એક આતંકી હુમલામાં આયોવા નેશનલ ગાર્ડના બે બહાદુર સૈનિકો, સાર્જન્ટ વિલિયમ હોવર્ડ અને સાર્જન્ટ એડગર ટોરેસ સહિત એક અમેરિકી નાગરિક શહીદ થયા હતા. શહીદ જવાનોના પાર્થિવ દેહ જ્યારે અમેરિકા પહોંચ્યા ત્યારે ડોનાલ્ડ ટ્રમ્પ પોતે ત્યાં હાજર રહ્યા હતા અને તેમણે ત્યારે જ વચન આપ્યું હતું કે આ બલિદાન વ્યર્થ જશે નહીં. આ હુમલાખોર સીરિયન સુરક્ષા દળોમાં ઘૂસણખોરી કરી ચૂકેલો આતંકી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

રેપિડ એક્શન બટાલિયનની મોટી કાર્યવાહી

# બાંગ્લાદેશમાં હિન્દુ યુવકની હત્યા અને ધરપકડથી ફફડાટ

(એજન્સી) ઢાકા । તા. 20

બાંગ્લાદેશના મૈમન સિંહ જિલ્લામાં એક નિર્દોષ હિન્દુ યુવકની નૃશંસ હત્યાના મામલે શનિવારે મોટું એક્શન લેવામાં આવ્યું છે. આંતરરાષ્ટ્રીય દબાણ અને સ્થાનિક આક્રોશ વચ્ચે વચગાળાની સરકારે આ મામલે તાબડતોબ કાર્યવાહી હાથ ધરીને સાત મુખ્ય શંકાસ્પદોની ધરપકડ કરી લીધી છે. ગઈકાલે બનેલી આ હૃદયદ્રાવક ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે તંગદિલી પ્રવર્તી રહી છે, જેના પગલે સુરક્ષા દળો દ્વારા ફ્લેગ માર્ચ પણ કાઢવામાં આવી રહી છે.

રાજકીય માહોલ ત્યારે વધુ ગરમાયો જ્યારે જુલાઈમાં થયેલા સરકાર વિરોધી દેખાવોનો મુખ્ય ચહેરો ગણાતા યુવા નેતા શરીફ ઉસ્માન હાદીનો મૃતદેહ સિંગાપોરથી વિમાન માર્ગે ઢાકા લાવવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે હાદીને છ દિવસ પૂર્વે ગોળી વાગી હતી અને તેઓ સારવાર હેઠળ હતા. આ ઘટનાને પગલે અસામાજિક તત્વો સ્થિતિનો ગેરલાભ ઉઠાવી હિંસા ભડકાવવાનો પ્રયાસ કરી રહ્યા હોવાની આશંકા છે. આ સંજોગોમાં વચગાળાની સરકારે નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને કોઈપણ પ્રકારની હિંસક પ્રવૃત્તિમાં ન જોડાવા માટે ભાવુક અપીલ કરી છે.

**સુરક્ષા એજન્સીઓ દ્વારા સઘન પેટ્રોલિંગ**

હાલની પરિસ્થિતિને જોતા બાંગ્લાદેશના સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા બંદોબસ્ત લોખંડી કરી દેવાયો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, રેપિડ એક્શન બટાલિયનની વિવિધ ટુકડીઓ હજુ પણ ફરાર અન્ય આરોપીઓને પકડવા માટે શોધખોળ કરી રહી છે. સરકાર દ્વારા સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે કે લઘુમતી સમુદાય પર હુમલો કરનાર કોઈપણ તત્વને છોડવામાં આવશે નહીં. ધરપકડ કરાયેલા આરોપીઓની સઘન પૂછપરછ ચાલી રહી છે જેથી આ હત્યા પાછળના કોઈ ઊંડા કાવતરા કે જૂની અદાવતનો ખુલાસો થઈ શકે.

## ન્યૂઝ બ્રીફ

### અમેરિકા કેનેડા અને બ્રિટનમાં H3N2 સબક્લેડ કે ફ્લૂનો પ્રકોપ



ન્યૂ યોર્ક/લંડન | ક્રિસમસ અને નવા વર્ષની રજાઓ પહેલા જ અમેરિકા, કેનેડા અને બ્રિટન જેવા દેશોમાં 'સુપર ફ્લૂ' તરીકે ઓળખાતા H3N2 વાયરસે ભયાનક કહેર વર્તાવ્યો છે. આ નવો વેરિઅન્ટ એટલો શક્તિશાળી છે કે તે શરીરની રોગપ્રતિકારક શક્તિને સરળતાથી થાપ આપી રહ્યો છે. આરોગ્ય વિભાગના આંકડા મુજબ, સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે સંક્રમિતોમાં ૧૯ વર્ષથી ઓછી વયના બાળકો અને કિશોરોની સંખ્યા સૌથી વધુ છે. ન્યૂ યોર્ક જેવા મોટા શહેરોમાં તો ફ્લૂના કેસોમાં ગયા વર્ષની સરખામણીએ ૪૬૦ ટકાનો અધધ ઉછાળો જોવા મળ્યો છે, જેના કારણે હોસ્પિટલોના ઈમરજન્સી વોર્ડ હાઉસફુલ થઈ ગયા છે.

### દક્ષિણ વઝીરિસ્તાનમાં લોંગ માર્ચ અને સુરક્ષા કટોકટી ઘેરી બની

દક્ષિણ વઝીરિસ્તાન | પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતમાં કથળતી જતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સ્થાનિક લોકોનો પિત્તો ગયો છે. લોઅર સાઉથ વઝીરિસ્તાન જિલ્લાના અંતરિયાળ વિસ્તાર આઝમ વરસકના રહીશોએ સુરક્ષા સ્થિતિમાં સુધારાની માંગ સાથે વિશાળ 'લોંગ માર્ચ' શરૂ કરી છે. શુક્રવારે આયોજિત આ વિરોધ પ્રદર્શનમાં આદિવાસી વડીલો, યુવાનો, પશ્તુન તહફુઝ મૂવમેન્ટ (PTM) ના સભ્યો અને રાજકીય કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા. લોકોનો આરોપ છે કે પાકિસ્તાની સેના આતંકવાદ રોકવામાં નિષ્ફળ રહી છે અને સામાન્ય નાગરિકોના જિંદગી જોખમમાં મુકાઈ રહી છે. ડોન (Dawn) ના અહેવાલ મુજબ, પ્રદર્શનકારીઓએ આઝમ વરસકથી વાના સુધી કૂચ કરી હતી અને ત્યાં મુખ્ય માર્ગો પર ધરણા પર બેસી ગયા હતા.

### કરીમા બલૂચની પાંચમી પુણ્યતિથિ અને શ્રદ્ધાંજલિ અપાઈ



ક્વેટા/લંડન | બલૂચિસ્તાનની આઝાદી અને માનવાધિકારો માટે પાકિસ્તાન સામે લોખંડી લડત આપનાર મશહૂર કાર્યકર કરીમા બલૂચની આજે પાંચમી પુણ્યતિથિ નિમિત્તે વિશ્વભરમાં બલૂચ સમુદાય દ્વારા તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયાથી લઈને આંતરરાષ્ટ્રીય મંચો સુધી કરીમા બલૂચના બલિદાન અને સંઘર્ષને યાદ કરવામાં આવી રહ્યો છે. બલૂચ નેશનલ મૂવમેન્ટ (BNM) એ સ્પષ્ટ કર્યું છે કે કરીમા બલૂચનો અવાજ ભલે શાંત કરી દેવામાં આવ્યો હોય, પરંતુ તેમણે સળગાવેલી આઝાદીની મશાલ આજે પણ બલૂચ યુવાનોના હૃદયમાં પ્રજ્વલિત છે.

પુતીનની વાર્ષિક પત્રકાર પરિષદમાં ગર્જના : વ્લાદિમિર પુતીનનો પ્રેમ અને એકરાર દુનિયા આખી ચોંકી

# રશિયન સેના યુક્રેનમાં લક્ષ્યાંકો હાંસલ કરશે પુતીન મક્કમ, કિવ માટે શાંતિ મંત્રણાની છેલ્લી તક

(એજન્સી) મોસ્કો । તા. 20

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતીને ફરી એકવાર પશ્ચિમી દેશો અને યુક્રેનને સ્પષ્ટ ચેતવણી આપી છે કે રશિયન સેના યુક્રેનમાં તેના નિર્ધારિત સૈન્ય લક્ષ્યાંકો હાંસલ કરીને જ જંપશે. મોસ્કોમાં આયોજિત સાડા ચાર કલાક લાંબી મેરેથોન વાર્ષિક પત્રકાર પરિષદમાં પુતીને રશિયાની અતૂટ સૈન્ય તાકાતનું પ્રદર્શન કરતા જણાવ્યું હતું કે, જો કિવ (યુક્રેન) શાંતિ મંત્રણામાં રશિયાની શરતો સ્વીકારવા તૈયાર નહીં થાય, તો ક્રેમલિન સૈન્ય બળ દ્વારા પોતાના ઉદ્દેશ્યો પ્રાપ્ત કરશે. પુતીને ભારપૂર્વક જણાવ્યું હતું કે રશિયન દળો અત્યારે યુદ્ધભૂમિના દરેક મોરચે નિર્ણાયક રીતે આગળ વધી રહ્યા છે.



૭૩ વર્ષીય પુતીને ૨૫ વર્ષના શાસનકાળના અનુભવ સાથે વૈશ્વિક બાબતો પર પોતાના મંતવ્યો રજૂ કરતા દાવો કર્યો હતો કે, રશિયન સેના સંપર્ક રેખા (Line of Contact) પર પ્રભુત્વ જમાવી રહી છે. તેમણે ગર્વ સાથે જણાવ્યું કે, "અમારી સેના દરેક વિસ્તારમાં આગળ વધી રહી છે. ભલે ગતિ અલગ-અલગ હોય, પરંતુ સત્ય એ છે કે શત્રુ દળો દરેક મોરચે પાછળ ખસી રહ્યા છે." પુતીને આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વર્ષના અંત સુધીમાં રશિયન દળો વધુ મહત્વપૂર્ણ પ્રગતિ હાંસલ કરશે, જે યુદ્ધના પરિણામને રશિયાની તરફેણમાં બદલી નાખશે.

નોંધનીય છે કે ફેબ્રુઆરી ૨૦૨૨માં જ્યારે આ સંઘર્ષની શરૂઆત થઈ હતી, ત્યારે રશિયાએ કિવ પર કબજો કરવાનો પ્રયાસ કર્યો હતો, જેને યુક્રેનિયન દળોએ પશ્ચિમી શસ્ત્રોની મદદથી નિષ્ફળ બનાવ્યો હતો. જો કે, ત્યાર બાદના વર્ષોમાં રશિયાએ પોતાની રણનીતિ બદલી છે. મીડિયા અહેવાલ મુજબ, રશિયા હવે ધીમી પણ મક્કમ ગતિએ આગળ વધવાની નીતિ અપનાવી રહ્યું છે. પુતીને પત્રકાર પરિષદમાં સ્પષ્ટ કર્યું કે રશિયાની શરતો - જેમાં યુક્રેનનું બિન-સૈનિકીકરણ અને તટસ્થતા સામેલ છે - તેના પર કોઈ પણ જાતની બાંધછોડ કરવામાં આવશે નહીં.

પુતીનની આ વાર્ષિક પત્રકાર પરિષદ માત્ર એક ઈવેન્ટ નથી, પરંતુ તેમની લોકપ્રિયતા અને સત્તાના પ્રદર્શનનું માધ્યમ છે. આ કાર્યક્રમમાં રશિયાના સામાન્ય નાગરિકો પણ પોતાના નેતાને સીધા પ્રશ્નો પૂછી શકે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, પુતીને આ તકનો ઉપયોગ રશિયાની ઘરેલું સ્થિરતા અને આર્થિક મજબૂતી સાબિત કરવા માટે પણ કર્યો હતો. તેમણે પશ્ચિમી પ્રતિબંધોને નિષ્ફળ ગણાવતા કહ્યું કે રશિયાની અર્થવ્યવસ્થા હવે પહેલા કરતા વધુ મજબૂત છે અને તે લાંબા સમય સુધી આ સંઘર્ષ ચાલુ રાખવા સક્ષમ છે.

પુતીનના આ નિવેદન બાદ આંતરરાષ્ટ્રીય રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે આગામી મહિનાઓમાં રશિયા તેના હુમલાઓ વધુ તેજ કરી શકે છે. જો યુક્રેનને પશ્ચિમી દેશો તરફથી મળતી સહાયમાં ઘટાડો થાય, તો રશિયા માટે તેના લક્ષ્યો હાંસલ કરવા સરળ બની શકે છે. પુતીને પત્રકાર પરિષદના અંતે ફરી એકવાર પુનરોચ્ચાર કર્યો હતો કે વિજય રશિયાનો જ થશે. આ જાહેરાત બાદ યુક્રેન અને તેના સાથી દેશોમાં ચિંતાની લહેર પ્રસરી ગઈ છે, કારણ કે આ નિવેદન શાંતિની શક્યતાઓને ઓછી અને લાંબા ગાળાના યુદ્ધની શક્યતાઓને વધુ પ્રબળ બનાવે છે.

### ■ પુતીન અને એલિના કાબાયેવા વચ્ચેના સંબંધો

મોસ્કો: રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમિર પુતીન સામાન્ય રીતે તેમના કઠોર અને ગંભીર અંદાજ માટે જાણીતા છે. જોકે, તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન પુતીનનો એક એવો રોમેન્ટિક અવતાર જોવા મળ્યો છે, જેણે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી છે. સામાન્ય રીતે યુદ્ધ અને રાજનીતિની ચર્ચા કરનારા પુતીને સ્મિત સાથે જાહેરમાં સ્વીકાર્યું છે કે તેઓ પ્રેમમાં છે. આ વીડિયો વાયરલ થતાની સાથે જ વિશ્વભરમાં પુતીનની ખાનગી જિંદગીને લઈને ફરી એકવાર અટકળોનું બજાર ગરમ થયું છે. એક ગંભીર પ્રેસ કોન્ફરન્સ અને ઈન્ટરવ્યુ દરમિયાન, જ્યારે એક રિપોર્ટરે સાહસ કરીને પુતીનને તેમની અંગત જિંદગી વિશે પ્રશ્ન પૂછ્યો ત્યારે વાતાવરણ અચાનક બદલાઈ ગયું હતું. રિપોર્ટરે પૂછ્યું હતું કે, "શું તમે ક્યારેય પહેલી નજરના પ્રેમમાં પડ્યા છો?" આ પ્રશ્ન સાંભળતા જ લોખંડી પુરુષ ગણાતા પુતીન થોડી ક્ષણો માટે શરમાઈ ગયા હતા.

### ■ જિમનાસ્ટ એલિના કાબાયેવા સાથેનું જોડાણ

પુતીનના આ તાજેતરના એકરાર બાદ ફરી એકવાર ઓલિમ્પિક ગોલ્ડ મેડલિસ્ટ એલિના કાબાયેવાનું નામ ચર્ચામાં આવ્યું છે. ૩૦ વર્ષીય એલિના રશિયાની અત્યંત સફળ જિમનાસ્ટ રહી ચૂકી છે અને તેણે ૧૪ વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલ્સ જીત્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, છેલ્લા લાંબા સમયથી એવા અહેવાલો વહેતા થયા છે કે એલિના અને પુતીન લાંબા સમયથી રિલેશનશિપમાં છે. જોકે, ક્રેમલિન દ્વારા સત્તાવાર રીતે ક્યારેય આ વાતની પુષ્ટિ કરવામાં આવી નથી. એલિનાએ ૨૦૦૭માં રમતગમતમાંથી નિવૃત્તિ લીધા બાદ રાજકારણમાં પણ ઝંપલાવ્યું હતું.

પાકિસ્તાની કોર્ટનો કડક આદેશ

# ઈમરાન ખાન અને બુશરા બીબીને સજા સત્તર વર્ષની જેલ



(એજન્સી) ઈસ્લામાબાદ । તા. 20

પાકિસ્તાનના રાજકારણમાં આજે ફરી એકવાર મોટો ભૂકંપ આવ્યો છે. પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબીની મુશ્કેલીઓમાં તોતિંગ વધારો કરતા ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સીની વિશેષ અદાલતે તોશાખાના-૨ ભ્રષ્ટાચાર કેસમાં ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. અદાલતે આ દંપતીને સરકારી તિજોરી સાથે છેતરપિંડી અને ભ્રષ્ટાચારના ગુનામાં દોષિત ઠેરવીને ૧૭-૧૭ વર્ષની આકરી કેદની સજા ફટકારી છે. આ ચુકાદા સાથે જ પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફના કાર્યકરોમાં ભારે આક્રોશ અને ચિંતાની લહેર પ્રસરી ગઈ છે.

આ સમગ્ર મામલાની વિગત મુજબ, વર્ષ ૨૦૨૧માં જ્યારે ઈમરાન ખાન વડાપ્રધાન પદ પર બિરાજમાન હતા, ત્યારે સાઉદી અરેબિયાના રાજકુમાર દ્વારા તેમને અત્યંત કિંમતી 'બુલ્ગારી' જ્વેલરી સેટ ભેટમાં આપવામાં આવ્યો હતો. મીડિયા અહેવાલ પ્રમાણે, તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આ વૈભવી ઘરેણાંની વાસ્તવિક બજાર કિંમત આશરે ૭ કરોડ ૧૫ લાખ પાકિસ્તાની રૂપિયા જેટલી હતી. જોકે, સત્તાના દુરુપયોગ દ્વારા ઈમરાન ખાને સરકારી નિયમોને નેવે મૂકીને આ સેટ માત્ર ૫૮ લાખ રૂપિયામાં પોતાની પાસે રાખી લીધો હતો. કોર્ટે આ કૃત્યને રાષ્ટ્રીય સંપત્તિ સાથેનો દગો અને ગુનાહિત વિશ્વાસઘાત ગણાવ્યો છે.

અદિયાલા જેલમાં કાર્યરત વિશેષ અદાલતના ન્યાયાધીશ શાહરુખ અરજુમંદે ચુકાદો સંભળાવતા જણાવ્યું કે, ઈમરાન ખાનને ગુનાહિત વિશ્વાસઘાત હેઠળ ૧૦ વર્ષ અને ભ્રષ્ટાચાર નિવારણ કાયદાની જોગવાઈઓ મુજબ ૭ વર્ષની સજા કરવામાં આવે છે. આ જ પ્રમાણે બુશરા બીબીને પણ સમાન ગુનામાં કુલ ૧૭ વર્ષની જેલ ભોગવવી પડશે. આ ઉપરાંત, કોર્ટે દંપતી પર ૧ કરોડ ૬૪ લાખ રૂપિયાનો તોતિંગ દંડ પણ ફટકાર્યો છે.

# વિશ્વ ધ્યાન દિવસની સંયુક્ત રાષ્ટ્રમાં ઉજવણી અને ભારતીય નેતૃત્વ

(એજન્સી) ન્યૂ યોર્ક । તા. 20

વિશ્વમાં વધતા જતા તણાવ અને અશાંતિ વચ્ચે આંતરિક શાંતિનો સંદેશ ફેલાવવાના હેતુથી સંયુક્ત રાષ્ટ્ર (UN) ના મુખ્યાલય ખાતે દ્વિતીય 'વિશ્વ ધ્યાન દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભારતના સ્થાયી મિશન દ્વારા આયોજિત આ ઉચ્ચ સ્તરીય કાર્યક્રમમાં અન્ડોરા, મેક્સિકો, નેપાળ અને શ્રીલંકા જેવા ભાગીદાર દેશોએ પણ સહયોગ આપ્યો હતો. આ મિશનનો મુખ્ય હેતુ ધ્યાનના માધ્યમથી વૈશ્વિક સંવાદિતા અને માનસિક સંતુલન સ્થાપિત કરવાનો છે. સંયુક્ત રાષ્ટ્રના ટ્રસ્ટીશિપ કાઉન્સિલ ચેમ્બરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિશ્વભરના રાજદ્વારીઓ, આધ્યાત્મિક નેતાઓ અને બૌદ્ધિકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે પ્રખ્યાત આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકર ઉપસ્થિત રહ્યા



હતા. તેમણે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે, ધ્યાન એ માત્ર ધાર્મિક પ્રક્રિયા નથી, પરંતુ મનને સ્વસ્થ રાખવાનું વિજ્ઞાન છે. શ્રી શ્રી રવિશંકરે સામુદાયિક ધ્યાનનું નેતૃત્વ કર્યું હતું, જેમાં અંદાજે ૭૦૦થી વધુ લોકોએ એકસાથે મૌન ધારણ કરીને આંતરિક શાંતિનો અનુભવ કર્યો હતો. તેમણે ભારપૂર્વક કહ્યું કે જ્યારે વ્યક્તિ અંદરથી શાંત હોય છે, ત્યારે જ તે બહારની દુનિયામાં શાંતિ સ્થાપિત કરવામાં યોગદાન આપી શકે છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ હરીશ પર્વથાનેનીએ ભારતીય સંસ્કૃતિની ઊંડી સમજ વિશે વાત કરી હતી.

# શરીફ ઉસ્માન હાદીની અંતિમવિધિ સંપન્ન અને ઢાકામાં શાંતિ છવાઈ

ઢાકા | બાંગ્લાદેશના પ્રખર વિદ્યાર્થી નેતા અને ઈન્કલાબ મંચના કન્વીનર શરીફ ઉસ્માન હાદીની અંતિમવિધિ આજે ઢાકામાં અત્યંત ગમગીન માહોલમાં સંપન્ન થઈ છે. હાદીના અકાળ અવસાન બાદ છેલ્લા બે દિવસથી હિંસા અને વિરોધ પ્રદર્શનોનો સામનો કરી રહેલા બાંગ્લાદેશમાં આજે સાપેક્ષ રીતે શાંતિ જોવા મળી હતી. સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા રાષ્ટ્રીય શોક વચ્ચે હજારોની મેદનીએ હાદીને ભીની આંખે વિદાય આપી હતી. પરિવારની ઈચ્છા મુજબ, હાદીને બાંગ્લાદેશના રાષ્ટ્રીય કવિ કાઝી નઝરુલ ઈસ્લામની મજાર પાસે દફનાવવામાં આવ્યા છે. શનિવારે વહેલી સવારથી જ ઢાકાના માણિક મિયા એવન્યુ અને સંસદ ભવનની આસપાસ હાદીના સમર્થકો અને સામાન્ય નાગરિકોના ટોળા ઉમટવા લાગ્યા હતા. જનાજાની નમાજ પૂર્વે સમગ્ર રસ્તો માનવ મહેરામણથી ભરાઈ ગયો હતો.

# સિંધુ જળ સંધિ રદ અને પાકિસ્તાનમાં કટોકટી ઘેરી બની

### નાયબ PM ઈશાક ડારે કહ્યું: 'અમારા લોકો મરી જશે'

(એજન્સી) નવી દિલ્હી/ઈસ્લામાબાદ । તા. 20

પહલગામમાં ૨૬ નિર્દોષ ભારતીયોની હત્યા કરનાર આતંકવાદની ફેક્ટરી પાકિસ્તાનને ભારતે અત્યાર સુધીનો સૌથી મોટો પાઠ ભણાવ્યો છે. ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ થયેલા આતંકી હુમલા બાદ ભારત સરકારે ૧૯૬૦ની ઐતિહાસિક 'સિંધુ જળ સંધિ' (IWT) ને સ્થગિત કરવાનો અભૂતપૂર્વ નિર્ણય લીધો હતો. આ નિર્ણયના આઠ મહિના બાદ હવે પાકિસ્તાનમાં સ્થિતિ ભયાનક બની ગઈ છે. પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન ઈશાક ડારે અત્યંત હતાશામાં કબૂલાત કરી છે કે ભારત દ્વારા પાણી રોકવામાં આવતા હવે તેમના લોકો ભૂખે અને તરસ્યા મરવા મજબૂર થયા છે.

પાકિસ્તાનના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી ઈશાક ડારે આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ ગીધડભભકી આપતા જણાવ્યું કે, "ભારત દ્વારા સિંધુ જળ સંધિનું ઉલ્લંઘન એ 'યુદ્ધ સમાન કૃત્ય' (Act of War) છે."

તેમણે આરોપ લગાવ્યો કે નવી દિલ્હીએ હાઈડ્રોલોજીકલ ડેટા અને સંયુક્ત દેખરેખ બંધ કરી દીધી છે, જેના કારણે પાકિસ્તાન પૂર અને દુષ્કાળ બંને સામે લાચાર બની ગયું છે. ડારના મતે, કૃષિ ચક્રના મુખ્ય સમયે પાણીની અછતને કારણે પાકિસ્તાનની અર્થવ્યવસ્થા અને ખાદ્ય સુરક્ષા ખતરામાં મુકાઈ ગઈ છે.

ભારતે આ સંધિ રદ કરવા પાછળ પાકિસ્તાન પ્રેરિત સીમાપારના આતંકવાદને મુખ્ય કારણ ગણાવ્યું છે. પહલગામ હુમલા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી સુરક્ષા સમિતિની બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું કે "લોહી અને પાણી એકસાથે વહી શકે નહીં."

હિંસા અને અરાજકતા | ઉસ્માન હાદીના મોત બાદ અરાજકતા, હિન્દુ યુવકની હત્યા અને મીડિયા પર હુમલા

# ભડકે બળતું બાંગ્લાદેશ અને કટ્ટરવાદીઓ બેફામ બન્યા છે

(એજન્સી) ઢાકા । તા. 20

પાડોશી દેશ બાંગ્લાદેશમાં ફરી એકવાર લોહીયાળ હિંસા અને અરાજકતાનો ભયાનક દોર શરૂ થયો છે. ભારત વિરોધી ઝેર ઓકનારા કટ્ટરપંથી વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદીના સિંગાપોરમાં સારવાર દરમિયાન મોત બાદ સમગ્ર દેશમાં તોફાનો ફાટી નીકળ્યા છે. કટ્ટરવાદી તત્વોએ રસ્તા પર ઉતરી આવીને લઘુમતી હિન્દુઓને નિશાન બનાવવાની સાથે મીડિયા હાઉસ અને ભારતીય દૂતાવાસ પર પણ હુમલા કર્યા છે. શેખ હસીનાના શાસન પતન બાદ દેશમાં શાંતિ સ્થાપવાના દાવાઓ પોકળ સાબિત થયા છે અને અત્યારે દેશ સંપૂર્ણપણે કટ્ટરપંથીઓના કબજામાં હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

મૈમનસિંહ જિલ્લાના ભાલુકામાં કટ્ટરવાદી ટોળાએ અત્યંત ક્રૂરતાની હદ વટાવી દીધી છે. ધાર્મિક લાગણી દુભાવવાના પાયાવિહોણા આક્ષેપ હેઠળ ૨૭ વર્ષીય હિન્દુ યુવક દીપુ ચંદ્ર દાસને ૧૫૦૦ થી ૨૦૦૦ લોકોના ઉશ્કેરાયેલા ટોળાએ જાહેરમાં રહેંસી નાખ્યો હતો.



એટલું જ નહીં, આતતાયીઓએ યુવકની લાશને ઝાડ પર લટકાવીને સળગાવી દીધી હતી અને કલાકો સુધી તેની ઉજવણી કરી હતી. પોલીસ અને સેનાના જવાનો ઘટનાસ્થળે પહોંચ્યા ત્યાં સુધીમાં બધું જ રાખ થઈ ગયું હતું. આ ઘટનાએ બાંગ્લાદેશમાં વસતા લઘુમતીઓની સુરક્ષા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

અભિવ્યક્તિની આઝાદીનું ગળું ઘોંટતા તોફાની તત્વોએ ઢાકાના બે મુખ્ય અખબારો 'ધ ડેઈલી સ્ટાર' અને 'પ્રથમ આલો' ની ઓફિસોને આગને હવાલે કરી દીધી હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ હુમલા સમયે ૩૦ થી વધુ પત્રકારો ઓફિસની અંદર ફસાયેલા હતા, જેમને જીવતા સળગાવવાનો કાયરતાપૂર્ણ પ્રયાસ કરાયો હતો. સૈન્ય અને ફાયર બ્રિગેડની સમયસરની દરમિયાનગીરીથી પત્રકારોના જીવ બચી શક્યા હતા, પરંતુ અખબારોની માલમિલકતને મોટું નુકસાન પહોંચ્યું છે.

રાજકીય વિશ્લેષકો આ હિંસાને મોહમ્મદ યૂનુસની વચગાળાની સરકારનું ચૂંટણી ટાળવા માટેનું એક સુનિયોજિત કાવતરું માની રહ્યા છે. દોઢ વર્ષ વીતવા છતાં ચૂંટણી ન યોજાતા વૈશ્વિક દબાણ વધી રહ્યું હતું, ત્યારે ઉસ્માન હાદીના મોતને હથિયાર બનાવીને દેશમાં અસ્થિરતા ઉભી કરવામાં આવી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, કટ્ટરવાદીઓ ચૂંટણી પહેલા વિરોધ પક્ષોને નબળા પાડી રહ્યા છે અને અશાંતિનું બહાનું ધરીને લોકતાંત્રિક પ્રક્રિયાને પાછળ ઠેલવાનો પ્રયાસ કરી રહ્યા છે. બાંગ્લાદેશના સ્થાપક શેખ મુજીબુર રહેમાનના પૈતૃક આવાસને પણ ફરી એકવાર સળગાવીને ઈતિહાસને ભૂંસવાનો પ્રયાસ થયો છે .

# નેપાળમાં ચૂંટણીની જાહેરાત અને વચગાળાના PMનું સંબોધન ગુંજ્યું

(એજન્સી) કાઠમંડુ । તા. 20

નેપાળમાં સપ્ટેમ્બર મહિનામાં થયેલા લોહિયાળ જન-આંદોલન અને સત્તા પલટા બાદ હવે લોકશાહીની પુનઃસ્થાપના માટેનો માર્ગ મોકળો થયો છે. નેપાળના વચગાળાના વડાપ્રધાન સુશીલા કાર્કીએ રાષ્ટ્રજોગ સંબોધનમાં સ્પષ્ટ કર્યું છે કે દેશમાં પ્રતિનિધિ સભાની ચૂંટણીઓ તેના નિર્ધારિત સમયે જ યોજાશે. તેમના શાસનના ૧૦૦ દિવસ પૂર્ણ થવાના અવસરે કાર્કીએ ચૂંટણી મોકૂફ રાખવાની અફવાઓને 'આધારહીન' ગણાવીને ફગાવી દીધી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ૫ માર્ચ ૨૦૨૬ (૨૧ ફાગણ ૨૦૮૨) ના રોજ યોજાનારી આ ચૂંટણી નેપાળમાં સ્થિરતા અને નવા યુગની શરૂઆત કરવા માટેનો એકમાત્ર માર્ગ છે.

વચગાળાના વડાપ્રધાને 'Gen Z' (ઝી-જનરેશન) ના યુવાનોને સંબોધતા કહ્યું હતું કે, "શેરીઓમાં થતા વિરોધ પ્રદર્શનો પ્રશ્નો ઉભા કરે છે, પરંતુ બેલેટ પેપર (મતદાન) ઉકેલ પૂરો પાડે છે. તમારો ગુસ્સો અને સપનાઓ હવે મતદાન પેટીમાં વ્યક્ત કરો." તેમણે ખાતરી આપી હતી કે સરકાર 'સંકલિત ચૂંટણી સુરક્ષા યોજના' હેઠળ કામ કરી રહી છે અને નેપાળ આર્મીની તૈનાતી સુનિશ્ચિત કરવામાં આવી છે. આ ચૂંટણીમાં ૧૧૪ જેટલા રાજકીય પક્ષો ભાગ લઈ રહ્યા છે, જે નેપાળની લોકશાહીના મજબૂત મૂળ દર્શાવે છે.

નેપાળમાં ૮ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સોશિયલ મીડિયા પરનો પ્રતિબંધ અને ભ્રષ્ટાચાર વિરુદ્ધ યુવાનોએ મોટું આંદોલન છેડ્યું હતું. પોલીસના ગોળીબારમાં કાઠમંડુમાં ૨૩ યુવાનો સહિત દેશભરમાં અત્યાર સુધીમાં ૭૬ લોકોના મોત થયા છે. આ હિંસા બાદ તત્કાલીન વડાપ્રધાન કે.પી. શર્મા ઓલીની સરકારનું પતન થયું હતું.

આર્ટિકલ ૧૪૨ હેઠળ ડિગ્રી બચી, પણ કટોકટીમાં મફત સેવા આપવાનું સોગંદનામું અનિવાર્ય

# રાજસ્થાનની ડેન્ટલ કોલેજોને ૧૦૦ કરોડનો દંડ: સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી | તા. 20

મેડિકલ શિક્ષણના સ્તર સાથે રમત કરનાર સંસ્થાઓ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. વર્ષ ૨૦૧૬-૧૭ના શૈક્ષણિક વર્ષમાં NEETના લઘુત્તમ લાયકાત ધોરણો નું ઉલ્લંઘન કરીને ગેરકાયદેસર રીતે એડમિશન આપનારી રાજસ્થાનની ૧૦ ખાનગી ડેન્ટલ કોલેજો પર કોર્ટે કુલ ૧૦૦ કરોડ રૂપિયાનો જંગી દંડ ફટકાર્યો છે. જસ્ટિસ જે.કે. મહેશ્વરી અને વિજય બિશ્નોઈની ખંડપીઠે આ આદેશ આપતા સ્પષ્ટ કર્યું કે, રાજ્ય સરકાર પાસે NEET ના લાયકાત ગુણ ઘટાડવાની કોઈ સત્તા નથી.

કોર્ટે આદેશ આપ્યો છે કે પ્રત્યેક કોલેજે ૧૦-૧૦ કરોડ રૂપિયા ‘રાજસ્થાન રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ’ (RSLSA) પાસે જમા કરાવવા પડશે. આ ૧૦૦ કરોડ રૂપિયાને ફિક્સ્ડ ડિપોઝિટમાં મૂકવામાં આવશે અને તેના વ્યાજમાંથી રાજસ્થાનના વૃદ્ધાશ્રમો, નારી નિકેતનો, બાળ સંભાળ કેન્દ્રો અને વન સ્ટોપ



સેન્ટરોનું આધુનિકીકરણ કરવામાં આવશે. આ ભંડોળના ઉપયોગ પર દેખરેખ રાખવા માટે રાજસ્થાન હાઈકોર્ટના ૫ જજોની વિશેષ સમિતિની પણ રચના કરવામાં આવી છે.

કોર્ટે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની વિશેષ સત્તાનો ઉપયોગ કરીને એવા વિદ્યાર્થીઓની BDS ડિગ્રીને માન્યતા આપી છે જેમણે અભ્યાસ પૂર્ણ કરી લીધો છે. જોકે, આ રાહત શરતી છે. આ વિદ્યાર્થીઓએ રાજસ્થાન હાઈકોર્ટમાં સોગંદનામું આપવું પડશે કે ભવિષ્યમાં કોઈ પણ મહામારી (જેમ કે કોવિડ), કુદરતી આપત્તિ કે આરોગ્ય કટોકટી સમયે તેઓ રાજ્ય સરકારને તેમની આખી જિંદગી દરમિયાન કુલ ૨ વર્ષ માટે નિઃશુલ્ક સેવાઓ આપશે. જે વિદ્યાર્થીઓ આ સોગંદનામું નહીં આપે તેમની ડિગ્રી રદ ગણવામાં આવશે.

કોર્ટે ગેરકાયદે એડમિશન લીધેલા એવા વિદ્યાર્થીઓ પ્રત્યે કોઈ દયા દાખવી નથી જેમણે એડમિશનના ૯ વર્ષ પછી પણ પોતાનો BDS કોર્સ પૂર્ણ કર્યો નથી. ૨૦૦૭ના નિયમો મુજબ ૯ વર્ષની મહત્તમ મર્યાદા પૂરી થઈ ગઈ હોવાથી આવા વિદ્યાર્થીઓને તાત્કાલિક કોર્સમાંથી ડિસ્ચાર્જ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. કોર્ટે અવલોકન કર્યું કે, કોલેજોની લાલચને કારણે લાયકાત વગરના વિદ્યાર્થીઓ મેડિકલ ક્ષેત્રમાં પ્રવેશ્યા તે ચિંતાનો વિષય છે. સુપ્રીમ કોર્ટે રાજસ્થાન સરકારની પણ ઝાટકણી કાઢી હતી. કોર્ટે કહ્યું કે રાજ્ય સરકારે ઉતાવળમાં NEET ના માપદંડો ઘટાડીને કોલેજોને ખોટી છૂટ આપી હતી, જે સંપૂર્ણપણે ગેરકાયદેસર હતી.

# IRCTC ટિકિટ બુકિંગ અને આધાર લિંક ફરજિયાત: મુસાફરો માટે નવા નિયમો જાહેર

(એજન્સી) નવી દિલ્હી | તા. 20

ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન (IRCTC) એ ઓનલાઈન ટિકિટ બુકિંગ સિસ્ટમને વધુ સુરક્ષિત અને પારદર્શક બનાવવા માટે એક ક્રાંતિકારી નિર્ણય લીધો છે. હવેથી IRCTC પોર્ટલ પર ટિકિટ બુક કરાવવા માટે આધાર કાર્ડ લિંક કરવું ફરજિયાત જેવું જ બની જશે. રેલવેએ આધાર લિંક ન ધરાવતા યુઝર્સ માટે બુકિંગનો સમય સતત ઘટાડીને તેમને આધાર અપડેટ કરવા માટે મજબૂર કર્યા છે. આ નવા નિયમો ૨૯ ડિસેમ્બર ૨૦૨૫થી અમલમાં આવશે.

સવારે ૮ વાગ્યાથી બપોર સુધી માત્ર એવા જ યુઝર્સ ટિકિટ બુક કરી શકશે જેમનું આધાર કાર્ડ IRCTC એકાઉન્ટ સાથે લિંક છે. ૨. બીજો તબક્કો (૫ જાન્યુઆરીથી): આ સમય મર્યાદા વધારીને સવારે ૮ થી સાંજે ૪ વાગ્યા સુધીની કરવામાં આવશે. એટલે કે આખા દિવસ દરમિયાન સામાન્ય યુઝર્સ ટિકિટ બુક નહીં કરી શકે. ૩. અંતિમ તબક્કો (૧૨ જાન્યુઆરીથી): સવારથી મધરાત સુધી માત્ર આધાર લિંક ધરાવતા યુઝર્સ જ બુકિંગ કરી શકશે. આધાર વગરના યુઝર્સ માટે બુકિંગ વિન્ડો લગભગ બંધ જેવી જ થઈ જશે. આ ફેરફાર પાછળનો મુખ્ય હેતુ ‘જેન્યુન’ એટલે કે સાચા મુસાફરોને કન્ફર્મ ટિકિટ અપાવવાનો છે. અવારનવાર એવી ફરિયાદો ઉઠતી હોય છે કે ટ્રાવેલ એજન્ટો બોગસ આઈડી બનાવીને બલ્કમાં ટિકિટો બુક કરી લે છે, જેના કારણે સામાન્ય જનતાને વેઈટિંગ લિસ્ટનો સામનો કરવો પડે છે. આધાર વેરિફિકેશનથી દરેક યુઝરની ઓળખ સાબિત થશે અને એક વ્યક્તિ મર્યાદિત સંખ્યામાં જ ટિકિટ બુક કરી શકશે. આનાથી ઓનલાઈન રિઝર્વેશન સિસ્ટમમાં રહેલી ગેરરીતિઓ પર લગામ લાગશે.

# પ્રિયંકા ગાંધીએ બાંગ્લાદેશમાં હિન્દુ યુવકની હત્યાનો મુદ્દો ઉઠાવ્યો: સરકારને કરી અપીલ



નવી દિલ્હી | બાંગ્લાદેશમાં કટ્ટરવાદી તત્વો દ્વારા લઘુમતી હિન્દુ સમુદાય પર કરવામાં આવી રહેલા હુમલાઓએ હવે ભારતીય રાજનીતિમાં ગરમાવો લાવી દીધો છે. કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ બાંગ્લાદેશના મૈમનસિંગ શહેરમાં ૨૫ વર્ષીય હિન્દુ યુવક દીપુ ચંદ્ર દાસની નિર્મમ હત્યા અંગે ઘેરી ચિંતા વ્યક્ત કરી છે. પ્રિયંકા ગાંધીએ ભારત સરકારને આ મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા અને બાંગ્લાદેશ સરકાર સમક્ષ લઘુમતીઓની સુરક્ષાનો મુદ્દો મજબૂતીથી ઉઠાવવા આગ્રહ કર્યો છે. ૧૮ ડિસેમ્બરની રાત્રે બનેલી આ ઘટના અત્યંત હૃદયદ્રાવક છે. મૈમનસિંગમાં એક ફેક્ટરીની બહાર ઉશ્કેરાયેલા ટોળાએ દીપુ ચંદ્ર દાસ પર ઈશનિંદાનો ખોટો આરોપ લગાવી તેને ઢોર માર માર્યો હતો. હિંસક ટોળાએ માનવતાની તમામ હદ વટાવીને યુવકને ઝાડ સાથે લટકાવી દીધો અને જીવતો સળગાવી દીધો હતો. ત્યારબાદ તેના મૃતદેહને હાઈવે પર ફેંકી દેવામાં આવ્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા વિશ્વભરમાં આક્રોશ ફાટી નીકળ્યો છે. બાંગ્લાદેશમાં હિન્દુ યુવકની બર્બર હત્યાના સમાચાર અત્યંત ચિંતાજનક છે.

# એર ઈન્ડિયા એક્સપ્રેસના પાયલટે મુસાફર પર હુમલો કર્યો: એરપોર્ટ પર લોહીલુહાણ દ્રશ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા. 20

દિલ્હીનું ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ શનિવારે એક અત્યંત શરમજનક ઘટનાનું સાક્ષી બન્યું છે. સુરક્ષા તપાસ દરમિયાન એર ઈન્ડિયા એક્સપ્રેસના એક પાયલટે સામાન્ય મુસાફર પર જીવલેણ હુમલો કરીને તેને લોહીલુહાણ કરી નાખ્યો હતો. આ હિંસક ઘટના સમયે મુસાફરની ૭ વર્ષની પુત્રી અને ૪ મહિનાની બાળકી પણ હાજર હતી, જેઓ આ દ્રશ્ય જોઈને આઘાતમાં સરી પડી છે. એર ઈન્ડિયા એક્સપ્રેસે ત્વરિત કાર્યવાહી કરતા આરોપી પાયલટ વીરેન્દ્ર સેજવાલને સસ્પેન્ડ કરી દીધો છે.



પીડિત મુસાફર અંકિત દીવાન પોતાની પત્ની અને બે પુત્રીઓ સાથે વેકેશન માટે સ્પાઈસ જેટની ફ્લાઈટ પકડવા એરપોર્ટ પહોંચ્યા હતા. તેમની સાથે ૪ મહિનાની બાળકીનું સ્ટ્રોલર હોવાથી એરપોર્ટ સ્ટાફે તેમને માનવતાના ધોરણે ‘સ્ટાફ સિક્યોરિટી લાઈન’ માંથી જવાની મંજૂરી આપી હતી. અંકિતના જણાવ્યા અનુસાર, લાઈનમાં ઊભેલા કેટલાક એરલાઈન સ્ટાફ મેમ્બર્સ આગળ નીકળવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જ્યારે અંકિતે આ બાબતે વાંધો ઉઠાવ્યો, ત્યારે ઓફ-ડ્યુટી પાયલટ વીરેન્દ્ર સેજવાલ ઉશ્કેરાઈ ગયા હતા અને અંકિતના ચહેરા પર જોરદાર પંચ મારી દીધો હતો. આ હુમલાને કારણે અંકિતના નાક અને ચહેરા પરથી લોહી નીકળવા લાગ્યું હતું. અંકિતે સોશિયલ મીડિયા પર પોતાની પીડા વ્યક્ત કરતા લખ્યું કે, “મારી ૭ વર્ષની દીકરીએ તેના પિતાને લોહીલુહાણ થતા જોયા, તે હજુ પણ ધ્રૂજી રહી છે.”

CREDAI નેશનલ કોન્ક્લેવ 2025: વિકસિત ભારતના નિર્માણમાં રિયલ એસ્ટેટની ભૂમિકા

# અમિત શાહે 9,000 એકરમાં પુનઃવનીકરણ પહેલ લોન્ચ કરી, ટકાઉ વિકાસ પર મૂક્યો ભાર

(એજન્સી) નવી દિલ્હી | તા. 20

કોન્ફેડરેશન ઓફ રિયલ એસ્ટેટ ડેવલપર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (CREDAI) દ્વારા આયોજિત ‘નેશનલ કોન્ક્લેવ 2025’ નો નવી દિલ્હી ખાતે ભવ્ય પ્રારંભ થયો છે. આ કોન્ક્લેવમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ, કેન્દ્રીય પર્યાવરણ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવ અને ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી. કોન્ક્લેવનો મુખ્ય ઉદ્દેશ્ય ‘વિકસિત ભારત @2047’ ના વિઝનને સાકાર કરવા માટે રિયલ એસ્ટેટ ક્ષેત્રની વ્યૂહાત્મક ભાગીદારી અને ટકાઉ આવાસ વ્યવસ્થા પર ચર્ચા કરવાનો છે.

## પર્યાવરણીય જાળવણી: સહ્યાદ્રીની ટેકરીઓમાં 9,000 એકરનું વનીકરણ

ઉદ્ઘાટન સત્રમાં શ્રી અમિત શાહે CREDAI ની અત્યંત મહત્વકાંક્ષી ‘ઈકોલોજિકલ રિફોરેસ્ટેશન એન્ડ રિસ્ટોરેશન’ પહેલ લોન્ચ કરી હતી. આ પ્રોજેક્ટ હેઠળ મહારાષ્ટ્રના નાસિક જિલ્લામાં પશ્ચિમી ઘાટના 25 ગામડાઓમાં ફેલાયેલી 9,000 એકર પડતર જમીનને ફરીથી હરિયાળી બનાવવામાં આવશે. ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, “દરેક ડેવલપરે દરેક બિલ્ડિંગના નિર્માણ સમયે ઓછામાં ઓછા 10 વૃક્ષો વાવવાનો સંકલ્પ લેવો જોઈએ, જે આવનારી પેઢી માટે ઉત્તમ




વાતાવરણ પૂરું પાડશે.”

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું ‘મેડ ઇન ઈન્ડિયા’ અને ભારતીય ડિઝાઇન પર ભાર

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે ગુજરાત છેલ્લા 25 વર્ષથી સુનિયોજિત શહેરી વિકાસનું રોલ મોડલ રહ્યું છે. તેમણે ડેવલપર્સને વિનંતી કરી કે ભલે આપણે વિદેશી ટેકનોલોજી અપનાવીએ, પરંતુ ઈમારતોની ડિઝાઈનમાં ભારતીય વિરાસત અને સંસ્કારો ઝળકવા જોઈએ. તેમણે ધોલેરા અને ગિફ્ટ સિટી જેવા આઈકોનિક પ્રોજેક્ટ્સનો ઉલ્લેખ કરી જણાવ્યું કે ગુજરાત રિયલ એસ્ટેટ રોકાણ માટે શ્રેષ્ઠ સ્થાન છે.

કોન્ક્લેવ દરમિયાન CREDAI એ ટેકનોલોજી આધારિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટકાઉ બાંધકામ પદ્ધતિઓ માટે અનેક વ્યૂહાત્મક સમજૂતી કરાર (MoU) કર્યા છે. પ્રથમ દિવસનું સમાપન ‘CREDAI એવોર્ડ્ઝ ફોર રિયલ એસ્ટેટ એક્સેલન્સ’ સાથે થયું હતું, જેમાં નવીનતા, સતત વિકાસ અને ઉત્કૃષ્ટ નેતૃત્વ પ્રદર્શિત કરનાર પ્રોજેક્ટ્સ અને ડેવલપર્સનું સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી અમિત શાહે યાદ અપાવ્યું કે 2047 સુધીમાં ભારતની અડધી વસ્તી શહેરોમાં વસતી હશે, તેથી આવાસની જવાબદારી ડેવલપર્સના ખભા પર છે. તેમણે RERA અને GST જેવા સુધારાઓનો ઉલ્લેખ કરી જણાવ્યું કે હવે આ ક્ષેત્રમાં પારદર્શિતા અને વિશ્વસનીયતા વધી છે. CREDAI ના ચેરમેન શ્રી બોમન ઈરાની અને પ્રેસિડેન્ટ શ્રી શેખર પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ઉદ્યોગ સરકારના વિઝન સાથે ખભેખભા મિલાવીને કામ કરશે.

# સુપ્રીમ કોર્ટનો ઘર ખર્ચના હિસાબ પર ચુકાદો: પતિ-પત્નીના વિવાદમાં મોટી સ્પષ્ટતા



નવી દિલ્હી | લગ્નજીવનમાં નાની-નાની તકરારો જ્યારે પોલીસ સ્ટેશન અને કોર્ટ સુધી પહોંચે છે ત્યારે કાયદાકીય ગૂંચવણો વધતી હોય છે. આવા જ એક સંવેદનશીલ કિસ્સામાં સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપતા સ્પષ્ટ કર્યું છે કે, જો પતિ તેની પત્ની પાસે ઘરના ખર્ચનો હિસાબ માંગે અથવા તેને એક્સેલ શીટ બનાવવાનું કહે, તો તેને ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ 498A હેઠળ ‘ક્રૂરતા’ ગણી શકાય નહીં. કોર્ટે માન્યું કે આ બાબતો રોજબરોજના વૈવાહિક જીવનના સામાન્ય ઘર્ષણનો ભાગ છે. આ કેસમાં પત્નીએ પતિ વિરુદ્ધ FIR નોંધાવી હતી કે તેનો પતિ અત્યંત કંજૂસ છે અને ઘરના દરેક નાના-મોટા ખર્ચનો હિસાબ માંગે છે. પત્નીનો આક્ષેપ હતો કે પતિ તેને પૂછ્યા વગર તેના સાસુ-સસરાને પૈસા મોકલે છે. વધુમાં, ડિલિવરી બાદ વજન વધવા બાબતે પતિ તેને ટોણા મારતો હતો અને તેની કાળજી રાખતો નહોતો. આ ફરિયાદોને આધારે પત્નીએ પતિ પર માનસિક ક્રૂરતાનો આરોપ લગાવી ફોજદારી કાર્યવાહીની માંગ કરી હતી.

129 ફ્લાઈટ કેન્સલ, તેજસ-હમસફર સહિત ૩૨થી વધુ ટ્રેન મોડી પડી

# દિલ્હીમાં ગાઢ ધુમ્મસ અને ફ્લાઈટ-ટ્રેન સેવા ખોરવાઈ: જનજીવન અસ્તવ્યસ્ત

(એજન્સી) નવી દિલ્હી | તા. 20

દિલ્હી-એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં શનિવારે સવારે ગાઢ ધુમ્મસની ચાદર છવાઈ જતાં પરિવહન સેવાઓ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે. દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય (IGI) એરપોર્ટ પર ઓછી વિઝિબિલિટીને કારણે અત્યાર સુધીમાં ૧૨૯ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે, જ્યારે ૩૨થી વધુ લાંબા અંતરની ટ્રેનો ૪ થી ૯ કલાક મોડી ચાલી રહી છે. હવામાન વિભાગ (IMD) એ દિલ્હીમાં ‘ઓરેન્જ એલર્ટ’ જાહેર કર્યું છે, કારણ કે સવારે પાલમ અને સફદરજંગ જેવા વિસ્તારોમાં દૃશ્યતા (Visibility) ઘટીને શૂન્યથી ૫૦ મીટર સુધી પહોંચી ગઈ હતી.

## ફ્લાઈટ સર્વિસ પર મોટો ફટકો: એરપોર્ટ પર મુસાફરો ફસાયા

ધુમ્મસને કારણે વિમાની સેવા પર સૌથી વધુ અસર પડી છે. દિલ્હી એરપોર્ટ પર અત્યાર સુધીમાં ૬૬ અરાઈવલ અને ૬૩ ડિપાર્ચર ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. એરલાઈન્સ કંપનીઓ જેવી કે ઈન્ડિગો, એર ઈન્ડિયા અને સ્પાઈસજેટે મુસાફરો માટે એડવાઈઝરી જારી કરી છે. વિમાનોને લાંબા સમય સુધી ટેક્સીવે પર રાહ જોવી પડી રહી છે, અને ઘણા ડાયવર્ઝન પણ જોવા મળ્યા



છે. દેહરાદૂન એરપોર્ટ દ્વારા પણ ઓછી વિઝિબિલિટીના કારણે કામગીરી પ્રભાવિત થવાની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને બિહારના મેદાની વિસ્તારોમાં આગામી ૪૮ કલાક સુધી ગાઢ ધુમ્મસ જારી રહેશે. બીજી તરફ, પહાડી વિસ્તારોમાં થયેલી હિમવર્ષાને કારણે લઘુત્તમ તાપમાનમાં ૬-૮ ડિગ્રી સુધીનો ઘટાડો નોંધાયો છે. દિલ્હીમાં પ્રદૂષણનો આંક (AQI) પણ ૩૮૦ની ઉપર એટલે કે ‘અતિ ખરાબ’ શ્રેણીમાં પહોંચી ગયો છે, જે સ્વાસ્થ્ય માટે જોખમી સાબિત થઈ રહ્યો છે.

અખિલેશ યાદવ અને કોડીન સિરપ વિવાદ

# “માફિયા પછી ભલે સપાનો હોય, તેની સામે પણ કડક કાર્યવાહી કરો”

(એજન્સી) લખનૌ | તા. 20

ઉત્તર પ્રદેશમાં નકલી કોડીન સિરપ રેકેટને લઈને રાજકારણ તેના સર્વોચ્ચ શિખરે પહોંચ્યું છે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે શનિવારે એક પ્રેસ કોન્ફરન્સ યોજીને યોગી સરકાર અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. અખિલેશ યાદવે દાવો કર્યો હતો કે આ આંતરરાષ્ટ્રીય સ્તરનું કૌભાંડ છે અને તેનો ઉદ્દભવ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય મતક્ષેત્ર વારાણસીથી થયો છે. તેમણે ભાજપ પર વાસ્તવિક તથ્યો છુપાવવાનો અને વિરોધ પક્ષોને બદનામ કરવાનો આરોપ લગાવ્યો હતો.

અખિલેશ યાદવે જણાવ્યું હતું કે, “આ કોઈ ૧૦૦ કે ૨૦૦ કરોડનો મામલો નથી. આ તો ૭૦૦ થી વધુ કંપનીઓનું જાળું છે અને વ્યવહારો હજારો કરોડ રૂપિયાના છે. આ એક આંતરરાષ્ટ્રીય મુદ્દો છે.” તેમણે સરકારને પડકાર ફેંકતા કહ્યું કે, જો સરકાર માફિયાઓ વિરુદ્ધ હોવાનો દાવો કરતી હોય, તો આ રેકેટમાં સામેલ તમામ ‘કોડીન ભૈયા’ (માફિયાઓ) પર બુલડોઝર ચલાવવું જોઈએ, પછી ભલે તે માફિયા સમાજવાદી પાર્ટીનો કેમ ન હોય.

## ફોટાના રાજકારણ પર આકરો પલટવાર

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અગાઉ આક્ષેપ કર્યો હતો કે રાજ્યના દરેક માફિયાના તાર સમાજવાદી પાર્ટી સાથે જોડાયેલા છે. આના જવાબમાં અખિલેશ યાદવે કહ્યું, “જો કોઈની સાથે ફોટામાં દેખાવાથી તે વ્યક્તિ માફિયા બની જતી હોય, તો મારી પાસે પણ મુખ્યમંત્રી, બંને નાયબ મુખ્યમંત્રીઓ અને અનેક ભાજપના નેતાઓ સાથેના ફોટા છે. તો પછી માફિયા કોણ ગણાશે?” તેમણે આક્ષેપ કર્યો કે ભાજપ પસંદગીના ફોટાઓનો ઉપયોગ કરીને જનતાને ગેરમાર્ગે દોરી રહી છે.

# યુવરાજ સિંહ અને સોનુ સૂદની સંપત્તિ જપ્ત: ઈડીએ 1XBet કેસમાં લીધું મોટું એક્શન



નવી દિલ્હી | ED એ ઓનલાઈન બેટિંગ પ્લેટફોર્મ ‘1XBet’ વિરુદ્ધ ચાલી રહેલી મની લોન્ડરિંગની તપાસમાં એક મોટો ધડાકો કર્યો છે. ઈડીએ શનિવારે ભારતના પૂર્વ ક્રિકેટર યુવરાજ સિંહ, રોબિન ઉથપ્પા, અભિનેતા સોનુ સૂદ અને તૃણમૂલ કોંગ્રેસના પૂર્વ સાંસદ મિમિ ચક્રવર્તી સહિત અનેક જાણીતી હસ્તીઓની અંદાજે ૮ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે. એજન્સીનો આરોપ છે કે આ સેલિબ્રિટીઝે ગેરકાયદેસર સટ્ટાબાજીના પ્લેટફોર્મને પ્રોત્સાહન આપીને કમાણી કરી હતી, જે કાયદાકીય રીતે ગુનો છે. ‘1XBet’ એ એક આંતરરાષ્ટ્રીય બેટિંગ પ્લેટફોર્મ છે, જેના પર ટેક્સ ચોરી અને ગેરકાયદેસર મની લોન્ડરિંગના ગંભીર આરોપો છે. ઈડીની તપાસમાં બહાર આવ્યું છે કે આ કંપની વિદેશી સંસ્થાઓ દ્વારા પેમેન્ટ કરીને ભારતીય સેલિબ્રિટીઝ પાસે પ્રમોશન કરાવતી હતી. સેલિબ્રિટીઝને જાણ હોવા છતાં કે આ એપ ભારતમાં ગેરકાયદેસર છે, તેમણે કરોડો રૂપિયાના કરારો કર્યા હતા.

બિહારમાં સૌથી વધુ 1 કરોડ નામ હટ્યા; ટોચના 6 રાજ્યોમાં UP-MP અને બંગાળ

# 5 વર્ષમાં મનરેગાના 4.43 કરોડ જોબ કાર્ડ ડિલીટ

(એજન્સી) નવી દિલ્હી | તા. 20

કેન્દ્ર સરકારે શુક્રવારે રાજ્યસભામાં જણાવ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા) હેઠળ દેશભરમાં 4.43 કરોડ જોબ કાર્ડ રદ કરવામાં આવ્યા છે. તેમાં સૌથી વધુ બિહારમાં 1.04 કરોડ કાર્ડ ડિલિટ થયા છે.

બીજા નંબરે યુપી છે, જ્યાં 90.4 લાખ જોબ કાર્ડ રદ કરવામાં આવ્યા છે. મંત્રાલયે જણાવ્યું કે કુલ રદ કરાયેલા જોબ કાર્ડમાં બિહાર અને ઉત્તર પ્રદેશનો હિસ્સો 44% છે. બિહાર-યુપી ઉપરાંત, જે 4 રાજ્યોમાં સૌથી વધુ જોબ કાર્ડ ડિલિટ કરવામાં આવ્યા છે, તેમાં ઓડિશા, મધ્ય પ્રદેશ, પશ્ચિમ બંગાળ અને રાજસ્થાનનો સમાવેશ થાય છે.

આ માહિતી ગ્રામીણ વિકાસ રાજ્ય મંત્રી કમલેશ પાસવાને રાજ્યસભામાં સાંસદ તિરુચિ શિવાના પ્રશ્નના લેખિત જવાબમાં આપી હતી.




મંત્રીએ જણાવ્યું કે જેટલા પણ જોબ કાર્ડ ડિલિટ થયા હતા, તે નકલી, ડુપ્લિકેટ અથવા ખોટી માહિતીવાળા કાર્ડ હતા અને આ પ્રક્રિયા નિયમિતપણે કરવામાં આવે છે.

મંત્રીએ જણાવ્યું કે જે પરિવારોએ કાયમી ધોરણે સ્થળાંતર કર્યું છે, જે ગ્રામ પંચાયતોનું શહેરીકરણ થઈ ગયું છે અથવા જે પરિવારોમાં જોબ કાર્ડનો એકમાત્ર સભ્ય મૃત્યુ પામ્યો છે, તેવા કિસ્સાઓમાં પણ કાર્ડ ડિલિટ કરવામાં આવ્યા છે.

સરકારે જણાવ્યું કે આ પ્રક્રિયાને પારદર્શક બનાવવા માટે 25 જાન્યુઆરી 2025ના રોજ એક માનક સંચાલન પ્રક્રિયા (SOP) જારી કરવામાં આવી હતી. કેન્દ્રના મતે, જો કોઈ પણ પ્રકારનું કન્ફ્યુઝન હોય તો આ SOP જોઈ શકાય છે. આ મુદ્દે સંસદ પરિસરમાં વિપક્ષે વિરોધ પ્રદર્શન કર્યું. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ અન્ય વિપક્ષી નેતાઓ સાથે મળીને મનરેગા સંબંધિત VB G RAM G બિલ સામે પ્રદર્શન કર્યું.

તેમણે કહ્યું કે મનરેગાને નબળું પાડવું કરોડો લોકોના રોજગાર અધિકાર પર અસર કરે છે. જ્યારે, તૃણમૂલ કોંગ્રેસના સાંસદોએ પણ બિલના વિરોધમાં સંસદ પરિસરમાં રાતભર ધરણા કર્યા.

નવા બિલમાં કહેવામાં આવ્યું છે કે તેનો ઉદ્દેશ્ય ‘વિકસિત ભારત 2047’ના રાષ્ટ્રીય વિઝન અનુસાર ગ્રામીણ વિકાસનું નવું માળખું તૈયાર કરવાનો છે.

### મનરેગાનું નામ VB-જી રામ જી કરવાવાળું બિલ બંને સદનોમાં પાસ

1થી 19 ડિસેમ્બર સુધી ચાલેલા સંસદના શિયાળુ સત્રમાં મનરેગાનું નામ બદલીને ’વિકસિત ભારત-ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ), 2025’ (VB-જી રામ જી) કરવાવાળું બિલ પાસ થઈ ગયું. કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે તેને સંસદમાં રજૂ કર્યું હતું.

આ બિલ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદા (MGNREGA)ને બદલશે.

ભારતીય ઈંડા આંતરરાષ્ટ્રીય સ્તરે સુરક્ષિત

# ઈંડા સુરક્ષિત છે: FSSAI નો મોટો ખુલાસો અને અફવાઓ પર વિરામ

(એજન્સી) નવી દિલ્હી | તા. 20

ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક સત્તામંડળ (FSSAI) એ શનિવારે દેશભરમાં ઈંડાના સેવન અંગે ફેલાયેલી આશંકાઓ અને ભયને દૂર કરતા મોટી જાહેરાત કરી છે. FSSAI એ સ્પષ્ટપણે જણાવ્યું છે કે ભારતમાં ઉપલબ્ધ ઈંડા માનવ વપરાશ માટે સંપૂર્ણપણે સુરક્ષિત છે. ઈંડા ખાવાથી કેન્સર થાય છે તેવા તાજેતરના અહેવાલો ભ્રામક, અવૈજ્ઞાનિક અને જનતામાં બિનજરૂરી ગભરાટ પેદા કરનારા છે.

છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા અને કેટલાક મીડિયા અહેવાલોમાં એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે ઈંડામાં ‘નાઈટ્રોફ્યુરન મેટાબોલાઈટ્સ’ (AOZ) જેવા કેન્સર પેદા કરતા તત્વો જોવા મળ્યા છે. આ અહેવાલો બાદ લોકોમાં ઈંડા ખાવા અંગે ડર પેદા થયો હતો. આ બાબતે સ્પષ્ટતા કરતા FSSAI એ કહ્યું કે ૨૦૧૧ના ફૂડ સેફ્ટી રેગ્યુલેશન્સ હેઠળ મરઘાં ઉછેર અને ઈંડાના ઉત્પાદનના કોઈપણ તબક્કે નાઈટ્રોફ્યુરનનો ઉપયોગ સખત રીતે પ્રતિબંધિત છે. FSSAI અધિકારીઓએ સમજાવ્યું કે, નિયમનકારી અમલીકરણ માટે નાઈટ્રોફ્યુરન મેટાબોલાઈટ્સ માટે ૧.૦ ug/kg ની મર્યાદા (EMRL) નક્કી કરવામાં આવી છે. આનો અર્થ એ નથી કે આ તત્વના ઉપયોગની મંજૂરી છે. આ તો માત્ર આધુનિક પ્રયોગશાળાઓ દ્વારા શોધી શકાય તેવું લઘુત્તમ સ્તર છે. જો કોઈ ઈંડામાં આ મર્યાદાથી ઓછું સ્તર જોવા મળે, તો તેનો અર્થ એ નથી કે ખાદ્ય સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન થયું છે અથવા તેનાથી સ્વાસ્થ્યને કોઈ જોખમ છે.

## નવી SIR યાદી પ્રમાણે અમદાવાદના ઘાટલોડિયામાં સૌથી વધુ જ્યારે બાપુનગરમાં સૌથી ઓછા મતદાર

અમદાવાદ જિલ્લાની નવી ડ્રાફ્ટ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) જાહેર કરવામાં આવી છે, જેમાં જિલ્લાની વિવિધ બેઠકોના મતદારોના આંકડામાં મોટો ફેરફાર જોવા મળ્યો છે. નવી યાદી મુજબ, મુખ્યમંત્રીની બેઠક ગણાતી ઘાટલોડિયા વિધાનસભામાં સૌથી વધુ મતદારો નોંધાયા છે, જ્યારે બાપુનગર વિધાનસભા બેઠક મતદારોની સંખ્યાની દ્રષ્ટિએ સૌથી નાની સાબિત થઈ છે. મતદાર યાદીના આંકડાકીય વિશ્લેષણ મુજબ અમદાવાદની બેઠકોની સ્થિતિ નીચે મુજબ છે.


# સિટી એક્સપ્રેસ

SUNDAY 21 DECEMBER-2025

AHMEDABAD


## ગીર સોમનાથમાં એક સાથે 176 પોલીસ કર્મચારીઓની બદલી

ગીર સોમનાથમાં એક સાથે 176 પોલીસ કર્મચારીઓની સાગમટે બદલી થતાં પોલીસ બેડામાં ખળભળાટ મચ્યો છે. જિલ્લા પોલીસ વડા દ્વારા સામૂહિક બદલીના આદેશ પારિત કરવામાં આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર વર્ષોથી એક જ જગ્યાએ બજાવતા તેમજ ત્રણ વર્ષથી વધુ સમયગાળો પૂર્ણ કરનાર પોલીસકર્મીની જાહેર હિતનો ઉલ્લેખ કરી બદલી કરવામાં આવી છે.

જિલ્લાનું પોલીસ તંત્ર વધુ સુગમ અને પારદર્શક બને તેમજ એક જગ્યાએ ઘણા વર્ષોથી અડિંગો જમાવીને બેઠેલા પોલીસ કર્મચારીઓ પર લગામ લાગે તે હેતુથી બદલીનો ધાણવો થયો છે.



### અમદાવાદમાં પોલીસકર્મીએ મહિલાને લાફા મારી લોહી કાઢ્યું; મહિલાએ પોલીસકર્મીને ગાળો દીધી હોવાનો વીડિયો સામે આવ્યો

# સંઘવીની નાગરિકો સાથે સારા વર્તનની સલાહ 24 કલાક ના ટકી




(એજન્સી) અમદાવાદ | તા. 20

અમદાવાદ શહેરમાં ગત અઠવાડિયે પોલીસકર્મચારીઓએ એક વાહનચાલકને માર માર્યાનો બનાવ સામે આવ્યો હતો. એ બાદ બીજો એક બનાવ સામે આવ્યો છે, જેમાં એક મહિલાથી પોલીસનું આઈડી કાર્ડ નીચે પડી જતાં પોલીસકર્મચારીએ મહિલાને લાફા માર્યા હતા. મહિલાને એટલી હદ સુધી લાફા માર્યા હતા કે તેમની આંખ બાજુથી લોહી નીકળવા લાગ્યું હતું. આ અંગે મહિલા જ્યારે પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા પહોંચી ત્યારે પાલડી પોલીસ સ્ટેશનના પીએસઆઈ અને પીઆઈએ મહિલાની ધમકાવીને ફરિયાદ લેવાની ના પાડી હતી છતાં મહિલા મોડીરાત સુધી પોલીસ સ્ટેશનમાં બેઠી અને અરજી આપી હતી. આ કેસમાં હવે પીડિત મહિલાએ પોલીસકર્મીને ગાળો દીધી હોવાનો એક વીડિયો પણ સામે આવ્યો છે..

તો અન્ય એક બનાવમાં ગૃહમંત્રી હર્ષ સંઘવીના શહેર સુરતથી પણ પોલીસના ગેરવર્તનનો એક નિંદનીય કિસ્સો સામે આવ્યો છે. ઉમરા પોલીસ સ્ટેશનના એક કોન્સ્ટેબલની આ સમગ્ર ગેરવર્તણૂક દુકાનમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે મોડીરાત્રે દુકાન ખુલ્લી રાખવા બદલ વેપારીને કાયદેસરની સમજૂતી આપવાને બદલે અથવા કાયદાકીય કાર્યવાહી કરવાને બદલે કોન્સ્ટેબલ સીધો જ વેપારી પર હાથ ઉપાડે છે.

CCTV ફૂટેજમાં જોવા મળતી આ ઘટનામાં કોન્સ્ટેબલ દુકાનદારને એક જોરદાર લાફો મારે છે અને ત્યાર બાદ ત્યાં હાજર અન્ય વ્યક્તિ સાથે પણ મારપીટ કરી તેને ધક્કો મારે છે, જોકે વેપારીએ નિયમનો ભંગ કરી મોડીરાત સુધી દુકાન ચાલુ રાખી હતી, પરંતુ પોલીસ દ્વારા કાયદાનું પાલન કરાવવાને બદલે સરેઆમ મારપીટ કરવી એ ગંભીર સવાલ ઊભા કરે છે. આ ઘટના બાદ સ્થાનિક વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, ત્યારે ભાસ્કરે ભોગ બનનાર વેપારી સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો હતો, જોકે ભયના માર્યા ભોગ બનનાર વેપારી હજુ સુધી અધિકૃત રીતે સામે આવ્યો નથી.

18 ડિસેમ્બર, 2025એ અમદાવાદમાં ખાખી ભવનના લોકાર્પણ કાર્યક્રમમાં ગુજરાતના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદ પોલીસને સલાહ આપતાં જણાવ્યું હતું કે પોલિસિંગ એવી થવી જોઈએ કે ગુનેગારોના પગ ધ્રૂજવા જોઈએ.

### મને એક ફેટ મારી જેથી આંખ પરથી લોહી નીકળવા લાગ્યું

એમને મને હાથ લગાવ્યો એટલે મેં કહ્યું કે મને હાથ કેમ લગાવ્યો? મને બહુ અનકમ્ફર્ટેબલ થવા લાગ્યું હતું. એમને જોરથી મારો હાથ પકડ્યો હતો. આ દરમિયાન અમારી વચ્ચે તું તારી થઈ જેથી તેમણે મને ગુસ્સામાં આવીને ગાલ પર લાફો મારી દીધો હતો જેનાથી મારા કાન સૂન થઈ ગયા હતા. મને ખબર હતી કે પોલીસ મારી શકે નહીં જેથી મેં વીડિયો ઉતારવાનું શરૂ કર્યું તો તેમણે મને એક ફેટ મારી જેના કારણે મારી આંખનો ઉપરથી લોહી નીકળવા લાગ્યું હતું.

મને માર્યું જેથી મેં 112માં ફોન કર્યો હતો.112ને હું જ્યારે ફોન કરતી હતી ત્યારે એ પોલીસવાળાએ મને કહ્યું કે પોલીસને બોલાવી હોય તો બોલાવી લો કારણ કે પોલીસ મારી વિરુદ્ધ ફરિયાદ નહીં લે. મને બહુ જ બીક લાગી હતી અને બહુ જ ગુસ્સો આવ્યો હતો. જે બાદ એમણે પણ વીડિયો ઉતારવાના ચાલુ કર્યા હતા.

**ન્યુઝ બ્રિફ**

### રાજ્યમાં સવારે અને રાત્રે કડકડતી ઠંડી, અમરેલીમાં 12 ડિગ્રી

અમદાવાદ | રાજ્યમાં હવે ઠંડીનો પારો વધ્યો હોય તેવું લાગી રહ્યું છે. વહેલી સવારે અને રાત્રે કડકડતી ઠંડી અનુભવાઈ રહી છે. સૌથી વધુ ઠંડી અમરેલીમાં જોવા મળી હતી. વેસ્ટર્ન ડીસ્ટર્બન્સના કારણે ઉત્તર તરફથી ફૂંકાવાના કારણે ઠંડીમાં વધારો થયો છે. આગામી 2 દિવસ ઠંડીનો પારો યથાવત રહે તેવી શક્યતા છે. સૌથી ઓછું લઘુતમ તાપમાન અમરેલીમાં નોંધાયું હતું. અમરેલીમાં 12 ડિગ્રી સેલ્સિયસ સાથે અમરેલી સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. અમરેલી બાદ દીવમાં 13 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. ત્યારબાદ વડોદરામાં 13.2 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. સૌથી ઠંડુ રહેતું શહેર નલિયાને પાછળ પાડી અમરેલી, દીવ અને વડોદરામાં ઠંડી વધી. નલિયામાં 14 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું.અમદાવાદમાં 14.8 ડિગ્રી સેલ્સિયસ અમરેલીમાં 12 ડિગ્રી સેલ્સિયસ વડોદરામાં 13.2 ડિગ્રી સેલ્સિયસ ભાવનગરમાં 14.6 ડિગ્રી સેલ્સિયસ ભુજમાં 17.9 ડિગ્રી સેલ્સિયસ ડીસામાં 14.5 ડિગ્રી સેલ્સિયસ દીવમાં 13 ડિગ્રી સેલ્સિયસ દ્વારકામાં 19 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

### મિરઝાપુરના પેટ્રોલ પંપમાંથી મહિલા કર્મચારીએ ચોરી કરી

અમદાવાદ | પેટ્રોલ પંપ પર નોકરી કરતી મહિલા કર્મચારીએ થોડા દિવસ અગાઉ કેશરૂમમાં જઈને 80 હજાર રૂપિયાની ચોરી કરી હતી. ચોરી કર્યા બાદ મહિલા નોકરી પર જવાનું બંધ કરી દીધું હતું. મેનેજરે હિસાબ કરતા ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. મેનેજરે મહિલા વિરુદ્ધ શાહપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. મિરઝાપુર કોર્ટની બાજુમાં આવેલા પેટ્રોલ પંપ પર આસિફ મન્સૂરી મેનેજર તરીકે ફરજ બજાવે છે. 4 ડિસેમ્બરે આસિફે કેશરૂમમાં જઈને ગણતરી કરી ત્યારે વકરા કરતા 80 હજાર રૂપિયા ઓછા હતા, જેથી આસિફે કેશરૂમના સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતા. ત્યારે સીસીટીવી ફુટેજમાં બપોરની શિફટમાં કામ કરતી મહેરાજબાનું અંસારી અલગ અલગ રકમમાંથી ચોરી કરી હતી. ચોરી કર્યા બાદ મહેરાજબાનુએ નોકરી પર આવવાનું બંધ કરી દીધું હતું. થોડા સમય સુધી રાહ જોયા બાદ મહેરાજબાનું પરત ન આવતા આસિફે શાહપુર પોલીસ સ્ટેશનમાં મહેરાજ વિરુદ્ધ ચોરીની ફરિયાદ નોંધાવી છે.

### ગુજરાતમાં આવેલા વાઘ માટે વાઘણ લાવવાની તૈયારી

# રતનમહાલમાં 9 મહિનાથી એક વાઘનો વસવાટ, અહીં જ રોકાય જાય તે માટેના પ્રયાસો હાથ ધરાયા



### ગુજરાતના વનવિભાગે NTCAને પત્ર લખ્યો

વન વિભાગ દ્વારા આ સમગ્ર મુદ્દે NTCA (નેશનલ ટાઈગર કન્સર્વેશન ઓથોરિટી)ને પત્ર લખી જાણ કરવામાં આવી છે. NTCA હવે રતનમહાલમાં વાઘની વસતી વધારવા માટે એક વાઘણ મોકલવાની શક્યતાઓ પર કામ કરી રહી છે. આ માટે પાડોશના ત્રણ રાજ્યોમાંથી એક રાજ્યમાંથી ઉચ્ચ જિનેટિક ગુણવત્તાવાળી વાઘણ પસંદ કરવાની પ્રક્રિયા હાથ ધરાશે.

ગુજરાત | ગુજરાતના રતનમહાલ અભ્યારણ્યમાં છેલ્લા નવ મહિનાથી એક વાઘે વસવાટ કર્યો છે. ગુજરાત વનવિભાગની ટીમ સતત તેનું મોનિટરીંગ કરી રહી છે અને ખોરાક માટેની જરુરી વ્યવસ્થા પણ કરી રહી છે. આગામી દિવસોમાં વાઘ અહીં કાયમી વસવાટ કરે તે માટેના પ્રયાસો પણ હાથ ધરવામાં આવ્યા છે. આ બાબતે ગુજરાત વનવિભાગ દ્વારા નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી ( NTCA)ને જાણ કરવામાં આવી છે. NTCA હવે રતનમહાલમાં વાઘની વસતી વધારવા માટે એક વાઘણ મોકલવાની શક્યતાઓ પર કામ કરી રહી છે.

ગુજરાત વનવિભાગના અધિકારી જયપાલ સિંઘે દિવ્ય ભાસ્કરની વાતચીતમાં જણાવ્યું હતું કે, રતનમહાલમાં પૂરતું પાણી, શિકાર અને કુદરતી આવાસ ઉપલબ્ધ હોવાથી વાઘ અહીં નિર્ભય રીતે રહી રહ્યો છે. વાઘની ગતિવિધિઓ, સ્વાસ્થ્ય અને વર્તન પર સતત નજર રાખવામાં આવી રહી છે. સાથે સાથે તેને કાયમી રીતે અહીં જ રોકી શકાય તે માટે રાજ્ય સરકાર અને વન વિભાગ સક્રિય બન્યા છે.

આ વાઘ પાછો જતો રહે તે પહેલા તેની વસતી વધારવાની દિશામાં મહત્વનું આયોજન થઈ રહ્યું છે. વાઘ માટે ચિતલ, સાંભર જેવા શિકારની સંખ્યા વધારવાના પગલાં લેવામાં આવ્યા છે. એટલું જ નહીં, ગુજરાતમાં 'ટાઈગર્સ આઉટસાઈડ ટાઈગર રિઝર્વ' પ્રોજેક્ટ અંતર્ગત રતનમહાલ જેવી સેન્ચ્યુરીને વિકસાવવાની તૈયારી પણ હાથ ધરાઈ છે.

છેલ્લા થોડા દિવસથી બીજો વાઘ પણ રતનમહાલના જંગલમાં ફરતો હોવાનું ચર્ચાઈ રહ્યું હતું જે બાબતે જયપાલ સિંઘ એ જણાવ્યું કે, બીજો કોઈ વાઘ નથી આવ્યો જે વાઘ જંગલમાં છે તેને જ બધા બીજો વાઘ કહી રહ્યા છે અને જે પગલા દેખાયા છે તે તેના જ પગલા હોવાનું માલૂમ થયું છે. જેથી હાલમાં રતનમહાલના જંગલમાં એક જ વાઘ છે.

### અમદાવાદ એરપોર્ટ પર 15 ફ્લાઈટ્સ કેન્સલ અને 24 ફ્લાઈટ ડિલે

# ગાઢ ધુમ્મસ અને ઓછી વિઝીબીલીટીને કારણે અરાઈવલ અને ડિપાર્ચર ફ્લાઈટને અસર



(એજન્સી) અમદાવાદ | તા. 19

અમદાવાદ શહેરના મોટાભાગના વિસ્તારો ધુમ્મસની ઝપેટમાં છે. શિયાળુ હવામાનના કારણે ગાઢ ધુમ્મસથી અમદાવાદ એરપોર્ટ પરની 15 ફ્લાઈટ કેન્સલ અને 24 ડીલે થઈ હતી. દિલ્હીના કારણે અમદાવાદ એરપોર્ટ પર આજે સવારથી ઘણી ફ્લાઈટ્સ રદ થઈ ગઈ છે. ઘણી કલાકો મોડી ચાલી રહી છે. એર ઈન્ડિયા, ઈન્ડિગો અને સ્પાઈસજેટ જેવી ઘણી એરલાઈન્સની અનેક ફ્લાઈટ કેન્સલ અને ડીલે થઈ છે.

દિલ્હીમાં ઓછી વિઝિબિલિટીને કારણે કેટલીક ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. ધુમ્મસને કારણે અમદાવાદ એરપોર્ટ પર વિઝિબિલિટી ખૂબ ઓછી રહી ગઈ હતી. જેના કારણે આજે અમદાવાદ એરપોર્ટ પરની કુલ 15 ફ્લાઈટ્સ રદ કરવી પડી. અને 24 ફ્લાઈટ મોડી પડી. આજે હવાઈ મુસાફરીને લઈને મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વિવિધ એરલાઈન્સની અનેક ફ્લાઈટ્સ કેન્સલ અને ડિલે થવાના કારણે એરપોર્ટ પર અફરાતફરીનો માહોલ સર્જાયો છે.

ફ્લાઈટ્સ કેન્સલ અને મોડું થવાને કારણે મુસાફરોને લાંબી રાહ જોવી પડી રહી છે. એરલાઈન્સ દ્વારા ઈન્ડિગો એરલાઇને એડવાઈઝરી જાહેર કરી છે. ઈન્ડિગોએ જણાવ્યું છે કે આજે સવારે દિલ્હીમાં ગાઢ ધુમ્મસના કારણે વિસિબીલીટી ભારે ઘટાડો થયો છે, જેના કારણે ફ્લાઈટ કામગીરી પર અસર પડી છે.

બીજી તરફ, એર ઈન્ડિયાએ પણ એડવાઈઝરી જાહેર કરી છે. એર ઈન્ડિયાના જણાવ્યા અનુસાર ગાઢ ધુમ્મસના કારણે દિલ્હી અને ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં નબળી વિઝિબિલિટી જોવા મળી રહી છે, જેના કારણે ફ્લાઈટ કામગીરી અસરગ્રસ્ત બની છે. મુસાફરોને એરપોર્ટ જતાં પહેલા તેમની ફ્લાઇટની સ્થિતિ તપાસવાની સલાહ આપવામાં આવી છે. ઈન્ડિગો અને એર ઈન્ડિયા ઉપરાંત અન્ય અનેક એરલાઈન્સે પણ આવી જ પ્રકારની એડવાઈઝરી જાહેર કરી છે.

## 6 લાખના MD ડ્રગ્સ સાથે આરોપી ઝડપાયો : NDPS કોર્ટે મોહમ્મદ ફારુક મેમણને 12 વર્ષની કેદ અને 2 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો

(એજન્સી) અમદાવાદ | તા. 20

વર્ષ 2022માં અમદાવાદ DCB પોલીસ મથકે અમદાવાદના રહેવાસી આરોપી મોહમ્મદ ફારુક મેમણ અને જાવેદશા સામે NDPS એક્ટ અંતર્ગત ગુનો નોંધાયો હતો. જેમાં કોર્ટે આરોપી મોહમ્મદ ફારુક મેમણને 12 વર્ષની કેદ અને 2 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

કેસને વિગતે જોતા પોલીસને પેટ્રોલિંગ કરતા બાતમી મળી હતી કે અમદાવાદના CTM પાસે એક સ્વિફ્ટ ગાડીમાં આરોપી મોહમ્મદ ફારુક મેમણ એમડી ડ્રગ્સનું વેચાણ કરી રહ્યો છે. જેથી પોલીસે પંચો સાથે આરોપીને કોર્ડન કરીને તેની તપાસ કરતા, આરોપી



પાસેથી 6.07 લાખની કિંમતનું 60.700 ગ્રામ MD ડ્રગ્સ મળી આવ્યું હતું. તેનું કહેવું હતું કે તે જાવેદશા પાસેથી ડ્રગ્સ લાવ્યો હતો.

આરોપીઓ સામે અમદાવાદ સિટી સેશન્સ કોર્ટ ખાતે આવેલી NDPSની વિશેષ અદાલતમાં કેસ ચાલી જતા સરકારી વકીલ દિલીપસિંહ.એમ.ઠાકોરની દલીલો, સાહેદો અને પુરાવા તપાસીને જજ વી.બી. રાજપૂતે આરોપી મોહમ્મદ ફારુક મેમણને 12 વર્ષની સખત કેદ અને કુલ 5 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

## જેલમાં પાકા કામના કેદીની બેરેકમાંથી મોબાઈલ મળ્યો : બંધ બાથરૂમની લાદીમાં સંતાડાયો હતો

અમદાવાદ | અમદાવાની સાબરમતી જેલમાં પાકા કામના કેદીની બેરેકમાં લાદી નીચે સંતાડેલો મોબાઈલ ફોન મળી આવતા જેલની સુરક્ષાને લઈને સવાલ ઉઠ્યા છે. મોબાઈલ ફોનમાં સીમકાર્ડ ન હોય કોનો છે તે સામે આવ્યું નથી. અજાણ્યા કેદી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. સાબરમતી સેન્ટ્રલ જેલમાં ઝડતી જેલર તરીકે ફરજ બજાવતા મોહસીન પઠાણને બાતમી મળી હતી જેના આધારે જૂની જેલમાં બડા ચક્કરમાં 44 નંબરની યાર્ડમાં તપાસ કરવામાં આવી રહી હતી.આ તપાસ દરમિયાન બંધ બાથરૂમમાં લાદી તોડવામાં આવી હતી ત્યારે નોકિયા કંપનીનો ફોન મળી આવ્યો હતો.આ ફોનમાં કોઈ સીમકાર્ડ નહોતું જેથી ફોન



કોનો છે તે જાણી શકાયું નથી.જેલર દ્વારા રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે

પાકા કામના કેદીની બેરેકમાંથી મોબાઈલ મળતા જેલ પ્રશાસન પર અનેક સવાલ ઊભા થયા છે.અગાઉ અતિક અહમદે સાબરમતી જેલમાંથી બેઠે બેઠા હત્યા કરાવી હોવાની વાત સામે આવી હતી.

### હાર્દિક પંડ્યાની ગર્લફ્રેન્ડ સાથે અમદાવાદમાં લોંગ ડ્રાઇવ

# બાજુમા બેઠેલી માહિકાએ જ વીડિયો ઉતારી સ્ટોરીમાં પોસ્ટ કર્યો, ITC નર્મદામાં ટીમનું શાનદાર સેલિબ્રેશન..

(એજન્સી) અમદાવાદ | તા. 20

19 ડિસેમ્બરને શુક્રવારના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારતે સાઉથ આફ્રિકાને 30 રનથી હરાવી 5 મેચની T-20 સિરીઝ 3-1થી જીતી લીધી છે. ટીમ ઈન્ડિયાએ સતત 8મી સિરીઝ જીતી છે. આ જીત બાદ ભારતીય ટીમ જ્યારે આઈટીસી નર્મદા હોટલ પરત ફરી ત્યારે ટીમની જીત માટે હોટલના શેફ દ્વારા ખાસ પ્રકારની કેક તૈયાર કરવામાં આવી હતી. અહીં તમામ ક્રિકેટરોએ કેક કાપી જીતની શાનદાર ઉજવણી કરી હતી. હોટલના સેલિબ્રેશનમાં રાજીવ શુક્લા પણ હાજર રહ્યા હતા. રાતે સેલિબ્રેશન બાદ હાર્દિક પંડ્યા ગર્લફ્રેન્ડ માહિકા સાથે અમદાવાદમાં લોંગ ડ્રાઈવ પર નીકળ્યો હતો.

રાત્રિએ હાર્દિક પંડ્યા ગર્લફ્રેન્ડ સાથે અમદાવાદમાં લોંગ ડ્રાઈવ પર નીકળ્યો હતો, વીડિયો સો. મીડિયામાં શેર કર્યો.

આ મેચ દરમિયાન ખાસ હાર્દિક પંડ્યાએ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. હાર્દિક રાત્રિએ જાતે કાર ચલાવીને પોતાની રૂમર્ડ ગર્લફ્રેન્ડ સાથે અમદાવાદમાં લોંગ ડ્રાઈવ પર નીકળ્યો હતો, જેનો વીડિયો પણ સામે આવ્યો છે. મેચ દરમિયાન હાર્દિકે સિક્સર મારતા બોલ કેમેરા ઓપરેટરને વાગ્યો હતો, જેમાં ઈનિંગ્સ પછી હાર્દિક કેમેરા ઓપરેટર પાસે પહોંચ્યો હતો અને વ્યક્તિગત રીતે તેની તબિયત પૂછી અને માફી માગી હતી. આ ઘટનાએ બધાનાં દિલ જીતી લીધાં છે.



### સ્ટેડિયમ બહાર ટીમ ઈન્ડિયા... ટીમ ઈન્ડિયા... ના નારા, પોલીસનું લોકો સાથે ઘર્ષણ

19 ડિસેમ્બરે ઈન્ડિયા અને સાઉથ આફ્રિકા વચ્ચે T20 સિરીઝની અંતિમ અને નિર્ણાયક મેચ અમદાવાદમાં રમાતાં ખાસ ગુજ્જુઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. બપોરથી ટીમ ઈન્ડિયાના ચાહકો મોદી સ્ટેડિયમ જવા નીકળી પડ્યા હતા. આ દરમિયાન લોકો મેટ્રો, બસ, રિક્ષા અને ટેક્સી સહિત પ્રાઈવેટ વાહનોમાં મોદી સ્ટેડિયમ પહોંચ્યા હતા. મોદી સ્ટેડિયમના ગેટ નં. 1થી 100 ફૂટ રોડની બંને સાઈડ પોલીસ દ્વારા બેરિકેટિંગ કરી દેવાતા લોકોને અવરજવર કરવામાં ભારે તકલીફ સહન કરવી પડી હતી.